RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue: 11, Year: 67, February, 2021, Pages: 52, Price Rs. 7.00





આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ



સિલ્ક સાડીઓ માટેનું શ્રેષ્ઠ નામ...
રાજકોટી પટોળા
બંધેજ
સિલ્કની સાડીઓ
ડ્રેસ મટીરીયલ્સ
કુર્તી
મંગલમ
બિમલ શાંતિલાલ શાહ
જવાહર ચોક, સ્વામિનારાયણ મંદિર સામે, સુરેન્દ્રનગર.
ફોન: ૨૨૨૩૯૨ મો. ૯૪૨૭૦ ૬૬૬૭૩, ૯૦૩૩૦ ૮૧૮૦૯
Advt

## સમૃદ્ધ સમાજના નિર્માણ કાજે ઝાલાવાડી સભાની
## શૈક્ષણિક ઉત્કર્ષ યોજના

# ડૉ. ચંદ્રવદન કે વોરા - શ્રીમતિ ઉષાબેન વોરા

વતન વઢવાણ હાલ બોરીવલી તરફથી



ડૉ. ચંદ્રવદન કે વોરા

## ત્રણ લાખ રૂ. નું અનુદાન

૪૦ વર્ષથી અશ્વિનીકુમાર મેડિકલ રિલીફ સોસાયટીના પ્રમુખપદે રહી ૫૦,૦૦૦ થી વધુ ક્ષય રોગીઓની નિ:સ્વાર્થપણે સારવાર કરનાર બોરીવલીના ડૉકટર સી. કે. વોરા આજીવન સેવા સમર્પિત રહ્યા છે.
બોરીવલી સાંસ્કૃતિક કેન્દ્ર ના કમિટી મેમ્બર તરીકે કાર્યરત ઉષાબેન સેવા ના કાર્ય મા સદાય સહભાગી રહ્યા છે.



શ્રીમતિ ઉષાબેન વોરા

**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન - સંસ્થાની શૈક્ષણિક ઉત્કર્ષ યોજના ના દાતાઓ તરફથી તા.૨૫-૧૨-૨૦૨૦ પછી મળેલ રકમની વિગતો.**

| | |
|---|---|
| શ્રી ધીરજલાલ છોટાલાલ કેશવજી શાહ પરિવાર. કાનિયાડ વાળા (હાલ માટુંગા) | ૧૦,૦૦,૦૦૦/- |
| માતુશ્રી કમળાબેન હિંમતલાલ સંઘવી પરિવાર. આણંદપુર વાળા (હાલ માટુંગા) | ૧,૫૦,૦૦૦/- |

# નમ્ર વિનંતી

આદરણીય વડીલો અને મિત્રો,

ઝાલાવાડી સભાએ સાંપ્રત સમયને પારખીને સમૃદ્ધ સમાજના નિર્માણ માટે શૈક્ષણિક ઉત્કર્ષ યોજના હાથ ધરી છે. તમારા સહુની સદ્‌ભાવના નો સ્રોત વહેતો રહે તો જ આપણા સમાજના સંતાનોને ઉચ્ચ અભ્યાસમાં, વિદેશ અભ્યાસમાં આપણે સહાયક થઇ શકીએ. આપણી ખુશીની પળો વહેંચવા માટે આ ઉત્તમ વિકલ્પ છે. આ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવાની શરૂઆત થઇ ગઈ છે. આજ સુધીમાં 35 લાખ રૂપિયા જેટલી રકમ આપી ચૂક્યા છીએ...

આ યોજનામાં સહભાગી થયેલા સહુ દાતાઓએ એમની રકમ પાંચ વર્ષમાં પૂર્ણ કરવાની છે. વ્યસ્ત જીવન વ્યવહારમાં ભૂલાઈ ન જાય તે માટે નમ્ર વિનંતી. આપનું દાન સમયસર જમા કરાવશો.

Techno Color

# Techno Color Corporation

## ★ STAR EXPORT HOUSE

***FACTORY***

C 1B-35, PHASE 1, G.I.D.C. VAPI- 396 195, (GUJARAT), INDIA.
TEL: +91 2421094 / 2426094 / 6535341to 45
FAX: +91-260 - 2400195

# Advent Dyestuffs & Chemicals Pvt. Ltd.

## ★ STAR EXPORT HOUSE

PITRUCHHAYA, SANGHAVI CORPORATE PARK, GOVANDI STATION ROAD,
GOVANDI (E), MUMBAI - 400 088. INDIA
TEL.: +91-22-6153 5031 / 6153 5000 FAX: +91-22-6153 5035

Advt



# KEYURI SHAH

Mobile No. : 7738387646
Email ID :keyurishah20@gmail.com

***Personal Details***

| | |
|---|---|
| Date of Birth | : 28th March 1996 |
| Birth Place | : Malad (Mumbai) |
| Height | : 5'3" |
| Native Place | : Dhangadhra (Gujarat) |
| Religion | : Zalawadi Dasha Shrimali Sthanakwasi Jain |
| Hobbies | : Traveling, Music |

***Education & Profession***

| | |
|---|---|
| Education | : Bachelor's in Optometry<br>Lotus College of Optometry (Parle, Mumbai) |
| Profession | : Optometrist at Lenskart |

***Family Detail***

| | |
|---|---|
| Father | : Hitesh Jashwantlal Shah (9867164329/ 9082434211) |
| Email ID | : shah2064hitesh@gmail.com |
| Business | : Deep Optical Industries |
| Mother | : Dipika Hitesh Shah (9137521585) |
| Younger Sister | : Rajvi Hitesh Shah (*MBA* \| 9137190534) |

***Maternal:***

| | |
|---|---|
| Grandfather | : Late Bipinchandra Vrajlal Gandhi |
| Grandmother | : Late Indira Bipinchandra Gandhi |
| Mama/ Mami | : Aman Bipinchandra Gandhi (9821285869/ 9082284330)<br>Trupti Aman Gandhi |

***Residential Address***

106, Seema Apartment, Narhona Compound, Cross Garden Road, Bhayander (West)

Advt

# પાંચમી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલી



જન્મ :
તા. ૦૮-૦૭-૧૯૩૫

અરિહંતશરણ :
તા. ૨૮-૦૨- ૨૦૧૬

## સ્વ. શ્રી પ્રવીણચંદ્ર વૃજલાલ ગાંધી

વઢવાણ નિવાસી, હાલ બોરીવલી, મુંબઈ

હૃદય અમારું રડી પડે છે, જોઈ તસવીર આપની,
હૈયું માનવા તૈયાર નથી કે હયાતી નથી આપની.
પાંચ વર્ષ વીતી ગયા છતાં અશ્રુ અમારા સૂકાતા નથી,
સદાય હસતો ચહેરો રાખી, ઓચિંતી લીધી વિદાય.
જીવન એવું જીવી ગયા ને મૃત્યુને શોભાવી ગયા.
વ્યવહારમાં કદી ચૂક્યા નથી, ધર્મ કદી ભૂલ્યા નથી.
શ્રદ્ધાંજલિ આપતાં શબ્દો ખૂટે છે, અંજલિ આપતાં હૈયું તૂટે છે.
વારંવાર યાદ આવે છે તસવીર જોઈ આપની.
આપની યાદ ક્યારે પણ ભુલાય તેમ નથી.

**એ જ આજ અમારા સૌના શ્રદ્ધાંજલિનાં પુષ્પો**

**શોકાતુર પરિવાર**

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | ભારતીબેન પ્રવીણચંદ્ર ગાંધી |
| પુત્ર-પુત્રવધૂ | : | મિલન-નીપા, બિરેન-હિના |
| પુત્રી-જમાઈ | : | સુષમા-દીપકકુમાર, પ્રીતિ-નીતિનકુમાર |
| પૌત્ર-પૌત્રી | : | હર્ષિત, કરન, નિધિ, જેનિષા-રાજ શાહ |
| દોહિત્ર-દોહિત્રી | : | અંકિત, સાગર-તાન્યા, પ્રાચી સાગર સંઘવી, વિધિ સ્મિત શાહ |

Advt

**સ્વ. વૃજલાલ શિવલાલ ગાંધી પરિવાર, સ્વ. મનુભાઈ મોહનલાલ સંઘવી પરિવાર**




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

ફેબ્રુઆરી ૨૦૨૧
વર્ષ : ૬૭ : : અંક : ૧૧
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ-૪૦૦ ૦૦૨.
મો. : ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ-૪૦૦૦૧૧. ફોન : ૪૦૦૩૨૪૯૬
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણ વર્ષના રૂપિયા ૪૦૦/-

છૂટક નકલ રૂા. ૭/-

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧-૦૦ થી સાંજના ૭-૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



# પ્રેમ

અનાદિકાળ પહેલાની આ વાત છે.

ધરતીને આકાશ સાથે પ્રેમ થઈ ગયો. ધરતી મનોમન મૂંઝાતી રહી આ પ્રેમ પ્રકટ કરવો કઈ રીતે ? કઈ રીતે કહેવું કે આકાશ ! હું તને ફાટ ફાટ પ્રેમ કરુ છું. મારો પ્રેમ અખૂટ અને અગાધ છે. આ વેદનામાંથી અને સંવેદનામાંથી પુષ્પો પ્રકટ્યા. ધરતીના ફૂલોએ સહજ નજાકતથી માથુ ઊંચુ કર્યુ અને કહ્યુ : આ પ્રેમ છે ! તે દિવસથી પ્રેમને ફૂલની ભાષા મળી ગઈ. કળીઓએ પોતાનું કુંવારું હૃદય ખોલ્યું. આકાશે પણ પ્રેમનો પ્રતિભાવ આપ્યો અને તારાઓને પ્રગટ કર્યા ત્યારથી આ સૃષ્ટિમાં રચાયું ફૂલ અને તારાનું તારામૈત્રક ભમરાઓએ ગુંજનના લયમાં પ્રેમની વાત વહેતી કરી – રંગ ઊઘડતા રહ્યા ને સુગંધ છવાતી રહી.



# ચિંકુનો સવાલ

**રજનીકુમાર પંડ્યા**

'મમ્મા, તું શા માટે ચેનલ બદલી નાખે છે' મને જોવા દેને !''

''નહી બેટા, તું કાર્ટૂન્સ જો.''

''પણ મને તો આ ટીવીમાં બોલે છે એ અંકલની સ્ટોરીઝ સાંભળવી ગમે છે, તું મને એ જોવા દેને પ્લીઝ !'' રડમસ અવાજે ચિંકુ વીનવે છે.

''નહીં, કાર્ટૂન્સ જોને પણ !''

''ના, મને રિમોટ આપને !''

''એકવાર ના કહ્યુંને ! સમજતો કેમ નથી ?''

''ચાલ, જલદી રેડી થઈ જા, હમણાં તારી સ્કૂલ બસ આવશે.''

સ્કૂલ બસમાં બીજાં બાળકોના કોલાહલ વચ્ચે પણ ચિંકુ એના જેવડા મિહિર સાથે વાત કરતો હતો. એને કોલાહલ નડતો નથી.

''તેં જોયું હતું આજે ટીવી ઉપર ''રંગરંગ ?''

''કમ્પ્લીટ'' મિહિર કહે છે : ''છેક લાસ્ટમાં ચોકલેટની એડવાળી બાર્બી આવી ત્યાં સુધી.''

''વાઉ ! શું આવતું હતું એન્ડમાં ?''

જવાબ મળે ત્યાં તો ચાલુ સ્કૂલ બસની ગતિમાં એક બમ્પ આવ્યો. બાળકોને મજા પડી ગઈ. આનંદની કિલકારીઓ કરી.

ચિંકુએ ફરી પૂછ્યું. ''એન્ડમાં શું આવતું હતું કહેને ? ફેરીને એની પાંખો પાછી મળી ગઈ હતી ?''

''હા, ગુલાબી, ગુલાબી, બે પંખા જેવી... પણ'' પણ મિહિરે એની તરફ નજર માંડી. ''તેં નહોતું જોયું ?''

ચિંકુએ કહ્યું : ''જોતો હતો પણ મમ્માએ સડન્લી ચેનલ ચેન્જ કરી નાખી !''

''ઊંહ...મમ્મીઓ બહુ ગાંડી હોય છે. મને પણ ચોકલેટ ડ્રિંક કરાવવી હોય ત્યારે જ જોવા દે છે, પણ છેને તે હું તો મમ્મી આવું કાંઈ કરે એટલે ડેડ પાસે જાઉં, અને રડતાં રડતાં કમ્પ્લેન કરી દઉં.''

ચિંકુ નીચે જોઈ ગયો-બોલ્યો ''પણ મારે ડેડ નથી !''

મિહિર સવાલિયા નજરે સામે જોઈ રહ્યો એટલે ચિંકુએ નીચે જોઈને કહ્યું : ''એ તો બીજે જ રહે છે. મેં તો એમને જોયા પણ નથી.''

બીજે દિવસે...

છેક સાડાચારે જરા ફ્રી થવાયું, ચિંકુ હવે પાંચ વાગે આવશે. થાકેલોપાકેલો ઘેર આવશે. અને નાસ્તો માગશે, મિલ્ક ચોકલેટ પણ, પરંતુ એ પહેલાં સુરેખા બેગ ખોલીને પોતાનાં એજ્યુકેશનલ સર્ટિફિકેટો શોધવા બેસી ગઈ છે. જે એમ ને એમ આ બેગમાં ઠાંસી રાખેલાં. ડિવોર્સને બહુ વખત થયો. હવે એની જરૂર પડવાની છે. એના વગર તો જોબ કેવી રીતે મળવાની ? જૂના અસ્તવ્યસ્ત કાગળો એક એક કરીને હાથમાં આવે છે. ફાઈન ફાઈન. આ બી.એ. અને એમ. એ. નું અકબંધ છેને ! આ સોશ્યલ સાયન્સનું અને આ એક્સ્ટ્રા કરિક્યુલર એક્ટિવિટીઝનું. એની તો ત્રણ, ચાર ઝેરોક્સ પણ આપણે કરાવી રાખી છે. બકુલને કોઈ પણ કાગળની ઝેરોક્સ કઢાવી લેવાનું બહુ ગાંડપણ હતું. બકુલ... બકુલ... લો, એનો જ એક લવલેટર ! એક પરીનું ચિત્ર દોર્યું છે. નીચે લખ્યું છે. મિસિસ બકુલ કોરવાડિયા યાને કી પ્રાઉડ મધર ઓફ અ બેબી બોય/ગર્લ' ઉફ... હસવું પણ આવે અને રડવું પણ આવે આવા કાગળો વાંચીને, ડિવોર્સ થઈ ગયા. નહીં તો હજુ બીજા બચ્ચાનો પ્લાન હતો પણ... આજે છે તે બચ્ચું જરી સમજણું થાય તે પહેલાં તો... ચાલો. ચાલો, જે થવાનું હતું તે થઈ ગયું. હવે એના બહુ વિચારો નહીં કરવાના. કાગળો ફેંદતાં બકુલનો એક પત્ર બસ એમ જ હાથમાં આવે છે. બહુ જૂનો છે... લખે છે કે એક ઈવેન્ટ ઓર્ગેનાઈઝર કંપનીને કોમ્પિયરની જરૂર છે. જેમાં આપણને પૂરી ઓપોર્ચ્યુનિટી દેખાય છે. તું કહે તો ખરી કે મારા જેવું પ્રેઝન્ટેશન કરનારો બીજો કોઈ મેલ કોમ્પિયર મળે એ લોકોને આખા અમદાવાદમાં ?

પણ ત્યાં તો નાનાં નાનાં પગલાંનો પગરવ સંભળાય છે. ચિંકુ આવી ગયો. ચાલો. ટાઈ કાઢો. હાથ-મોં ધોઈને ફ્રેશ થઈ જાઓ. હું કિચનમાં જઈને નૂડલ્સ લઈ આવું છું, ગરમગરમ ચોકલેટ મિલ્ક પણ !

પણ આ શું ? કિચનમાંથી બે હાથમાં બધું લઈને આવી ત્યાં તો ચિંકુએ ટીવી ઓન કરી દીધું ! ''બીજું કાંઈ સૂઝતું જ નથી તને !'' ફરી એનો એ જ શો ! ''રંગરંગ''નું રિપીટ ટેલિકાસ્ટ !''

''જો તો ખરી. મમ્મી, અંકલ કેવી કેવી સરસ સ્ટોરીઝ નેરેટ કરે છે, હેં ? તું બી તો જોને !''

સુરેખાએ એકદમ પ્લેટો ટેબલ પર મૂકી દીધી ! ચિંકુના હાથમાંથી રિમોટ લઈને ટીવી સાવ ઓફ જ કરી દીધું !

ત્રીજે દિવસે... મિહિર ચિંકુને કાનમાં કહેતો હતો. ''મારા ડેડી મને આજે કહેતા હતા કે ટીવી ઉપર 'રંગરંગ'માં રોજ સ્ટોરી કહેનાર અંકલ કોણ છે ખબર છે તને ?''

''કોણ છે કહી દેને મને !''

''મારા ડેડ કહેતા હતા કે એ તારા ડેડી છે !''

✱✱✱

**આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિને...**

## આપણી ભાષા

*આપણા જન્મ્યા પછી*
*એ આપણને*
*વીંટળાઈ રહે છે*
*ઓરની જેમ*
*અને*
*મર્યા પછી*
*સાચવી રાખે છે*
*આપણી ઓળખ*
*આપણી ભાષા.*
*રૂંવે રૂંવે રમે*
*છતાં*
*જાણી નહીં શકીએ એને*
*આપણે કદી*
*પૂરેપૂરી*
*પણ*
*એ તો*
*હળવે હાથે*
*ઠપકારતી ઠપકારતી*
*ઘડતી રહે આપણો ઘાટ*
*આવરી લે આપણને*
*નીંભાડાની જેમ*
*જેટલી ઝીલીએ વરાળ*
*તેટલું*
*પાકે આપણું ઠામ.*
*આપણા ઘડા પરનો*
*રણકતો ટકોરો થવા*
*સદાય આતુર*
*આપણી ભાષા.*

**–રમણીક સોમેશ્વર**

# સરસ્વતી વંદના નું પુનિત પર્વ : વસંતપંચમી



''હે મા શારદા!
તારી પૂજાનું ફૂલ થવા શક્તિ દે.............. હે મા શારદા.
તારા મયૂરનો કંઠ થવા સૂર દે.............. હે મા શારદા.
તુજ મંદિરની જ્ઞાનજ્યોતથી જીવનપંથનું તિમિર ટળે,
હે દેવી! વરદાન જ્ઞાન દે, લેખિનીના લેખ ફળે,
જ્ઞાન દા, ભક્તિ દે .............. હે મા શારદા.
સૂર શબ્દનો પૂર્યો સાથિયો, રંગ ભરી દ્યો મા એમાં,
રગ રગ મધુરવ, રવ પ્રગટાવી પ્રાણ પૂરી દ્યો ગીતલયમાં.
શુભદા પંક્તિ દે .......... હે મા શારદા.
તારા ચરણની ધૂળ થવા ભાગ્ય દે ... હે મા શારદા''

**या कुन्देन्दुतुषारहारधवला या शुभ्रवस्त्रावृत्ता।**
**या वीणा वरदन्डमंडितकरा या श्वेतपद्मासना।।**

''જે મોગરાના ફૂલ, ચંદ્ર અને ઝાકળબિંદુઓની હાર જેવા શ્વેત છે, જેમણે શ્વેત વસ્ત્રો પરિધાન કર્યા છે, જેમના હાથ ઉત્તમ વીણાથી શોભી રહ્યા છે, જે શ્વેત કમળના આસન પર વિરાજમાન છે, જેમને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સદાય વંદન કરે છે તે સકળ અજ્ઞાન દૂર કરનારી ભગવતી સરસ્વતી મારું રક્ષણ કરો.''

વસંત એ ઋતુરાજ છે. વસંતના આગમને સૃષ્ટિની સમગ્ર ચેતના નવપલ્લવિત થઈ જાય છે આ ચેતનવંતી ધરા પર પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠે છે. ઉલ્લાસ, ઉમંગ, ઉત્સાહ ને માધુર્યનું આ પર્વ એ જ્ઞાનની, વાણીની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતી નો જન્મદિન છે.

ભગવતી સરસ્વતીના જન્મની એક પ્રાચીન કથા એ છે કે સૃષ્ટિનું સર્જન કર્યા પછી બ્રહ્માજી પૃથ્વી પર વિહરવા નીકળ્યા - સૃષ્ટિના બધા જ જીવો મૌન હતા -ઉદાસ હતા - તેઓએ સૃષ્ટિને ચેતનવંતી બનાવવા અભિમંત્રિત જળનો છંટકાવ કર્યો જેમાંથી સરસ્વતીનું પ્રાગટય થયું. અને તેઓ બ્રહ્માના પુત્રી કહેવાયા-

દેવી સરસ્વતીએ સર્વ જીવોને વાણી આપી- સંસારમાં ચેતના પ્રગટાવી. સરસ્વતી પૂજનનો મોટો મહિમા છે. વિદ્યાવ્યાસંગી સહુ તેજસ્વિતા પ્રાપ્ત કરવા વસંતપંચમીના આ દિવસે સરસ્વતીની ઉપાસના કરે છે.

અમૃતનિધાન મા શારદાનું આપણા હૈયામાં અખંડ સ્મરણ રહે..

**- સંધ્યા શાહ**



# કૂંચી

**ધીરેન્દ્ર મહેતા**

પણ મા એમને ક્યાં ઓળખતી નહોતી? એણે જિદ જ કરી, બીજી વારની વાત બીજી વાર. દાદા બનશો, તમને પોતરા કે પોતરીનું મોં જોવાનું મન નથી થતું ? ખરું પૂછો તો બાપાને એકલા મૂકીને આવતાં માનો જીવ ચાલતો નહોતો.

છેવટે આવ્યા, પણ એમનો જીવ ક્યાં કશે ચોંટતો હતો ? આવી જ રીતે વરંડામાં બેસી રહેતા હતા. વીકએન્ડમાં એમને ફરવા લઈ જવાનો પ્લાન એમણે કેટલીય વાર રદ કરાવ્યો. પછી એક વાર મંદિરમાં ગયા કે આજુબાજુની બેત્રણ જગા જોઈ ન જોઈ. હમેશાં ઘરે જવાની જ ઉતાવળ.

અને પછીના થોડા દહાડામાં તો દેશ પાછા ફરવાની વાત શરૂ કરી દીધી હતી-

'આટલી બધી ટાઢ આપણાથી ખમાય નહીં, ભાઈ !'

માને તો લાલો રમાડવા જેવડો થાય ત્યાં સુધી રોકાવાનું મન હતું. એણે એમને સમજાવવાની ઘણી કોશિશ કરી હતી-

'ઘરમાં ક્યાં એટલી ઠંડી છે ? બહાર તો આમેય ક્યાં તમે નીકળો છો ? નીકળવું હશે તોય ઠંડી ઓછી થયા પછી ક્યાં નીકળાતું નથી ? ઘરમાં જ બેઠા છોને !'

પરંતુ બાપાએ મચક આપી નહોતી, સાચી દલીલ કરી હતી-

'એ જ કહું છુંને, ઘર છે તો પાછા આવવું હશે તો ક્યાં નથી અવાતું ?'

ત્યાર પછી એમણે વાતને એ રસ્તે આગળ વધવા દીધી ન હતી. કસ્તૂર ડિલિવરીમાંથી ઊભી થઈ કે તરત એ અને મા દેશ ભણી રવાના થયાં હતાં. બસ, ઈ દિ અને આજની ઘડી ! પછી તો ક્યાં કોઈ વાર આવ્યા ? ન એ આવ્યા, ન મા આવી શકી અને લાલાને લઈને દેશમાં જવાની ઉત્સુકતા કસ્તૂરે પણ બતાવી નહીં. લાલો મોટો થતો ગયો એટલે એનું ચક્કરે ચાલુ થઈ ગયું. ભણવાનું ને પછી કામધંધાનું ફોન પર થતી રહેતી વાતચીતોએ વીતી રહેલા વખતનો અણસાર આવવા ન દીધો રેડિયેશનની હૂંફે !

મનુને બધું યાદ આવતું હતું, એકસામટું એમાં પણ યાદ આવ્યું કે બાપાએ અમેરિકાથી પાછા ફરતાં કહ્યું હતું. ઘર છે તો પાછા ક્યાં નથી અવાતું ? હા, ત્યાં ઘર છે અને હવે એ ઘરે પાછા જવાનો વખત આવી ગયો છે. અહીં હવે ઘર ક્યાં રહ્યું છે ? બાપા તો અંદર આવતા જ નથી, પરસાળમાં જ બેસી રહે છે. પોતે અને કસ્તૂર પણ નીકળું નીકળું કરી રહ્યાં છે. પછી આ જગાને ઘર કહેવાય એવું શું બાકી રહેશે હે ? આ સંજોગોમાં બાપાને પોતાની સાથે લઈ જવાનો વિચાર મનુને આવ્યા કરે છે...

'-તમારે પૂછવું હોય તો ભલે પૂછી જુઓ, બાપા માનશે નહીં.'

કસ્તૂરે કહ્યું...

'આટલાં વરસમાં કેટલી વાર કહ્યું, માન્યા ? માન્યા હોત તો વરસો લગી આપણે આ જે હડિયાપટ્ટી થઈ તેમાંથી બચી ગયા ન હોત ?'

જરા રહીને ઉમેર્યું.

'ને આ જે બગતગ તમને જંપવા નથી દેતી તેમાંથી પણ.'

કસ્તૂરની વાત ખોટી ન હતી, માત્ર એટલું સમજવાની જરૂર હતી કે એ વખતની વાત જુદી હતી, હવેની વાત જુદી છે. પરસાળમાં બેસી રહેતા બાપાને જોઈને મનુને થતું હતું. બાપા જાણે ઘરની બહાર આવી ગયા છે. એમને પાછા ઘરમાં લાવવા જોઈએ, એ નથી આવતા તો પોતે અહીંયા આવી જવું જોઈએ, કેવા વિચિત્ર વિચાર આવે છે ! મનુને થયું અને છતાં એ જાણે સાવ સામાન્ય વાત હોય એમ એ વિશે આગળ વિચારવા લાગ્યો. એમાં શું છે ? જેમ એક દિવસ અહીંથી અમેરિકા ગયો હતો તેમ અમેરિકાથી પાછો અહીયાં... તે દિવસે પણ જવાની કંઈ જરૂર ન હતી. અહીં રહીને પણ કમાઈ લેવાની ત્રેવડ તો એનામાં હતી અને બાપાનો

**શું** કરવું ?

પાછા જવાનો દિવસ પાસે આવતો જતો હતો અને મનુ તથા કસ્તૂરની મૂંઝવણ વધતી જતી હતી. નિર્ણય લઈ શકાતો નહોતો. કોઈ કંઈ બોલતું નહોતું, અવરજવર, ઊઠબેસ, બધું ચૂપચાપ, પણ બન્નેને ખબર હતી કે બન્નેના મનમાં શું ચાલી રહ્યું છે. એકબીજાની સામે જોવાઈ જતું હતું ત્યારે આંખો મળતી. એ વખતે પણ એમના ચહેરા એ જ મનોભાવ પ્રગટ કરતા હતા. વાતાવરણમાં પણ એક પ્રકારનો ભાર અનુભવાતો હતો. અને-અને બન્ને જણને ખબર હતી કે આ સ્થિતિ લાંબો વખત ચાલવાની નથી, કંઈક કરવું તો પડશે જ, કારણ કે પાછા ફરવાની તારીખ કંઈ હવે દૂર નથી.

બાપા સામે નજર કરવાથી આમાં કંઈ દિશા સૂઝે એમ નહોતી. મનુએ એક-બે વાર એવો પ્રયત્ન કરી પણ જોયો હતો. એ મોટે ભાગે પરસાળમાં પાટ ઉપર બેય પગ ઊંચા લઈને ભીંતને અઢેલીને બેસી રહે છે. એમની ધારણા બહાર એકાએક આવી પડેલી ઘટનાએ જાણે એમને અવાચક કરી મૂક્યા હોય એમ લાગતું હતું. એ જ સ્થિતિમાં વચ્ચેવચ્ચે એ મનુ કે કોઈક વાર કસ્તૂરની સામે એવી રીતે જોઈ લે છે જાણે એ કોઈ અજાણી વ્યક્તિઓ ન હોય ! મનુ એ દષ્ટિને સમજવાના પ્રયત્નમાં પાછો પડતો હતો. એ લૂઝ પડી ગયા હોય એમ લાગતું હતું, પરંતુ એમાં ઉંમરનો સહજ થાક હોય એમ જણાતું નહોતું, વિચારોની ઊઠબેસ એમને થકવી રહી હોય એમ લાગતું હતું. મનુ જોયા કરતો હતો, પરસાળમાંથી ઊઠીને ઘરમાં આવવાની તત્પરતા એમનામાં દેખાતી નથી !

તોશું ? કસ્તૂર અને એ જશે પછી પણ બાપા આમ જ બેસી રહેવાના ? આ વિચાર વારંવાર મોં ઉપર આવીને બેસતી માખીની જેમ એને કનડ્યા કરતો હતો.

આટલાં વરસમાં એક જ વાર એ અમેરિકા આવ્યા - કસ્તૂરની ડિલિવરી ટાણે. તેય, મા કહેતી હતી, એણે માંડમાંડ તૈયાર કર્યા હતા. એક વાર તો એમણે એમ જ કહ્યું હતું કે તું જઈ આવ, સુવાવડના પ્રસંગમાં મારું શું કામ ? હું બીજી વાર હાલીશ, વાલો કે લાલી, તે હશે એને રમાડવા.

સાથ હતો. સાચું પૂછો તો આ રીતે ઘરબાર છોડીને જવાની એની ખાસ ઈચ્છા પણ નહોતી, કદાચ બાપાનો ધકેલ્યો જ - ન કરવા જેવું સાહસ કરી નાખવાનો સ્વભાવ તો બાપાનો પહેલેથી જ રહ્યો છે, એમાં પાછો એ જ અરસામાં રતિકાકાનો મહેશ આફ્રિકા જવા ઊપડયો હતો, એ જોઈને એમને ચાનક ચઢી હતી.

પાટ પર જરા વાર આડા પડ્યા એમાં ક્યારે ઝોકું આવી ગયું એની સરત ન રહી. ઝોકું આવવા જેવું થયું ત્યારે મગજમાં શો વિચાર આવતો હતો ? એમણે યાદ કરવા માંડયું. કદાચ મનુ અને કસ્તૂરના પાછા જવા વિશે, એ ક્યારે પાછાં જવાનાં છે તેની એમને ચોક્કસ ખબર નહોતી, એમની વચ્ચે એવી કશી વાત જ થઈ નહોતી, પણ એમની હિલચાલ ઉપરથી -ખાસ કરીને કસ્તૂરની હિલચાલને લઈને - એમ લાગતું હતું કે એમને નીકળવાનો દિવસ પાસે આવતો હોવો જોઈએ. કસ્તૂર લાલા સાથે કાલે રાત્રે ફોન પર વાત કરતી હતી એ પરથી પણ એમને એવું જ લાગ્યું હતું. મનુના ચહેરા પર આ વિહ્વળતા દેખાય છે એનું કારણ પણ બીજું તો શું હોય ? એનો તો સ્વભાવ જ એવો છે - પહેલેથી જ. એવી હાલતમાં જ અમેરિકા નહોતો ગયો ?

એ વખતેય કેટકેટલી ભાંજગડ એણે કરી હતી! બાપાને એ બધું યાદ આવવા લાગ્યું. ઉંવા કને ક્યાં રહીશ ? અજાણ્યો મલક ને અજાણ્યા લોક, એમાં કોનો ભરોસો કરવો ને કોનો નહીં, એની ગમ કેવી રીતે પડે ? ઉંવાના કાયદાકાનૂને આપણે જાણતા ન હોઈએ, કહે છે કે એમાં રોજ ઊઠીને ફેરફાર થયા કરે. એમાં ક્યાંક ફસાઈ જઈએ તો ક્યાંયના ન રહીએ, કોણ આપણો ભાવ પૂછવા આવવાનું હતું ?... આવી શંકા-કુશંકાથી એણે ભેજાનું દહીં કરી નાખ્યું હતું. પાછો કહે, અધૂરામાં પૂરું, ઉવા તો કામ પણ કેટલું બધું કરવું પડે ? ને એમાં જો માંદા પડયા તો-બાપ રે ! કર્યુંકારવ્યું બધું ધૂળધાણી!

પણ મેં એની એકેય વાત જ ક્યાં સાંભળી હતી ? એને હામ આપવા મેં એક જ જવાબ દીધે રાખ્યો હતો, ઈ તો બધુ બરોબર, પણ નહીં ફાવે તો કોણ તને ત્યાં બાંધી રાખવાનું હતું ? પાછો આવીશ તોય કાંઈ અહીંયા ભૂખે નહીં મરે... અને વરસ-બે વરસમાં તો જામી પડયો. બાપાએ જોરથી શ્વાસ છોડયો એથી એમનું અંગરખું ફગફગી ઊઠયું. ત્યાં જઈને મેં સગી આંખે જોયું નહીં ? ધંધો કેટલો વિકસાવ્યો છે ! અને ડોલરની દુનિયાના ઠાઠમાઠ ! એક છેડેથી બીજે છેડે જતાં ગૂડા થાકે એવડું મોટું તો ઘર ! શું કહે છે એને ? હાઉસ ! કોઈ કદાવર જનાવરના મોઢામાંથી સંભળાતો હોય એવો અવાજ બાપાને સંભળાયો અને એ

ક્ષણ છોડી ને,
સદીમાં શોધું છું !
ખોવાયેલી નાવ,
નદીમાં શોધું છું !!
છે બધું, છતાં કેમ,
ખૂટે છે કશું ?
સુખનાં કારણો,
અતીતમાં શોધું છું !!
સમાયું બધુંએ,
શૂન્યમાં જાણું છું !
તોય જુઓ બધું,
અતિમાં શોધું છું !!
ભટક્યા કરે છે મન,
આદતોને વશ !
તેનાં બહાના,
સપ્તપદીમાં શોધું છું !!
હશે ચોક્કસ કારણો,
મારા જ છતાં !
કારણો વિફળતા,
નિયતિમાં શોધું છું !!
થવાય જો સ્થિર,
તો તે સહજ મળે !
ટેવ, વશ, લક્ષ્ય,
હું ગતિમાં શોધું છું !!
હાં કેટલો સ્વાર્થી છું,
હું પણ જુઓને !
ઈશ્વરને પણ હું,
આપત્તિમાં શોધું છું !!!

હસી પડયા. પછી સહેજ ચોંકીને આસપાસ જોઈ લીધું. આખી પરસાળમાં સૂનકાર સિવાય બીજું કોઈ ન હતું, એટલે હૈયે ધરપત રાખી એમણે જાત સાથેની વાત આગળ ચલાવી - ને સૌથી મોટી વાત તો રાત ને દા'ડો આગળ વધવાની ઊભી થતી રહેતી તક ! આ લાલોય આટલો હોશિયાર થયો છે તે અમથું ! અહીયાં હોત તો ગામનાં છોકરાં ભેગું રખડી ખાધું હોત. કસ્તૂરે અહીંથી ગઈ ત્યારે કેવી હતી, અને હવે ? ધંધામાંય મનિયાને મદદ કરે અને લેવાના નિર્ણય પણ જાતે લે... વળી એમના વિચારોએ વહેણ બદલ્યું, ઈ બધીય વાત સાચી, પણ આ બધું થયું ક્યારે ? મેં એને આ ડેલીમાંથી બહાર કાઢયો ત્યારેને ? કોઈના ધ્યાનમાં ન આવે એવું એક સ્મિત બાપાના હોઠ પર આવી ગયું હતું અને એ વિલાય એટલી વારમાં એમને ઝોકું આવી ગયેલું.

હવે તો સામાન પણ બંધાઈ જવા આવ્યો છે અને ઘરમાં કરવાજોગ સમુંનમું પણ કરી લીધું છે. બાપાને કે મનુને ખબર ન પડે એમ ઝવેર ફુઈને મળીને બાપાને બે ટાઈમ ટિફિન પહોંચે એવી વ્યવસ્થા પણ કરી દીધી છે. ઘરકામ માટે તો બાઈ આવે જ છે. બાકી સારામાં સારો રસ્તો તો આ મને સૂઝ્યો ઈ હતો - વૃદ્ધાશ્રમનો. ન બાપાને કાંઈ પંચાત, ન પરદેશમાં બેઠા અમને કોઈ ફિકર. પણ મનુને એ સુઝાડવો કઈ રીતે ? સીધી વાત કરવાની તો હિમ્મત પડે એમ નહોતી - ન કરે નારાયણ ને એને કાંઈ અવળું પડે તો ? એક વાર આડકતરી વાત કાઢી જોઈ પણ એણે એમાં રસ લીધો નહીં, સાંભળ્યું - ન સાંભળ્યું જ કર્યું...

કસ્તૂર બંધું નિવેડતાં નિવેડતાં આ બધા વિચાર કરતી હતી.

પણ છૂટકો છે કાંઈ ? સમય થોડો કોઈની રાહ જોતો ઊભો રહે છે. છેવટે મનુએ જ વાત કાઢવી પડી-

'તમારે હવે અહીં રહીને શું કામ છે ? ને તમને આમ નોંધારા મૂકીને અમે હાલ્યાં જઈએ તે અમારું ય કેવું દેખાય એનો તો કાંક વિચારો કરો. સાજેમાંદે - અમારો જીવ કેટલો ઊંચો રહે ? મારું માનો ને તમેય અમારી ભેગા હાલો. પાસપોર્ટ વિઝા એ બધું તો તૈયાર છે, ટિકિટનું

## પ્રેરણા

# અરમાનોની ઉડાન...

*'ઘરમાં ઘોડા થનગને આતમ વીંઝે પાંખ*
*અણદીઠેલી ભોમ પર, યૌવન માંડે આંખ...'*

આંખોમાં અંજાયેલા સ્વપ્નાને સાકાર કરવા માટે દૃઢ સંકલ્પ હોય, પ્રબળ પુરુષાર્થ હોય તો એ જરૂર સફળ થાય છે. એવું એક ઊજવું ઉદાહરણ એટલે બંસરી શૈલેષ શાહ -

સ્થાનકવાસી જૈન મધ્યમવર્ગીય પરિવારની આ યુવતી. બાળપણમાં જ્યારે જ્યારે વિમાનની ઘરઘરાટી સંભળાય ત્યારે બહાર દોડી જતી ને વિમાન નજરથી અદૃશ્ય ન થાય ત્યાં સુધી નિહાળ્યા કરતી. બંસરીએ તેના મમ્મી પપ્પા મીરાબેન તથા શૈલેષભાઈને કહ્યુ કે માટે વિમાનના વાહક થવું છે.' આ સ્વપ્ન સતત ઘૂંટાતું રહ્યુ. એકવાર તો બંસરીએ નરેન્દ્ર મોદીને પણ પોતાના પ્લેનમાં લઈ જવાની આકાંક્ષા વ્યક્ત કરી. મૂળે સાયલાના જયંતિભાઈ હરજીવનદાસ શાહ તથા કંચનબેન જયંતિભાઈ શાહનો આ પરિવાર ધોળકા આવીને વસ્યો હતો. દાદા તાલુકા વિકાસ અધિકારી ને દાદી પ્રાથમિક શાળાના શિક્ષિકા હતા. EPF ના સલાહકાર તરીકે કાર્યરત માતાપિતાએ વિચાર્યુ કે બંસરીને પાયલોટ બનાવવી હશે તો અમદાવાદ સ્થળાંતર કરવું પડશે.



માતાપિતા તો સદાય સંતાનોની સ્વપ્નપૂર્તિ માટે મહેનત કરતા હોય છે પણ સ્થળાંતર વખતે માતા મીરાબેનને રેલ્વેમાં સરકારી નોકરી - કાયમી નોકરી મળતી હતી આ આકર્ષણને ખાળી ને પણ માતાપિતાએ દીકરીને પાયલોટ બનાવવા પ્રયત્નો આદર્યા.

બંસરીએ ૨૦૧૦માં ગુજરાત યુનિ. માંથી એમ.એસ.સી. પાસ કર્યુ. સેવિયેશન લૉ એન્ડ એર ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ હૈદરાબાદથી કર્યુ. કર્નલ વી. કે. નાગરનું માર્ગદર્શન મળ્યું. તે પહેલા ૨૦૦૮ થી અઢી વર્ષ સુધી મહેસાણા, ન્યુઝીલેન્ડ અને અમેરિકા જઈને ટ્રેનિંગ લીધી. ૨૦૧૧ માં પાયલોટ તરીકેનું લાયસન્સ મળી ગયું. એ વખતે ૧૯ વર્ષની ઉંમરે ગુજરાતી (સ્થાનકવાસી જૈન) પાયલોટ તરીકે સહુથી નાની વયની પાયલોટ બનવાનું ગૌરવ તેને પ્રાપ્ત થયું. ૨૦૧૪ સુધી તે પાયલોટ બનવા માગતા ઉમેદવારોને થિયરી શીખવતી હતી. ૨૦૧૪ થી ૨૦૧૬ સુધીમાં નાનું પ્લેન કેરેવન ૨૦૮ બી ઉડાડયુ. ૨૦૧૮ થી ગો એર એરલાઈન્સમાં પાયલોટ તરીકે તે કાર્ય કરી રહી છે.

કરાટેમાં ઈન્ટરનેશનલ તેમજ પિસ્તોલ શૂટિંગમાં નેશનલ લેવલ પર વિજેતી બનેલી બંસરી શાહ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ બન્ને પ્રકારની ફ્લાઈટ ઉડાડી ચૂકી છે. ૩૯૦૦૦ કીટની ઊંચાઈ પર પણ તેણે વિમાન ઉડાડયું છે.

જૈન આચારસંહિતાને ચુસ્ત પણે જાળવતી બંસરી દેશવિદેશમાં ઉડતા ઉડતા પણ જૈનત્વનું પૂર્ણ જતન કરે છે.

બંસરીની વાત સાંભળીને મને અબ્દુલ કલામનું વાક્ય યાદ આવી ગયું. 'સ્વપ્ન એ નથી જે તમે ઊંઘમાં જુઓ છો, સ્વપ્ન એ છે જે તમને સુવા નથી દેતા...'

**-સંધ્યા શાહ**

---

*(અનુસંધાન ૧૧ થી)*

કહી દઈએ.'

બાપા મનુ સામે જોઈને ફિક્કું હસ્યા અને પછી આટલા દિવસોમાં આ પહેલી વાર આટલું બોલ્યા-

'એમ કાંઈ પહેરેલે લૂગડે થોડું નીકળી પડાય છે. બારણે તાળું વાસવું હોય તો એની કૂંચીય ગોતવી પડેને ભાઈ.'

મનુને આ શબ્દો કાંઈક આશ્વાસનરૂપ લાગ્યા. છતાં એણે જતાં જતાં બાપાને જે કહ્યું તેમાં ચેતવણીનો સૂર હતો કે રીસનો ભાવ હતો તે આ વાર્તાલાપ સાંભળી રહેલી કસ્તૂરને સમજાયું નહીં-

'જોજો પાછા કૂંચી ગોતવામાં ઝાઝી વાર કરતા નહીં, નહીંતર મારે તાળું ને કૂંચી, બેય લઈને પાછા આવવું પડશે.'

બાપા એની સામે જોઈને ફરી પહેલાં જેવું જ ફિક્કું હસ્યા.

પણ બાપાએ કૂંચી ગોતવામાં બહુ દિવસ કાઢયા નહીં મનુએ એક સવારે લેપટોપ ઉઘાડયું તો ઈનબોક્સમાં પડેલો એક અજાણ્યા આઈડી પરથી આવેલો મેઈલ વાંચવા મળ્યો-

''મે કહ્યું હતું એ પ્રમાણે કૂંચી મને જડી ગઈ છે. વડોદરામાં હમણાં એક ઘરડાઘર ખૂલ્યું છે. ઘરડાઘર તો એમાં ઘરડા રહે છે એટલે નામ પડયું. બાકી ? હાઈક્લાસ...! સગવડ તો ખરી સંભાળ પણ પૂરેપૂરી. ઘરને તાળું વાસીને નિરાંતજીવે હું અહીંયાં રે'વા આવી ગયો છું. અહીં કમ્પ્યુટરની વ્યવસ્થા પણ છે. આ કાગળ અહીંથી જ લખાવું છું. તને ઠીક પડે ત્યારે આંટો દેવો હોય તો દઈ જાજે. લાલો શું કરે છે? છોકરાંવને મોટા થતાં વાર લાગે છે ? તેં એને બરાબર તૈયાર કર્યો છે. કાલ સવારે ઊઠીને ધંધામાંય નજર નાખતો થશે. પછી ?'

મનુએ જોયું, અહીં એક 'સ્માઈલી' મુકાઈ હતી. એને ખ્યાલ આવ્યો, એ કમ્પ્યુટર-ઓપરેટરે જ મૂકી હોવી જોઈએ. પણ કોણ જાણે કેમ, એને એમાં બાપાનું મોઢું દેખાયું.

મેઈલ વાંચીને મનુ ડઘાઇને કમ્પ્યુટર-સ્ક્રીનને તાકી રહ્યો. એને કંઈ સમજ પડી નહીં એટલે એણે કસ્તૂરને બૂમ પાડી. કસ્તૂરે આવીને મેઈલ પર નજર કરી તો પેલા દિવસે બાપદીકરા વચ્ચે થયેલી વાતચીત એને યાદ આવી. એ સાંભળતી વખતે એને જે વાત નહોતી સમજાઈ એનો તાળો હવે મળી ગયો. એ બબડી.

'સગો દીકરો બાપને ઘરડાઘરમાં મૂકી આવ્યો, એમ સાંભળવું ન પડે એટલે એ ભારેય આપણા માથે ન નાખ્યો. હું બાપાને ઓળખું ને ! પોતે જ કૂંચી ગોતી ને પોતે જ તાળું વાસી દીધું.'

***

# પારકું લોહી

**આશા વીરેન્દ્ર**



**ખા**લીખમ મંડપની વચ્ચે ઊભેલા વિનયને પોતાની જાત પણ ખાલી લાગવા માંડી. શરીરની બધીય તાકાત જાણે કોઈએ શોષી લીધી હોય ને હવે ચેતન વિનાનું એક ખોખું માત્ર રહી ગયું હોય એવું એણે અનુભવ્યું. હજી તો હમણાં આ આંગણેથી વિશ્વાને વિદાય આપી હતી. નવજીવન પંથે પ્રયાણ કરવાના ઉમંગની સાથોસાથ મા-બાપને એકલાં મૂકીને જવાના રંજથી વિશ્વાનું હૈયું વિહ્વળ હતું. વિનય અને તૃપ્તિના હાથ એકમેકના હાથમાં મૂકી રૂંધાયેલા કંઠે એણે કહ્યું હતું, 'પપ્પા, મમ્મીને સાચવજો. મારા જવાથી એ સાવ એકલી પડી જશે, પણ તમે એને કંપની આપજો. હવે તો તમે બંને જ એકબીજાનો આધાર છો. અને પપ્પા, તમારી તબિયતનું બરાબર ધ્યાન રાખજો. બી.પી.ની દવાની બે સ્ટ્રીપ લાવીને તમારા ખાનામાં મૂકી છે. એ પતે પછી બીજી લાવવી પડશે. અને હા મમ્મી, દર મહિને સુગર ચેક કરાવી લેજે, આળસ નહીં કરતી. અને... અને...' જતાં જતાં વિશ્વાને કંઈ કેટલીય ભલામણ કરવી હતી. આમ કરજો, આમ નહીં કરતાં, એવાં સલાહ-સૂચનો કરતી દીકરી, દીકરી નહીં પણ મા હોય એવું બંનેને લાગતુ હતું.

જાણે આખી જિંદગી હારી બેઠો હોય એવા વિનયને ટેકો આપી તૃપ્તિ ઘરમાં લઈ આવી. દીકરીની વિદાયથી પોતે અંદરથી ખળભળી ઊઠી હોવા છતાં તૃપ્તિને થયું કે, પોતે તો ગમે તેમ કરીને પોતાની જાતને સંભાળી શકે એમ છે પણ વિનયની હાલત અત્યારે એવી છે કે, એને સાચવી લેવો વધુ જરૂરી છે. વિનયના ખભા પર વાત્સલ્યપૂર્ણ હાથ મૂકતાં એણે કહ્યું, 'દીકરીઓ તો આપણાં ઘરમાંથી ઝાકળની જેમ ઊડી જવા જ સર્જાઈ હોય છે. વિનય, આપણે ગમે તેટલું ઇચ્છીએ તોય આખી જિંદગી દીકરી સાથે ગાળવાનું શક્ય જ નથી હોતું. જેમ બધાની દીકરીઓ જાય એમ આપણી વિશુ પણ ગઈ. એમાં આટલા ઢીલા થવાનું હોય?'' બોલતાં બોલતાં તૃપ્તિનો અવાજ તરડાઈ ગયો. 'એ સાસરે ચાલી ગઈ એનું દુઃખ નથી તૃપ્તિ, દુઃખ તો એ વાતનું છે કે, એ હતી ત્યારે મેં એને કદી ગળે ન વળગાડી, અને આજે ચાલી ગઈ ત્યારે મન એને માટે વલખાં મારે છે. મારે હોઠે ધરાયેલા અમૃતકુંભને મેં હમેશાં ધક્કો મારીને દૂર હડસેલી દીધો. મારા જેવો હતભાગી બીજો કોણ? હું ગુનેગાર છું. મારી એ વ્હાલસોયી દીકરીને તુલસીક્યારાની જેમ આંગણાંમાં જ રાખી. કદી હૈયારૂપી ગૃહમાં પ્રવેશવા, દરવાજો ખોલીને એને આવકારી નહીં. જાણું છું કે, મારો આ ગુનો અક્ષમ્ય છે, છતાંય તમારા બંનેની માફી માગું છું. બંને વતી મને માફ કરીશ?' તૃપ્તિનું હૈયું ભરાઈ આવ્યું. 'એ બધી વાત પછી નિરાંતે કરીશું. અત્યારે તમને આરામની જરૂર છે. બીજા-ત્રીજા વિચારો છોડીને શાંતિથી સૂઈ જાવ. ઘરમાં મહેમાનો છે. હું આવી રીતે તમારી પાસે બેસી રહું એ ખરાબ લાગે. હું જાઉં છું અને તમે આરામ કરો. બરાબર?'

તૃપ્તિ તો આરામ કરવાનું કહીને ચાલી ગઈ પણ વિનયના મનને ક્યાં આરામ હતો? મનમર્કટ ઘડીમાં અહીં તો ઘડીમાં તહીં કૂદાકૂદ કરતો હતો. આવા એક જ કૂદકામાં એ વિનયને સત્તર-અઢાર વર્ષ પહેલાનાં ભૂતકાળમાં ખેંચી ગયું. ઝંખના સાથેનાં એનાં પ્રેમલગ્નનાં છ વર્ષ પહેલાંના ભૂતકાળમાં ખેંચી ગયું. ઝંખના સાથેના એનાં પ્રેમલગ્નનાં છ વર્ષો દરમ્યાન જીવનમાં ભલે સર્જનનો ઉમેરો થયો હતો પણ લગ્નજીવનમાંથી પ્રેમની બાદબાકી થઈ ગઈ હતી. રોજના સંઘર્ષ, તણાવ અને ઢસરડા જેવી જિંદગીથી કંટાળીને બંનેએ અલગ થવાનો નિર્ણય લીધો હતો. પરંતુ ઝંખનાથી છૂટા પડવા કરતાંય જબરદસ્ત ધક્કો વિનયને ત્યારે લાગ્યો જ્યારે સર્જનનો કબજો કોર્ટે ઝંખનાને સોંપ્યો. સર્જન સાથે વિનય એટલો ઓતપ્રોત હતો કે, એના વિના જીવવાની કલ્પના કરવીય એને વસમી લાગતી. છતાં ઝંખનાને બતાવી આપવાનું ઝનૂન પણ મગજ પર સવાર હતું કે, તમારા વિના પણ હું જીવી શકું છું, મને કોઈ મુશ્કેલી નથી. એણે મનોમન નક્કી કરી લીધું હતું કે, હવે ફરી લગ્નની જંજાળમાં નથી પડવું.

પણ ગુસ્સાભેર કરેલા આ નિર્ણયમાં આ ધીમેધીમે કરતાં ઢીલો પડવા લાગ્યો. ઑફિસેથી આવીને દરવાજો ખોલતાની સાથે એકલતા ચોતરફથી એને ઘેરી વળતી. સૂમસામ ઘરનું ખાલીપણું એને માટે અસહ્ય બની જતું. રસોડાનાં પ્લૅટફૉર્મ પર પડેલું ટિફિન એમ ને એમ જ બીજે દિવસે કામવાળીના હાથમાં જતું ત્યારે 'સાહેબ'ની દયનીય હાલત પર એ પણ નિસાસા નાખતી. વિનયને હવે થતું હતું કે, 'સાલી, આ તે કંઈ જિંદગી છે? કોને માટે કમાવાનું, કોને માટે ખાવાનું ને કોને માટે જીવવાનું? શ્વાસ લેવા માટેય કોઈ બહાનુ તો જોઈએ જ.' એની નજર અખબારોનાં પાનાં પર આવાં બહાનાની તપાસ કરવા લાગી. એમાંય ખાસ કરીને એની નજર એવી જા.ખ. પર જ પડતી કે, જેમાં સ્ત્રી સંતાન વિનાની હોય. જે પોતાનું લોહી હતું એ જ પોતાનું ન રહ્યું તો હવે પારકાંને-લોહીને-પોતાનું કરવાનાં વલખાં શીદને મારવા? પણ શી ખબર કેમ, જીવનના એકેય તબક્કે એના ધાર્યા મુજબ થયું જ નહોતું. પછી એ ઝંખના સાથેનાં લગ્ન હોય, સર્જનનો કબજો મેળવવાનો હોય કે બીજી વારનાં લગ્ન એકાકી સ્ત્રી સાથે જ કરવાની એની રટ હોય. અત્યાર સુધીમાં છૂટાછેડા લીધેલી, વિધવા યા તો હજી પણ અવિવાહિત હોય એવી જે કોઈ સ્ત્રીઓને એ મળ્યો એ તમામમાં તૃપ્તિ બધી રીતે આંખ અને હૈયામાં વસી જાય એવી હતી. જે એક વસ્તુ વિનયને નડતી હતી એ હતી - એની ચાર વર્ષની બાળકી - વિશ્વા. વિશ્વાનાં જન્મ પહેલાં જ ચાલ્યા ગયેલા એના પિતાની યાદમાં તૃપ્તિએ પણ આટલાં વર્ષો તો એકાકી રહીને કાઢ્યા પણ જેમ જેમ વાસ્તવિકતા સમજાતી ગઈ એમ એણે પણ પુનર્લગ્ન કરીને ઠરીઠામ થવાનો વિચાર કરી લીધો હતો. તૃપ્તિને વિનય બધી રીતે યોગ્ય લાગ્યો હતો. સુખેથી જિંદગી વિતાવી શકાય એટલી મૂડી, સરસ મજાનું ઘર અને આગલી વારનાં લગ્નની કોઈ

નિશાની એની પાસે રહી નહોતી. એ બધાં જમા પાસાંની સામે ફક્ત એક નબળું પાસુ તૃપ્તિને લાગ્યું, તે વિશ્વા માટેની વિનયની ઉદાસીનતા.

લગ્નનું નક્કી કરતાં પહેલાં બંને એકમેકને સારી રીતે જાણી, સમજી લેવાને ઈરાદે વારંવાર મળ્યાં ત્યારે વિયને કોઈ જાતનો ઢાંકપિછોડો કર્યા વિના એ વાતની સ્પષ્ટતા કરી કે, એનું ફક્ત એક જ સંતાન છે અને રહેશે, અને તે સર્જન. વિશ્વાને પોતે કદી દિલથી અપનાવી નહીં શકે. છતાં એ મા-દીકરીને વિખૂટાં પાડવાય નહોતો માગતો. તૃપ્તિ પોતાની સાથે વિશ્વાને આંગળિયાતના દરજ્જે જરૂર લાવી શકે છે. ઘણાં મનોમંથનને અંતે તૃપ્તિ એવા નિષ્કર્ષ પર આવી કે લગ્ન તો કરી જ લેવાં. મા-દીકરીને છત્ર તો મળી જાય. ઓશિયાળી જિંદગીનું મહેણું ટળી જાય, પછી જોયું જશે. આમ થોડી તડજોડ અને થોડી સમજૂતીથી વિનય અને તૃપ્તિએ સહજીવનનાં મંડાણ કર્યાં.

વિશ્વાએ તો જન્મીને બાપનું સુખ જોયું જ નહોતું, એટલે એના બાળ મને વિનયને તરત પપ્પા તરીકે સ્વીકારી લીધો. એને તો જાણે એક નવું રમકડું મળ્યું હોય એમ આખો વખત પપ્પા, પપ્પાનું રટણ કર્યા કરતી. તૃપ્તિ અને વિનયથી દૂર રાખવાના પ્રયત્ન જેમ જેમ કરતી તેમ તેમ વિશ્વા વિનયની નજીક રહેવા જિદ્ કરતી. હઠ કરીને વિનયના ખોળામાં ચઢી બેઠેલી વિશ્વાને વિનય રીતસર હડસેલી કાઢતો, તૃપ્તિ સમસમી જતી પણ વિશ્વાને એની લેશમાત્ર અસર થતી નહીં. તૃપ્તિ કરતાંય વિશ્વાને મન વિનયનું મહત્ત્વ વધી ગયું હતું. જેમ સમજણી થતી ગઈ તેમ વિશ્વાને વિનય દ્વારા થતી પોતાની અવહેલનાનો ખ્યાલ આવતો ગયો પણ તોયે એના વર્તનમાં જરાય ફરક પડ્યો નહીં.

'પપ્પા, આજે તો મેં તરલા દલાલની રેસીપી બુકમાંથી તમને ભાવતી બેકડ્ ડિશ બનાવી છે. કેવી લાગી ? પપ્પા, આજે કેમ થાકેલા લાગો છો, માથુ દુઃખે છે ? લાવો, ફર્સ્ટ ક્લાસ માલિશ કરી આપું. પપ્પા, આજે કૉલેજમાં ઍન્યૂઅલ ડેમાં બહુ મજા આવી. પપ્પા, હવે આગળ હું કયો કૉર્સ કરું ? પપ્પા, બ્લડ ચૅક કરાવ્યું ? પપ્પા, દવા લીધી ?' પપ્પા... પપ્પા... પપ્પા... ચાર વર્ષની બાળકીરૂપે આ ઘરમાં આવેલી વિશ્વા આજે એકવીસ વર્ષની યુવતી બની ગઈ, પણ 'પપ્પા'નું રટણ જરાય ઓછું ન થયું. તૃપ્તિનેય આશ્ચર્ય થતું કે, સામેથી કોઈ પ્રતિભાવ ન મળે, કોઈ ઉમળકો ન દેખાય તો ભલભલું માણસ હારી જાય, થાકી જાય, પણ વિનયની સદંતર લાપરવાહી છતાં આ છોકરી જરાય થાકતી નથી. શી ખબર, એણે ધાર્યું છે શું ?

પણ કોઈનેય ખબર ન પડે એમ વિશ્વાનું ધારેલું પાર પડતું જતું હતું. જે ઉબડ-ખાબડ અને પથરાળ લાગતી હતી એ જમીન પોચી પડી હતી, એનું ખેડાણ થયું હતું, પ્રેમનાં બીજ વવાયાં હતાં અને લાગણીના ઝીણા ઝીણા અંકુર ફૂટ્યા હતા પણ ધરતીનું પડળ વીંધીને હજી એ પૂરા બહાર નહોતા આવ્યા. વિશ્વાને હડસેલવાની હવે વિનયમાં તાકાત નહોતી રહી. એના ધસમસતા સ્નેહના પ્રવાહમાં પોતાની જાતને તણાતી રોકવા વિનયને ખૂબ મહેનત, ખૂબ મથામણ કરવી પડતી હતી. એ દિશામાં નહીં વિચારવાના લાખ પ્રયત્નો છતાં હવે વારંવાર એ વિચાર મનને જકડી લેતો હતો કે, કોને મારો, મારો સમજવામાં જિંદગીનાં આટલાં વર્ષો વેડફ્યાં ? એ સર્જનને, કે જે આજે એક બાળકનો બાપ બની ચૂક્યો છે ? એનાં લગ્ન વખતે પણ એણે કે ઝંખનાએ મને યાદ નથી કર્યો. એ બંને માટે તો જાણે મારું અસ્તિત્વ જ ભૂંસાઈ ગયું, ભૂલાઈ ગયું. છતાં હું આજેય સર્જનને મારું લોહી ગણવાની મૂરખામી કરું છું, અને આ છોકરી ? આટલાં વર્ષોમાં મારા એક પ્રેમભર્યા બોલ સિવાય જેણે કોઈ અપેક્ષા નથી રાખી, આ ઘરમાં આવી ત્યારથી જેણે મને આપ્યાં જ કર્યું છે. મારા ઉજ્જડ બનેલા જીવનને નવપલ્લવિત કરનારી, આ પિતાના પ્રેમથી વંચિત દીકરીને છાતીએ ચાંપવાનું નાનું સરખું કામ પણ મારાથી ન થયું ? શો ગુનો છે આ ઉડણ ચરકલડીનો, જે પરદેશ ઊડી જતાં પહેલાં મારા હૈયામાં માળો ન બાંધી શકી ? ધિક્કાર છે મને...

રિવાજ પ્રમાણે લગ્નને બીજે દિવસે વિશ્વા પિયર 'પાછા પગ' કરવા આવી ત્યારે આંગણામાં જ રાહ જોઈને ઊભેલા પપ્પાને જોઈ એને આશ્ચર્ય તો થયું પણ જ્યારે વિનયે ખેંચીને એને છાતી સરસી ચાંપી, એને માથે, મોઢે સ્નેહ ઝરતો હાથ પસવારી, નીતરતાં નયને એને આવકારી ત્યારે વિશ્વાનું આશ્ચર્ય આંસુનો ધોધ બનીને વહી નીકળ્યું. ઉંબરે ઊભી આ મંગલ દૃશ્ય નિહાળી રહેલી તૃપ્તિને જાણે આજે જ સાચી તૃપ્તિ લાધી હોય એમ એ પરિતોષ અનુભવી રહી. સાંજ સુધી વિશ્વા પિયરમાં રોકાવાની હતી ત્યાં સુધીની એક એક ક્ષણને દીકરીના સહવાસથી ભરી દેવી હોય એમ વિનય પુત્રીના સાસરવાસની ઝીણામાં ઝીણી વિગતની માહિતી મેળવી હરખાતો રહ્યો. વિશ્વાને એક પળ માટેય એણે નજરથી અળગી થવા ન દીધી. સાંજ પડ્યે વિશ્વાને લેવા આવેલ જમાઈ સાથે શ્વસુરગૃહે જવા તૈયાર થયેલ પુત્રીના હાથમાં વિનયે એક કવર મૂક્યું, જેના પર લખ્યું હતું - મારું પોતાનું લોહી, એવી, મારી લાડકી વિશ્વાને એના અપરાધી એવા પપ્પા તરફથી...

વિશ્વા નવાઈપૂર્વક એની સામે જોઈ રહી ત્યારે વિનયે ઘરે જઈને કવર ખોલવા કહ્યું. ઘરમાં પગ મૂકતાંની સાથે પહેલું કામ વિશ્વાએ કવર ખોલવાનું કર્યું તો એમાંથી વિનયનું વીલ નીકળ્યું, જેમાં એની સઘળી સ્થાવર, જંગમ મિલકતની એકમાત્ર વારસ વિશ્વાને નીમવામાં આવી હતી. એની પોતાની અને તૃપ્તિની હયાતી બાદ પોતાની તમામ ચીજોની સોંપણી વિશ્વાને કરવામાં આવે એવી તેમાં ભલામણ કરવામાં આવી હતી. વિશ્વાએ તરત ફોન જોડીને ડૂસકાં ભરતાં ભરતાં વિનયને કહ્યું, 'પપ્પા, મારે આ બધું ક્યાં જોઈતું હતું ? મારે તો જોઈતો હતો પિતાનો પ્રેમ, મારે માથે ફરતો તમારો સ્નેહ નીતરતો હાથ અને તમારા હોઠેથી સરતા 'મારી દીકરી, મારી વિશ્વા', એટલા શબ્દો. એ સઘળું તો આજે મને મળી ગયું. મારી વર્ષોથી ખાલી રહેલી ઝોળી આજે તમે ભરી દીધી. આજે મારી તપશ્ચર્યા ફળી. આ બધું પાછું લઈ લો પપ્પા. મને ફક્ત મારા 'પપ્પા' જ આપો. આ બધું પાછું લઈ લો, મને એનો ભાર લાગે છે, પ્લીઝ પપ્પા...' રુંધાતા કંઠે વિનય માંડ માંડ બોલ્યો, 'સાસરે જતી દીકરીને એનો બાપ જે આપે એ બધું સ્વીકારી લેવાનું હોય બેટા, એમાં ના ન પડાય.' અંદરનાં રૂમમાંથી બહાર આવેલી તૃપ્તિએ વિનયને પૂછ્યું, 'કોનો ફોન હતો ?' આંખો લૂછતાં વિનયનાં ગળામાંથી તૂટક તૂટક શબ્દો નીકળ્યા, 'મા...રા લો...હીનો.'

✱✱✱

# કોરોના મહામારીમાં જનતાની સેવા માટે પ્રતિબદ્ધ

## ઝા. સભાના ટ્રસ્ટી, દાનવીર શ્રી પરાગભાઈ શાહ



**'परस्परग्रहो जीवाणाम्'** કે 'Live and let live' સૂત્રને આત્મસાત્ કરનારા ઝાલાવાડી સભાના ટ્રસ્ટી, ભારતીય જનતા પક્ષના લોકલાડીલા ગુજરાતી વિધાનસભ્ય પરાગભાઈએ આ સંકટ સમયે કોરોનાને નાથવા અનેક પગલાઓ લીધા-લોકડાઉન ચાલુ થયું તે દિવસથી ૫૦-૫૦ જણની ટીમ સાથે સવારથી રાત સુધી કાર્યરત રહ્યા-શરૂઆત ઘાટકોપરથી કરી - રસ્તાઓ ધોવડાવ્યા, સેનિટાઇઝ કરાવ્યા. પ્રત્યેક ઘરમાં સેનિટાઇઝરની બે- બે બોટલો - કુલ ૪.૫ લાખની બોટલો આપી. ઝૂંપડપટ્ટીમાં હાલાકી ભોગવતા લોકોને કોઈ જાતના ભેદભાવ વગર અનાજની કિટ (ઘઉંનો લોટ, ચોખા, દાળ, સાકર, ગોળ, તેલ વિ.) ૧૭ હજારથી પણ વધુનું વિતરણ કર્યું. પાંચ લાખથી વધુ માસ્કનું વિતરણ કર્યું. પાવનધામ, પારસધામ ને ઘાટકોપરની શાળામાં ક્વોરોન્ટાઇન સેન્ટર શરૂ કર્યા-પૂ-નમ્રમુનિના આશીર્વાદ અને સેવાની લગનીએ નિઃશુલ્ક સ્વાસ્થ્ય કેન્દ્રોનું આયોજન કર્યું. ગરીબોને માટે તૈયાર ભોજનની પણ વ્યવસ્થા કરાવી. જનતા જીવનજરૂરિયાતની વસ્તુઓ માટે જે હાલાકી વેઠી રહી હતી તે જોઇને હોલસેલ માર્કેટમાંથી અનાજને લોકોના ઘર સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરી. પોતાની અપાર સંપત્તિ આ કપરા સમયે ખુલ્લે હાથે, ઉદાર દિલે વાપરનારા આ દિલેર દાતાને લોકો સામેથી ફંડ આપી જાય છે.

મુંબઈમાં ૧૮ પોલીસ સ્ટેશનો -રેલવેના કર્મચારીઓ મહાનગરપાલિકાના અધિકારીઓ તમામને સલામતી માટેનાં ઉપકરણો પહોંચાડ્યાં છે.

એશ્વર્યવાન તો અનેક લોકો હોય, પણ પ્રજાના કપરા સમયે , પોતાના તન-મન-ધનથી સર્વ કાંઈ અર્પણ કરી અન્યને સુખાકારી આપનાર આવી વ્યક્તિ વિરલ હોય છે. સર્વસ્વ હારી બેઠેલા ભામાશાને ચરણે સઘળી સંપત્તિ અર્પણ કરતા જગડૂશાહનું સ્મરણ થાય. કોરોનાકાળે હતાશામાં સરી પડેલા, પ્રત્યેક ક્ષણે મૃત્યુના સંદેશા સાથે જીવતા સહુના જીવને શાતા પમાડવાનું અદ્‌ભુત કાર્ય પરાગભાઈએ કર્યું છે. મુંબઈના ક્વોરોન્ટાઇન સેન્ટરમાં સહુથી વધુ કાળજી કરનારા પાવનધામ ને પારસધામની આરોગ્ય સુરક્ષાને કોણ ભૂલી શકે ? લોકો જ્યારે દિવસો સુધી ઘરની બહાર પગ મૂકતા ગભરાતા હતા ત્યારે રાત દિવસ અથાક મહેનત કરનારા પરાગભાઈની સેવા માટે સંપત્તિના સદુપયોગ માટે કરુણાભર્યા કર્તવ્ય માટે ખૂબ ખૂબ અનુમોદના...

જૈન ધર્મના સાચા અનુયાયી ગૌરવવંતા ગુજરાતી અને ઝાલાવાડી સભાના ટ્રસ્ટી પરાગભાઈને ખૂબ ખૂબ અભિનંદન.

# ઝાલાવાડી સભાના કમિટી મેમ્બર

## શ્રી નિરવભાઈ દોશી




અત્યંત મિતભાષી, સભાના કમિટી મેમ્બર શ્રી નિરવભાઈએ કોરોનાના સંકટકાળમાં પૂ. નમ્રમુનિના આશીર્વાદ તથા સભાના ટ્રસ્ટીની પરાગભાઈના સાથ અને સહાયથી સેવાનું ઉત્તમ કાર્ય કર્યું.

લોકડાઉનની શરૂઆતમાં માર્ચ મહિનાથી મે મહિના સુધી સાધર્મિક તેમ જ જરૂરિયાતવાળા કુટુંબોને જીતો-ગોરેગાંવ તથા જે. જે. સી. બોરીવલીના સહયોગથી ૧૦૦૦ કિટ આપવાનું કામ કર્યુ. પાવનધામના ટ્રસ્ટી, જે. જે. સી.ના કમિટી મેમ્બર તથા જીતોના સભ્ય શ્રી નિરવભાઈએ કાંદિવલીના પાવનધામ સેન્ટરની મુંબઈ પોલીસ, મહાનગરપાલિકાના કર્મચારીઓ તથા જી. આર.પી.સ્ટાફ-લગભગ ૫૦૦ વ્યક્તિઓને સવાર-સાંજ નાસ્તો તથા ૨૫૦ વ્યક્તિઓને ભોજન આપવાની વ્યવસ્થા સંભાળી.

કાંદિવલીના પાવનધામને ક્વોરોન્ટાઇન સેન્ટર બનાવ્યું ત્યારે લગભગ ૧૫૦૦ દર્દીઓને સારામાં સારી સવલત આપવાનું કાર્ય તેમણે સંભાળ્યું. પાવનધામમાં દેવેન્દ્રભાઈ ફડણવીસ તથા મહારાષ્ટ્ર રાજ્યના રાજ્યપાલ ભગતસિંહ કોશિયારીએ તેમની આ ઉત્કૃષ્ટ સેવાનું સન્માન કર્યું છે.

ઝાલાવાડી સભાના ઓનલાઈન સેનેટોરિયમ બુકિંગ માટેની વ્યવસ્થામાં પણ તેમનો ફાળો અત્યંત મહત્વપૂર્ણ છે. નિરવભાઈને ખૂબ અભિનંદન.

# રોગિણીની અંતિમ ઈચ્છા

❰ ઘનશ્યામદાસ બિરલા ❱ ❰ અનુ:મોહન દાંડીકર ❱

વરસો પહેલાંની આ વાત છે. મરણપથારીએ પડેલી એક રોગિણી હતી. રોગની સામે ઝઝૂમતાં ઝઝૂમતાં બિચારીનું શરીર હાડપિંજર જેવું થઈ ગયું હતું. માત્ર શ્વાસ ચાલતો હતો. જીવનમાંથી એણે વિદાય લઈ લીધી હતી. હવે તો લાંબી યાત્રાએ જવાનું છે એમ માનીને એ રામસ્મરણ કરતાં કરતાં અંતિમ દિવસો પસાર કરી રહી હતી, પણ ગાંધીજીના આશીર્વાદ લેવાના હજુ બાકી હતા. એણે કહ્યું, ''એમ થાય છે કે જતાં જતાં ગાંધીજીનાં અંતિમ દર્શન કરી લઉં.'' તે દિવસોમાં ગાંધીજી દિલ્હીમાં કે દિલ્હીની આસપાસ પણ ક્યાંય હતા નહિ. એટલે એમનાં દર્શન થવાનો સવાલ જ નહોતો પણ મરણપથારીએ પડેલા માણસની ઈચ્છા પર પાણી ફેરવી દેવું તે મને ઠીક ન લાગ્યું. એટલે મેં કહ્યું - ''જોશું. તમારી અંતરની ઈચ્છા કદાચ ઈશ્વર પૂરી કરશે.''

બે દિવસ પછી મને સમાચાર મળ્યા કે ગાંધીજી કાનપુરથી દિલ્હી થઈને અમદાવાદ જઈ રહ્યા છે. એમની ગાડી દિલ્હી પહોંચવાની હતી સવારે ચાર વાગે અને અમદાવાદની ગાડી સવારે પાંચ વાગે ઊપડી જતી હતી. એક કલાક મળતો હતો. રોગિણી બિચારી દિલ્હીથી દસ માઈલ દૂર હતી. એક કલાકમાં એને જઈને મળવું અને પાછું સ્ટેશને આવવું તે કામ ઘણું કપરું હતું.

શિયાળાની ઋતુ હતી. પવન સૂસવાટા બોલાવતો હતો. તે દિવસોની મોટરગાડીઓ ખુલ્લી હતી. ગાંધીજીને એવી મોટરગાડીમાં વહેલી સવારે ૨૦ માઈલની મુસાફરી કરાવવી તે જોખમ ભરેલું હતું. ગાધીજી આવી રહ્યા છે એની તો એ બિચારીને ખબર પણ નહોતી, ગાંધીજીના દર્શન કરવાની એની તીવ્ર ઇચ્છા હતી. ગાંધીજી ગાડીમાંથી ઊતર્યા ત્યારે મેં સંકોચાતાં સંકોચાતાં એમને પૂછયું - ''બાપુ, આપ આજે રોકાઈ નહિ શકો?'' એમણે કહ્યું- ''રોકાઈ શકાય તેવું નથી.'' હું એકદમ હતાશ



થઈ ગયો. રોગિણીને કેટલું દુઃખ થશે તે હું જાણતો હતો.

થોડી વાર પછી ગાંધીજીએ સામેથી પૂછયું - ''રોકાવાનું કેમ પૂછો છો?''

**ગાંધી જીવે છે...**

આજે પણ જ્યાં
બીજાના સારા માટે
કોઈ પોતાનો સ્વાર્થ
જતો કરે છે ત્યાં
ગાંધી જીવે છે.

આજે પણ જ્યાં
બધાના વિરોધ
વચ્ચે પણ દીકરીનો
જન્મ થાય છે ત્યાં
ગાંધી જીવે છે.

આજે પણ જ્યાં
ચોરી કરવાની
તક હોય છતાં
કોઈ માણસ ચોરી
નથી કરતો ત્યાં
ગાંધી જીવે છે.

આજે પણ જ્યાં
જૂઠું બોલવાથી
લાભ થતો હોય
તોય કોઈ સાચું
બોલે છે ત્યાં
ગાંધી જીવે છે.

આજે પણ જ્યાં
કોઈ ગરીબ
માણસને પણ
માણસનો દરજ્જો
મળે છે ત્યાં
ગાંધી જીવે છે.

આજે પણ જ્યાં
કોઈ ગાંધી સાથે
અસહમત થવાની
સ્વતંત્રતા ભોગવે છે
ત્યાં ગાંધી જીવે છે.

ગાંધી કોઈ વ્યક્તિનું નામ નથી.
ગાંધી તો નામ છે વિચારધારાનું !!!

**- મૃગાંક શાહ**

મેં એમને કારણ કહ્યું. એ સાંભળીને ગાંધીજીએ કહ્યું - ''ચાલો, અત્યારે જ ચાલો.'' મે કહ્યું ''પણ બાપુ, આપને સવારે સવારે આટલી કડકડતી ઠંડીમા ખુલ્લી મોટરગાડીમાં કેવી રીતે લઈ જાઉં?'' એમણે કહ્યું ''એની ચિંતા ન કરો. મને ઝટ મોટરગાડીમાં બેસાડો. ખોટો સમય ન બગાડો.''

ગાંધીજીને મોટરગાડીમાં બેસાડયા. સખત ઠંડી હતી. ઠંડો પવન હતો. હજુ તો સૂર્યોદય પણ નહોતો થયો. ચારેબાજુ બ્રહ્મમુહૂર્તની શાન્તિ હતી. રામનામનો જાપ કરી રહી હતી. ગાંધીજી એના ખાટલા પાસે ગયા. મેં એને કહ્યું - ''ગાંધીજી આવ્યા છે.'' એને વિશ્વાસ ન બેઠો. એકદમ સ્તબ્ધ થઈ ગઈ. હાંફળીફાંફળી થઈને બેસવા પ્રયત્ન કર્યો. પણ શરીરમાં એટલી શક્તિ જ ક્યાં હતી? એની આંખોમાંથી બે આંસુ ખરી પડયાં. મને થયું, મેં મારી ફરજ પૂરી કરી.

એના આત્માને કેટલું બધું સુખ મળ્યું હશે તે એની આંખો કહી રહી હતી.

સ્ટેશને આવ્યા ત્યારે ગાંધીજીની ગાડી તો ઊપડી ગયેલી હતી. એટલે આગલે સ્ટેશને જઈને ગાડી પકડી. ગાંધીજીને તકલીફ તો પડી. પણ રોગિણીને જે શાન્તિ મળી એ સંતોષથી ગાંધીજીને તકલીફનો અનુભવ ન થયો.

થોડા દિવસ પછી એ રોગિણીએ આ સંસારમાંથી વિદાય લીધી, પણ મરતાં પહેલાં ગાંધીજીનાં દર્શન થયાં તેનો પરમ સંતોષ હતો. એનાથી એને ખૂબ શાન્તિ મળી.

આપણે ભૂખ્યાને અન્ન આપીએ છીએ. તરસ્યાને પાણી આપીએ છીએ. એનું માહાત્મ્ય છે. રંતિદેવ અને એનાં બાળકોએ ભૂખ્યા રહીને બીજા ભૂખ્યાઓને ભોજન આપ્યું હતું એનું માહાત્મ્ય આપણાં પુરાણોમાં છે પણ મરણપથારીએ પડેલો એક જીવ, જે અંતિમ શ્વાસ લઈ રહ્યો છે, તેને એમ થયા કરે છે કે જતાં પહેલાં પોતાની પૂજ્ય વ્યક્તિનાં દર્શન કરી લઉં અને એની ઈચ્છા પૂરી થાય છે.

એને પરમ સંતોષ મળે છે. શાન્તિ મળે છે. આ દાનનું માહાત્મ્ય કેટલું હશે?

મૃત્યુશય્યા પર પડેલાં એ રોગિણી મારા ધર્મપત્ની હતાં. ✷✷✷

# આનંદની અનુભૂતિ

**હરેશ ધોળકિયા**

શિયાળાનો પ્રભાવ પ્રભાત થવા પર પડી રહ્યો છે, છ વાગ્યા છે છતાં હજી અંધારું જ છે. સામે કોઈ આકાર દેખાતા નથી. કેવળ કાળાશ જ દેખાય છે. હા, સામેનાં કોઈ નાનકડા મંદિર પર ટચૂકડો બલ્બ ટમટમે છે, પણ અંધારાની વ્યાપકતા પર તે પોતાની ક્ષમતા બાબતે લાચારી અનુભવે છે. પાસેના તળાવની પાળ રસ્તા પરની લાઇટના કારણે દેખાય છે, પણ તેની પાછળનું તળાવનું પાણી તો અંધકારમાં જ સ્નાન કરે છે તળાવ વચ્ચેનો બાગ પણ દશ્યમાન નથી થતો. ઊલટું, તેનાં વૃક્ષો અંધકારમાં જ સ્નાન કરે છે. તળાવ વચ્ચેનો બાગ પણ દશ્યમાન નથી થતો. ઊલટું, તેના વૃક્ષો અંધકારને વધારે ગાઢ બનાવે છે. રસ્તો લગભગ સૂનો છે. ધાર્મિક સ્થાન પાસેની ફૂટપાથ પર એકાદ-બે બાવા કે બે-ચાર ગરીબો સૂતા છે. સવારે ઠંડકની પાતળી ઝલક હોવાથી ટૂંટિયું વાળી સૂતા છે. ધાર્મિક સ્થાન પણ હજી

> *મોટા લાગે પરંપરાગત, રૂઢિચુસ્ત, રૂટિનલ, સમાજના ડરમાં જીવતાં મનને જોવામાં આવે તો મોટા ભાગે તેમાં અંધકાર જ હોય છે. તેમાં માન્યતાની ગંજાવર શીલા નીચે વિચારશક્તિ તરફડતી હોય છે*

બંધ છે. રસ્તા વચ્ચેના ડિવાઈડરમાં કૂતરાં પણ આખી રાત ભસ્યાં હશે, તેથી થાકીને સૂઈ ગયાં છે. સખત થાક્યાં લાગે છે, વ્યવસ્થિત સૂવા જેટલો સમય પણ જાગવા સમર્થ નહીં રહ્યાં હોય. કદાચ થાક ઉતારવા યોગાસનમાં પણ સૂતા હોય. ફરવા જનારા હજી શરૂ નથી થયા લાગતા. કોઈ રડયાખડયા દેખાય છે. એક દંપતી ફરીને કદાચ વળી રહ્યું છે. શાકભાજી વેચનાર એક ફેરિયો પોતાની ગાડી લઈ અડધી ઊંઘમાં જઈ રહ્યો છે. વાતાવરણમાં પૂર્ણ શાંતિ છે. અંધકાર શાંતિને ગાઢ બનાવે છે.

દસેક મિનિટ પછી એ જ રસ્તે પાછા વળાય છે. હવે અંધારું ઝાંખું થઈ ગયું છે. એ ઝાંખપમાંથી સામેના ટાવરનો આકાર ધીમેધીમે સ્પષ્ટ થતો દેખાય છે. તેની જમણી બાજુ ધરતીકંપની આકરી થપાટો છતાં પણ એકાદ-બે બહુમાળી મકાનો બચી ગયાં છે તેના આકાર પણ દેખાવા શરૂ થાય છે. બાગનાં વૃક્ષો રેખાચિત્રો જેવા દેખાય છે. ફૂટપાથ પર સૂતેલા બાવાજી આળસ મરડીને બેઠા થાય છે અને તેમનો ‘સામાન’ સંકેલી રહ્યા છે. તેમની સામે બે-ત્રણ કૂતરાં આશાભરી આંખે ઊભાં છે. સંભવ છે, દરરોજ તેમને કશોક નાસ્તો મળતો હશે. એકાદ-બે દૂધવાળા ઓટો પર ઝડપથી પસાર થઈ જાય છે. ટ્યૂશને જતાં છોકરા-છોકરીઓ અતિ ઉતાવળે પોતાના વાહન પર જઈ રહ્યાં છે. શાળાના ગણવેશમાં જ છે, તેથી ટ્યૂશનમાંથી સીધા શાળાએ જ જશે તેવી કલ્પના કરી શકાય. ભગવાનના વિશાળ દરવાજા પણ હવે ખૂલ્યા છે. ભગવાન ભક્તોની રાહ જોતા બેઠા દેખાય છે.

પણ હવે અંધારું ઘટતું જાય છે. ધીમેધીમે બધાં જ દશ્યો અદશ્યમાંથી ઝાંખાં અને પછી ધીમેધીમે સ્પષ્ટ થતાં જાય છે. પરમ શાંતિ ચાલુ છે. સ્ટ્રીટ લાઈટો પણ ઉજાસને આવતો જોઈ, તેને સલામ ભરી, જોઈ, હોલવાઈ જાય છે. જગત સહસહળ કમળની પાંખડીઓની જેમ ધીમે ધીમે ઊઘડી રહ્યું છે. સ્ટ્રીટ લાઇટો બંધ થઈ ગઈ હોવાથી આ ઊઘડતું અજવાળું જોવાનો એક વિશેષ આનંદ જીવવા મળ્યો છે તે બદલ કૃતકૃત્યતા અનુભવાય છે.

અને સમાંતરે ચાલે છે વિચાર પ્રક્રિયા.

ગાઢ અંધકાર - ઘટતો અંધકાર - ઝાંખો પ્રકાશ - દશ્યમાન થતું અદ્ભુત જગત - અજવાળું વધે છે - પ્રકાશ વધે છે અને અચાનક જગત ચુટ્ટું થઈ જાય છે. પ્રક્રિયા પૂરી થાય છે, પક્ષીઓના કલબલાટથી નવો દિવસ ઉદ્ઘાટિત થાય છે.



> **ગાઢ અંધકારમાં જીવતા મનમાં કશું દેખાતું નથી. ક્યાંય સળવળાટ નથી હોતો. દોડતું ખૂબ દેખાય છે, પણ હોય છે ઊંઘમાં.**

માણસના મનની પણ આ જ સ્થિતિ નથી ? શું આવી સ્થિતિ નથી થઈ શકતી ? મોટા ભાગે પરંપરાગત, રૂઢિચુસ્ત, રૂટિનલ, સમાજના ડરમાં જીવતાં મનને જોવામાં આવે તો મોટા ભાગે તેમાં અંધકાર જ હોય છે. તેમાં માન્યતાની ગંજાવર શીલા નીચે વિચારશક્તિ તરફડતી હોય છે. તે પણ લાચાર હોય છે, કારણ કે નવ્વાણું ટકા શીલાઓની ખસવાની શક્યતાઓ નથી હોતી. ઉત્તમ ઘર, ઉત્તમ વસ્ત્રો માણતા, નેનોમાં ફરવાની તૈયારી ધરતા આ મનમાં તદ્દન અંધકાર હોય છે. જે તેને જે બાજુ થપાટ મારે તે બાજુ ઝડપથી ઝૂકવા આ મન આતુર હોય છે. ગુલામ થવા તો તે થનગનતું હોય છે. ધર્મ-રાજકારણ અનેક બેવકૂફીઓ પ્રત્યે સતત ગુરુત્વાકર્ષણ અનુભવે છે. વિચારની બાબતમાં ચોવીસે કલાક આરામમાં હોય છે. પૂરી નિરાંત અનુભવે છે. ગાઢ અંધકારમાં જીવતા મનમાં કશું દેખાતું નથી. ક્યાંય સળવળાટ નથી હોતો. દોડતું ખૂબ દેખાય છે. પણ હોય છે ઊંઘમાં.

જો ભૂલથી પણ કોઈ વિચારનો કે પ્રજ્ઞાવાન વ્યક્તિનો સંપર્ક થાય અને તેના પ્રત્યે ભૂલથી પણ આકર્ષક અનુભવી જવાય, તો આ અંધકારમાં પ્રથમ ગાબડું પડે છે. અંધકાર ઝાંખો થવા લાગે છે. માન્યતાની શીલામાં તિરાડો પડવાની શરૂઆત થાય છે. વિચારશક્તિ

શ્વાસ લેવા શક્તિમાન બને છે. કદાચ શીલાને થોડી હલાવી શકાશે તેવું તેને લાગે છે. બંધ મનનો દરવાજો કીચુડ કરતો ખૂલે છે અને વિચારની એકાદ લહેરખી તેમાં, ભલે ઘસડાતી પણ પ્રવેશે છે.

**વિચારની એક ખૂબી હોય છે. તેનામાં એક જબરજસ્ત શક્તિ છે - તે છે શંકા કરવાની, શક્તિ વિચારને મનમાં પ્રવેશ કરવાની જરા પણ છૂટ અપાઈ તો તે માન્યતા પર શંકા કરવાનું શરૂ કરશે**

વિચારની એક ખૂબી હોય છે. તેનામાં એક જબરજસ્ત શક્તિ છે - તે છે શંકા કરવાની શક્તિ, વિચારને મનમાં પ્રવેશ કરવાની જરા પણ છૂટ અપાઈ તો તે માન્યતા પર શંકા કરવાનું શરૂ કરશે. અંધારા મનમાં માન્યતા શીલા જેવી કઠોર અને ભારે છે, પણ જો વિચારનો પ્રકાશ તેને અડક્યો તો તે પીગળી રૂ જેવી હલકી થવા લાગશે. વિચાર હવે બળવાન બનવા લાગશે. મનના ખૂણાઓમાં અજવાળું પ્રસરવું શરૂ થશે. હવે રૂઢિચુસ્તતા, પૂર્વગ્રહ, માન્યતાઓ... વગેરે બધાં ધીમેધીમે દેખાવા લાગશે. તેમના આકારો ચિત્તના આકાશમાં ખલેલ પહોંચાડે છે તેવો ખ્યાલ આવવો શરૂ થશે. ગુલામી હોવાનું ભાન થશે. ચારે બાજુ ખવાતા ઝોલાની ગતિશીલતા ઘટવા લાગશે.

જેમ જેમ મનનું બારણું ખૂલતું જશે તેમ તેમ તેમાં હવે વિચારનો પ્રવાહ વધતો જશે. મનને એક નાનું વાવાઝોડું આવવાનો અનુભવ થશે. તેમાં પરંપરાઓ, પૂર્વગ્રહો વગેરે છિન્નભિન્ન થવાં શરૂ થશે. અત્યાર સુધી પૂજ્ય મનાતી વ્યક્તિ અચાનક સામાન્ય દેખાવા લાગશે અને પોતે આવા સામાન્યના ચરણ (હવે ટાંટિયાં!) પખાળતા હતા તે વાતે તેમને હસવું અને શરમ બંને આવશે. મનનાં ઝાળાં સાફ થવા લાગશે. મનની લગામ હવે બુદ્ધિના હાથમાં આવી જશે. બુદ્ધિ શંકાની છડીથી જાળાં-ઝાખરાં સાફ કરશે અને ગુલામીગિરીને ફટકારી બહાર કાઢવા શરૂ કરશે.

હવે ક્ષિતિજમાં રહેલા પ્રકાશની પ્રજ્ઞાનાં દર્શન થવાં શરૂ થશે. પ્રજ્ઞા પર વિચારનો પ્રકાશ પડતાં તેનો ઝળહળાટ દેખાવો શરૂ થશે. ચિદાકાશ સ્વચ્છ થશે. મન વ્યર્થ કચરાઓથી મુક્ત થતું જશે તેમ આનંદ પ્રગટવા લાગશે. તે મનમાં અંજાતો જશે અને જગતનું પોતાનું સૌંદર્ય પણ દેખાવા લાગશે. પળે પળ, સ્થળે સ્થળ, કણે કણ સૌંદર્યજ્યોતથી પ્રજ્વલિત થઈ જશે.

પ્રકાશને એક વાર આવવા દીધો, બુદ્ધિને એક વાર સ્વતંત્રતા આપી, તો પછી પ્રજ્ઞા અને પ્રકાશ ગુણાકારમાં વધે છે. મન પળે પળ વધારે ને વધારે પ્રકાશિત થતું જશે. માહિતી જ્ઞાનમાં ફેરવાય છે. જ્ઞાનમાંથી ડહાપણ પ્રગટે છે અને ડહાપણના નવનીતરૂપે સમજી બને છે. વ્યક્તિ સમજથી લથબથ થવા લાગે છે. તેના વ્યક્તિત્વમાં ડહાપણનો પ્રવાહ વહેતો દેખાય છે. તેનું સમગ્ર જીવન, જીવનની પળેપળ, ઝંકૃત, નૃત્યમય, સંગીતમય બની જાય છે. આ વ્યક્તિ જીવનને સૂક્ષ્મતમ રીતે ભોગવે છે. તેનું હોવું જ ધર્મ બની જાય છે. તેની પાસે હોવું જ પવિત્રતાનો અનુભવ કરાવે છે. તેનું જીવન ધન્ય બની જાય છે.

**બુદ્ધિને એકવાર સ્વતંત્રતા આપી, તો પછી પ્રજ્ઞા અને પ્રકાશ ગુણાકારમાં વધે છે. મન પળે પળ વધારે ને વધારે પ્રકાશિત થતું જશે**

ગાઢ અંધકારમાં વર્ષો સુધી રહેલું મન હવે કેવળ સૂર્ય સમાન બની જાય છે જેની ગરમીમાં પૂર્વગ્રહો, સંકુચિતતા, ઝનૂન સળગીને ભસ્મ થઈ જાય છે અને એ જ ગરમી ઉષ્મારૂપે પ્રેમ, કરુણા, અહિંસારૂપે જગતને હૂંફ આપે છે.

કરવા જવા ટાણેનો અંધકાર વળતા ટાણે અજવાળામાં ફેરવવો - એ જ જીવનનો હેતુ બને, જો હેતુ પૂર્ણ થયો તો તેના આનંદની અનુભૂતિ મીરાંની જેમ ગાઈ ઊઠશે...

ખરચૈ ન ખૂટે, વાકો ચોર ન લૂટૈ,<br>
દિન દિન બઢત સવાયો... ✸✸✸

હું વ્રત, એકટાણાં, ઉપવાસ કરું અને મારા મનમાંથી ગુસ્સો, ઈર્ષ્યા, ડંખ - નિર્મૂળ ન થાય,<br>
તો મારું એ 'તપ' મિથ્યા છે.

હું મંદિરે જાઉં, ફૂલ ચડાવું, માળા ગણું અને મારાં કર્મમાંથી સ્વાર્થ, લોભ, મોહ - નિર્મૂળ ન થાય,<br>
તો મારી એ 'પૂજા' મિથ્યા છે.

હું જપ કરું, સત્સંગ કરું, ધ્યાન કરું અને મારા ચિત્તમાંથી અહંકાર, અભિમાન, મોટાઈનો ભાવ - નિર્મૂળ ન થાય,<br>
તો મારી 'ઉપાસના' મિથ્યા છે.

હું એકાંતમાં જાઉં, વૈરાગ્ય ગ્રહું,મૌન પાળું અને મારી ઈચ્છાઓ-વૃત્તિઓનું - શમન ન થાય, મારો દેહભાવ ઢીલો ન પડે,<br>
તો મારી એ 'સાધના' મિથ્યા છે.

હે પરમાત્મા, હું પ્રાર્થના કરું ને તમારું નામ લઉં અને મારા જીવનમાં - પ્રેમ, કરુણા, મૈત્રી, આનંદ - પ્રગટ ન થાય,<br>
તો મારો તમારી સાથેનો 'સંબંધ' મિથ્યા છે.

**- કુન્દનિકા કાપડીઆ.**

# સરપ્રાઇઝ

**નીતા જોશી**



**અ**નુ સાણસી પકડીને સ્ટવ પાસે ઊભેલી છતાં દૂધ ઊભરાઈ ગયું. એ થોડી ધ્રૂજી, ગભરાઈને ચારે તરફ જોયું. ક્યાંય કોઈ ન હતું. એણે થોડી રાહત અનુભવી. સવાર-સવારના આવી બેદરકારીથી પોતાના ઉપર ગુસ્સો આવ્યો. એણે આંગળીથી દૂધના રેલાને સીંક તરફ ખેંચ્યો, પછી ફટાફટ પ્લેટફોર્મ અને સ્ટવ સાફ કર્યા, ફરી એક વાર આસપાસમાં જોઈ લીધું. એની આંખ ફરતે સંકોચ ફરી વળ્યો.

એ બધાંની નજરનો સામનો કરી શકતી, એક મમ્મીજીની નજરનો નહીં. એ મમ્મીજીથી ખૂબ ડરતી. ઘરમાં જો કોઈ નાનું નુકસાન થાય અને એ માટે એ જવાબદાર હોય તો એ અપરાધભાવ અનુભવતી. કદાચ આ કારણે જ હજુ એના પગ આ ઘરની જમીનને પોતીકી માની ચાલી નહોતા શકતા, નાના-નાના ધ્રાસકાઓની આ પહેલાં એને આદત નહોતી. એક લાંબા સમયની અનુભવેલી આઝાદી અહીં શક્ય નહોતી કારણ કે આ સાસરું હતું. એ પણ મમ્મીજીના ઈશારે ચાલતું સાસરું. લગ્ન પછીના થોડા જ સમયમાં એને સમજાઈ ગયું કે સમાયોજન શબ્દને અહીં ઘૂંટવાનો છે.

ક્યારેક અંદરના અણગમાઓ વધુ ભેગા થઈ જતા ત્યારે ઉદાસ થઈ એના બેડરૂમની બારી પાસે ઊભી રહેતી અને જોયા કરતી બહારનું આકાશ, નાનકડું તળાવ, વૃક્ષો અને પાંખો ફફડાવતા સફેદ બગલાઓ. એને પહેલાં હતું કે લગ્ન એ ખૂબ રોમાંચક ઘટના છે, પરંતુ જવાબદારીની સભાનતા સમજાતાં જ બહુ જલદી આ ઘટનાએ એના મનમાં ચમક ગુમાવી દીધી હતી. નવી જમીન, નવા લોકો, નવા હઠાગ્રહો, નવીન આદતો સુધી પહોંચવામાં એના શરીર અને મન વિરુદ્ધ દિશામાં ખેંચાઈ જતાં. પિયરમાં ચાલવાની ગતિ અને અહીંયાં ચાલવાની ગતિમાં મોટો ફરક હતો. હળવાશ અને ભારેપણાનું અંતર એને બે ઘરનાં અંતર વચ્ચે સમજાઈ ગયું હતું. મમ્મી પાસે ખોટું પણ ભય વગર સ્વીકારી શકતી અને અહીં ખોટું ન કર્યું હોય ત્યારેય બિલ્લી પગે ફરતી. ઘણી સભાન રહેવા છતાં હાથમાંથી કશુંક છટકી જતું, ક્યારેક બટકી જતું, ત્યારે ઝંખવાઈ જતી. થોડા દિવસ પહેલાં જ સાફસફાઈ કરવા જતાં મમ્મીજીનું પ્રિય એવું ટી-પોટનું ઢાંકણ છટકીને તૂટી ગયેલું એ સાથે ઠંડીબોળ થઈ ગયેલી. મમ્મીજી સામે ''સૉરી'' કહીને ઊભી રહી. પ્રત્યાઘાતમાં મમ્મીજી ફૂંગરાયેલા ચહેરા સાથે આખો દિવસ ફર્યા.




**અનેક સામાજિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલા ઝાલાવાડી સભાના ભૂતપૂર્વ ટ્રસ્ટી ડૉ. બિપિનભાઈ દોશીનું પણ કોરોના કાળની કામગીરી માટે મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી. કોશિયારી દ્વારા શ્રી. ગોપાલભાઈ શેટ્ટી (M.P.) તથા શ્રી પરાગભાઈ શાહની (M.L.A.) ઉપસ્થિતિમાં સન્માન કરવામાં આવ્યું.**

ઈશાને જ્યારે ઠપકાભરી નજરથી એની સામે જોયું ત્યારે અંદરથી એ ખૂબ વલોવાઈ હતી. એને થયું આ તો કેવી જિંદગી? અહીં સભાન રહેવાનો એક માત્ર અર્થ ઘરને સાચવવું એટલો જ? એ રાત્રે ઈશાન ઉપર ખૂબ અકળાયેલી. બોલવાની જરૂર હોય ત્યારે પણ મૂંગો રહે છે. કેવો છે, સાવ ઠંડો. એ ખૂબ બબડેલી પછી શાંત થઈ ગઈ.

અનુ જાણતી હતી ઈશાન એની ઉપર ગુસ્સે ઓછો થતો. એ અકળાયેલો હોય ત્યારે ચૂપ રહેવાનું પસંદ કરે નહીંતર બહાર જતા રહેવાનું. અનુ માટે આ ઘરનો માહોલ સમજની બહારનો હતો. એ જોયા કરતી મમ્મીજીના મિજાજને, મમ્મીજીના અભિમાની અવાજને અને એ અવાજ નીચે દબાયેલા પરિવારના બીજા સભ્યોને. ધીરે-ધીરે એનું નામ એમાં ઉમેરાતું જોઈ શકતી હતી. માત્ર ત્રણ જ વર્ષમાં એ બેધ્યાન અને લાપરવાહ વહુ સાબિત થઈ ગઈ. જો કે ઈશાનને આ બધી વાતોથી કોઈ ફરક નહોતો પડતો. અનુને ક્યારેક લાગતું ઈશાનના ચહેરા ઉપર રાખ ફરી વળી છે, એ બુઝાઈને ઠંડી થઈ જાય એ પહેલાં અગ્નિ પ્રગટાવી લેવાય તો સારું. એકાંતની ક્ષણોમાં ઈશાનને હચમચાવીને કહેતી, ''કાંઈક તો બોલો, અંદર ઘૂમરાતા શબ્દોને ખેંચીને ફેંકી તો જુઓ.'' અનુના ભાગમાં આવેલો નિરુત્તર ઈશાન મૌનથી જેટલું અકળાવતો એટલું જ ચૂપચાપ ચાહી લેતો. અનુ આ વાતથી અજાણ નહોતી. ખૂલીને જીતવા ટેવાયેલી અનુને થતું આ ઘરમાં જાણે દરેક વસ્તુ, શબ્દો અને ઘટનાઓ ઉપર ચમકતાં ઢાંકણ છે. એક એક વસ્તુ રંગીન લિસ્સી સપાટી નીચે સંતાયેલી છે. એ જેમ વધુ વિચારતી એટલો મનથી થાક અનુભવતી. પિયરમાં રંગોનો ઉત્સવ મનાવતી અનુ અહીં રંગો પ્રત્યે જાણે ઉદાસીન બની ગઈ હતી. વિન્ચી અને વાન ગોઘના રંગોની લિપિ ઉકેલતી અનુ અહીં સોનેરી તડકા તરફ પણ બેધ્યાન હતી. રંગો યાદ આવતાં જ એને યાદ આવ્યું. બાથરૂમની ટાઈલ્સ પીળી પડી ગઈ છે, ચોકડીમાં લીલો શેવાળ બાઝી ગયો છે અને જીનીએ લીટા કરી

બહારની દીવાલ બગાડી મૂકી છે. એને કેમ કશું યાદ નથી રહેતું ? એને પોતાની ઉપર ગુસ્સો આવ્યો. આમ તો એની ગુસ્સો ઓગાળવાની જગ્યા હતી એના રૂમની બારી. એ બારીની બહાર દેખાતા તળાવ સાથે વાતો કરતી, સાથે આ રૂમ આપવા બદલ મમ્મીજીનો આભાર પણ માનતી.

લગ્ન પહેલાં એ એક વાર આવી હતી ત્યારે મમ્મીજીએ કહેલું ''અનુરાધા, આજ તારે તારો રૂમ પસંદ કરવાનો છે.''

એમણે બે રૂમ બતાવેલા, એક મોટો રૂમ બતાવેલો જ્યાં બારીની બહાર પસાર થતો રસ્તો જોઈ શકાતો હતો અને બીજો આ નાનો રૂમ જ્યાંથી ખુલ્લું આકાશ અને નાનકડું તળાવ જોઈ શકાતું હતું. લગ્ન પછી એક સાંજે એ ઈશાન સાથે તળાવ ફરતે ચક્કર મારવા ગયેલા. અને મજા પડી હતી. પાણીમાં તરતાં વાદળાના ચોસલાંઓ અને વૃક્ષોનાં પ્રતિબિંબ જોયા કરતી હતી. આજે એને જીનીને તળાવ કાંઠે લઈ જવાની ખૂબ ઈચ્છા થઈ. ઈશાનને પૂછયું ત્યારે હંમેશ મુજબ અસમંજસમાં રહ્યો અને મમ્મીજીએ સ્પષ્ટ કહી દીધું, ''આવી અવાવરું જગ્યામાં ફરવા જવાતું હશે ? બાગ છે, મંદિર છે, ફનવર્લ્ડ છે, જાવું હોય તો ત્યાં જાઓ.'' દીકરી મોનાને આદેશ આપતાં કહ્યું ''તું ભાભી સાથે જજે.'' અનુને થયું આ બારીમાંથી દેખાતું જગત ક્યાં ઓછું હતું કે એણે આવી ઈચ્છા વ્યક્ત કરી ? એણે જવાની ઈચ્છા ટાળી અને મસાલિયામાં ભળી ગયેલા રંગો જુદા કરવા રસોડામાં પહોંચી ગઈ. એની ઉપર એક સુખી સંપન્ન પરિવારની તમામ શિસ્ત સભ્યતા જાળવવાની જવાબદારી હતી.

બાઈના હાથનું મમ્મીજી જમતાં નહીં એટલે રસોડાનું કેન્દ્રબિંદુ એ જ હતી. કોને શું અને કેવું જોઈએ એની કાળજી રાખનાર અનુને શું જોઈએ એ ઈશાનને પણ ખબર નહોતી.

પપ્પાજીને બધું સુગર ફ્રી અને તેલ-મરચું નહીંવત, મમ્મીજીની હેલ્થ સારી એટલે એમને સ્વાદિષ્ટ અને મસાલેદાર જોઈતું. મોના ડાયેટિંગ કરતી, એના માટે સ્પ્રાઉટી અને જ્યુસ, શરબત. જીનીનું જમવાનું તો સાવ અલગ રહેતું. ઈશાન એ બાબતમાં ઘણો સરળ હતો. જે આપો એ ચૂપચાપ ખાઈ લેનારો માણસ, અને પોતે તો રસોડું આટોપવાની ઉતાવળમાં બધું ઝડપથી કરવા ટેવાયેલી હતી. અનુની સવાર ખૂલતાની સાથે જલદીથી સાંજ બની જતી. કોઈક દિવસ એને રાત વહેલી પડવાની ઉતાવળ જાગી જતી. જીનીને સુવરાવી ઈશાન પાસે પહોંચે ત્યારે ઈશાન જો ઘસઘસાટ ઊંઘી ગયો હોય તો એ પણ છત સાથે સંવાદ કરતી ઊંઘી જતી.

''જીવન મારું છે અને મારી ઈચ્છા મુજબનું જ જવીશ'' એવી મમ્મી, પપ્પા સાથે કરેલી દલીલો હવે નિસ્તેજ બનતી જતી હતી. સાવ નાની નાની ઈચ્છાઓ પૂરી કરવાનાં કારણો બતાવવાનાં ! આમ જોખીજોખીને કેટલો સમય રહી શકાય ? ઈશાન આ બધી વાતો કેમ નથી સમજતો ? શું કામ એણે નોકરી ન કરવા દીધી ? મમ્મીજીને પસંદ નહોતું કે આ ઘરની વહુ આવી રીતે બહાર જાય. દરેક વ્યક્તિ પાસે પોતાનું ખિસ્સું હોવું એ કેટલી મોટી વાત છે. આટલું ભણ્યા પછી પણ આટલી લાચારીથી વર્તવાનું ? અહીં અધિકારપૂર્વક કોને કેટલું કહી શકાય ? કેટલું માગી શકાય ? એની અંદરના વિચારો જ્યારે ચામાચીડિયાની માફક પાંખો ફફડાવતા ત્યારે એ ઉતારી લીધેલા ચહેરા સાથે શરણાર્થી બનીને ઘરનાં કામમાં જોડાઈ જતી.

સગાઈના સમયે પાથરવામાં આવેલી લાલ જાજમ બહુ જલદીથી સંકેલી લેવામાં આવી હતી, અહીં એક પૈસાદાર પરિવારમાં ઊછરેલાં, હઠાગ્રહી સાસુના હાથમાં સત્તા હતી. એમની ઈચ્છા વિરુદ્ધનું એ કાંઈ પણ સાંખી શકતાં નહીં, નણંદ મોના, ઘરનું આઝાદ પંખી હતું. જ્યારે સસરાજી નરસિંહ મહેતાના સ્વાંગમાં મંદિરેથી હીંચકે અને હીચકા ઉપરથી પલંગમાં. ઈશાન શૅરબજાર, છાપું, કમ્પ્યુટર અને એના બિઝનેસમાં વ્યવસ્ત રહેતો. એ જેમ જેમ વધુ વિચારતી એટલી વધુ અકળાતી. એને થતું ઈશાન કેમ બધાને કહી શકતા નથી કે અનુને કાંઈક કરવું છે. કાંઈક ઈચ્છા મુજબનું જીવવું છે. આપણે બધા ઘરની જવાબદારી થોડી થોડી વહેંચી લઈએ. એ વિચારીને ખૂબ કંટાળતી ત્યારે સાંજે બારી પાસે ઊભી રહી તળાવમાં ડૂબતો સૂરજ જોયા કરતી.

મમ્મીજી આમ તો ટી.વી. જોતા હોય અથવા ફોન ઉપર લાંબી વાતો કરતાં હોય. આ બધાંની વચ્ચે એમની ઝીણી નજરમાંથી કશું છટકતું નહીં. ઘરનો ખૂણેખૂણો માપી લેવાની એમની આદતથી અનુ વધુ પરેશાન રહેતી.

બપોરે જમવામાં શું બનાવવું એ સવારે નાસ્તા સમયે ટેબલ ઉપર મમ્મીજી નક્કી કરતાં અને સાંજના બપોરે જમ્યા પછી કહેતાં, બધું માપસરનું થવું જોઈએ એવા આગ્રહ સાથે કહેતાં. ક્યારેક ત્રાજવાની જેમ લટકતા હાથ સામે અનુ જોયા કરતી, એને થતું, જે આંગળીઓની ચપટીમાંથી રંગો વેરાઈને રંગોળી બની જતા એ આંગળીઓને આટલી બધી કહ્યામાં રાખવાની ?

ઈશાન આવી બધી બાબતમાં ઘણો સરળ હતો. એની એવી કોઈ માગણીઓ જ નહોતી. ઈશાન ગમવાનું એ પણ એક કારણ હતું. ઈશાન માટે જેમ ફરિયાદ હતી એમ લાગણી પણ હતી. એનાં અંગત એવા કોઈ ખાનાંઓ નહોતાં. એ ખુલ્લો હતો - વાંચી શકાય એટલો ખુલ્લો. બસ, એનું અકળાવનાર મૌન અનુની સમજની બહારનું હતું. એને હચમચાવીને પૂછવાનું મન થતું કે ''કાંઈક તો બોલો... ક્યારેક તો મને પૂછો મને ખરેખર શું જોઈએ છે ?'' અનુનું હૃદય ભરાઈ આવતું. માત્ર ત્રણ જ વર્ષમાં રંગીન કાગળ જેવું લગ્નજીવન ફરફરવાને બદલે ડૂચો થવા લાગ્યું હતું. મમ્મીજીને મન એ માત્ર મશીન હતી. આજે એ ઉદાસ હતી. બારીમાંથી તળાવ નહીં પણ આકાશ જોતી હતી. રંગો વગરનું ભૂરૂં આકાશ. એણે ઘણી વાતો કરી પ્રતિઘોષની અપેક્ષા વગર. અકળાઈને આંખો બંધ કરી ઊભી રહી ક્યાંય સુધી. અચાનક ઈશાનના સ્પર્શથી એ ચમકી.

''ઈશાન તમે ? અત્યારે ?'' ઈશાનને અત્યારે આવેલો જોઈ એને આશ્ચર્ય થયું.

''હા, આજે તને સરપ્રાઈઝ આપવા વહેલો આવ્યો છું. શું કરતી હતી ?'' કહી એણે અનુને

# શ્રી મુંબઈ જૈન પત્રકાર સંઘ દ્વારા સાત એવોર્ડ માટેની જાહેરાત

શ્રી મુંબઈ જૈન પત્રકાર સંઘ તરફથી જૈન પત્રકારોને દર વર્ષે એવોર્ડ આપવામાં આવે છે.

પત્રકારોને પ્રોત્સાહન મળે તેના માટે સંસ્થાએ અલગ અલગ કેટેગરીના સાત એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે. પત્રકાર મિત્રો દર વર્ષની માફક આ વર્ષે પણ વધુ ને વધુ પ્રમાણમાં ભાગ લે તેવી પત્રકાર સંઘની અપેક્ષા છે.

(૧) શ્રીમતી રૂક્ષ્મણીબેન દીપચંદભાઈ ગાર્ડી 'વિદ્યાવારિધિ' ૧૫માં એવોર્ડ હરિફાઈ માટે સન ૨૦૧૫ના એપ્રિલથી ૨૦૧૬ના માર્ચમાં કોઈપણ અખબાર, મેગેઝિનમાં પ્રસિદ્ધ થયેલ લેખ (સંપૂટ) સંસ્થાના સરનામે મોકલી આપવો.

(૨) શ્રેષ્ઠીશ્રી નવીનચંદ્ર ડી. મહેતા તરફથી 'નવીન કોકિલ' આઠમા એવોર્ડ માટેની હરિફાઈ માટે ટૂંકી વાર્તાઓ સન ૨૦૧૫ એપ્રિલથી ૨૦૧૬ માર્ચમાં કોઈપણ અખબાર, પત્રિકા તથા મેગેઝિનમાં પ્રસિદ્ધ થયેલ ટૂંકી વાર્તાની એક ઓરીજનલ કોપી તથા એક ઝેરોક્ષ કોપી મોકલી આપવી.

(૩) શ્રેષ્ઠી શ્રી પુખરાજજી બાફના તરફથી શેઠ ચુનીલાલ બાફના ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નવમો એવોર્ડ 'બાફના એવોર્ડ' મેગેઝિન તથા પત્રિકાના તંત્રીલેખ માટે એક જ એવોર્ડ આપવામાં આવશે.

(૪) જૈન શ્રેષ્ઠી શ્રી મંગલ પ્રભાત લોઢા તરફથી લોઢા ફાઉન્ડેશન છઠ્ઠો એવોર્ડ ઊભરતા લેખકને આપવામાં આવશે.

(૫) જૈન શ્રેષ્ઠી શ્રીમતી જેઠીબેન ચીમનલાલ મૂલચંદભાઈ શેઠ થરાદનિવાસી તરફથી દ્વિતિય એવોર્ડની વિષય છે કવિતાની કૃતિને આપવામાં આવશે.

(૬) જૈન શ્રેષ્ઠી શ્રીમતી રેવાબેન તારાચંદ દોલચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી દ્વિતિય એવોર્ડનો વિષય છે- દસ વર્ષ જૂની પત્રિકા અથવા મેગેઝિન નિયમિત પ્રસિદ્ધ કરતાં હોય તેમને અરજી કરવી.

(૭) જૈન શ્રૈષ્ઠી શ્રી સુરેશભાઈ યુ. પેથાણી તરફથી પેથા-ણી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટનો પ્રથમ એવોર્ડ જૈન પત્રકારને એનાયત કરવામાં આવશે.

(૮) સતિષભાઈ સુરાણા તરફથી દૈનિક અખબારના જૈન પત્રકારને એવોર્ડથી બહુમાન કરવામાં આવશે તેની જાહેરાત એવોર્ડ સમારંભમાં કરવામાં આવશે.

આ સાત એવોર્ડની કૃતિઓ છેલ્લામાં છેલ્લી ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધી સ્વીકારવામાં આવશે.

(૧) કોરોનાને લીધે દરેક લેખ ૨૦૧૯ થી ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં પ્રગટ થયેલા લેખો હોવા જોઈએ. (૨) આ સાથે તેમના લેખની એક ઓરીજનલ કોપી તથા એક ઝેરોક્ષ કોપી મોકલી આપવી. એકથી વધારે નકલ મોકલવી નહીં. (૩) તમારા લેખ, વાર્તા તથા તંત્રીલેખ સંસ્થાએ નક્કી કરેલ જજને સોંપવામાં આવશે અને તેનો નિર્ણય આખરી રહેશે. (૪) આ સાથે કયા એવોર્ડ માટે ભાગ લેવા કૃતિ મોકલો છો તે કેટેગરીના એવોર્ડનું નામ લખવું જરૂરી છે. તમારા લેખો સંસ્થાની ઓફિસના સરનામે મોકલી આપવા વિનંતી.

**સરનામું : ૩/૧૩/૨૬ આર, નવજીવન સોસાયટી, લેમિંગ્ટન રોડ, મુંબઈ-૮.**

*(અનુસંધાન ૨૦ થી)*

નજીક ખેંચી.

''અરે ! આ શું કરો છો ? કોઈ જોઈ જશે તો ?''

''તો કહીશ કે મારી પત્નીને પ્રેમ કરું છું.''

અનુની આંખોમાં રંગો ફેલાયા, એના માટે આજનો ઈશાન જુદો જ હતો. તડકામાં મૂરઝાતા છોડને પાણી મળતાં જ ફરી તાજું થાય એવી તાજગી એણે અનુભવી.

''આજે હું તને કાંઈક આપવા માટે વહેલો આવ્યો છું. તું ખુશ થઈ જઈશ એવી સરપ્રાઈઝ.'' અનુના કાન ગરમ થયા, આના ચહેરા ઉપર ચમક ફેલાઈ. એણે ઈશાનના નવા ચહેરાને જોયા કર્યો. ઉત્સાહિત થઈ બોલી ''કહો ને કેવી સરપ્રાઈઝ ?''

''તારા માટે નોકરી શોધી લાવ્યો છું. તને કામ કરવાની મજા પડે એવી, ડ્રૉઈંગ ટીચર બનીશ ને ?''

''તમને કેવી રીતે ખબર પડી કે મને રંગો આટલા બધા ગમે છે ?''

''મને બારી બહારનું તળાવ કહેતું હતું.'' ઈશાન આજે કાંઈક જુદા જ મૂડમાં હતો.

''તળાવ એવું નહોતું કહેતું કે અનુ નોકરી કરશે તો જીનીનું અને ઘરનું શું ?''

''એણે કહ્યું કે જીનીને અને ઘરને સાચવવામાં તું મદદ કરજે.''

અનુ હસી પડી. ''મદદ અને તમે ?''

''હા, મદદ અને હું. પણ, નિરાશ આંખોવાળી અનુ હવે તો નહીં જ.''

અનુએ ઈશાનના ચહેરાને, હળવા શ્વાસ સાથે ચૂમ્યો, પ્રસન્નતા સાથે એણે બહાર નજર નાખી. જ્યાં વૃક્ષો ઉપર પંખીઓ પાછાં ફરી રહ્યાં હતાં. રંગો આકાશમાંથી ઊતરી, પાણીમાં ઝબોળાઈ રૂમમાં પ્રસરી ગયા હતા.

આજે અનુને થયું, જિંદગી ઉપહાસ નથી, ઉપહાર છે. એ ધરતી ઉપરથી ઊંચકાઈ અને ઈશાનની આંખના તળાવમાં ડૂબી ગઈ, ફેલાતા રંગોને ઝીલ્યા કરતી ક્યાંય સુધી.

✱✱✱

# પ્રેમ એટલે..



પ્રેમ એટલે–
શબરીના આશ્રમમાં બેસી
કોઈ રામની રાહ જુએ એ ?
ના...

પ્રેમ એટલે–
મીઠાં મીઠાં બોર ચાખીને ભેગાં કરવાં !

પ્રેમ એટલે–
તમને ના સમજાય છતાંયે
વાતવાતમાં આંખો ભીની થતી જાય...
અંધારામાં હળુ હળુ અજવાળાની કોઈ
અનુભૂતિ જે થાય...

પ્રેમ એટલે–
સહરાના રણના કણકણમાં
ટળવળતી ટળવળતી મીઠી
તીવ્ર તરસનો ભાસ...

પ્રેમ એટલે–
કરચલીઓવાળા ચહેરા પર
ભીની ભીની નજર ફેરવે કોઈ

પ્રેમ એટલે–
પીંછું થઈ ચહેરો પંપાળે કોઈ

પ્રેમ એટલે–
વૃક્ષ ઉપર ફરફરતું પીળું પાન

પ્રેમ એટલે–
થનગનતા હૈયાના કોઈ
ચૂકી જવાતા ધબકારાનું ભાન

પ્રેમ એટલે–
અમૃત પીને અમર થવું એ ?
ના

પ્રેમ એટલે–
માતાના ધાવણના થોડા ઘૂંટ...

પ્રેમ એટલે–
બ્રહ્માંડોમાં વ્યાપેલું આ પારદર્શી અજવાળું

પ્રેમ એટલે–
ચહેરા પર ફરકતું વિસ્મય
અકળ અને મર્માળું...

પ્રેમ એટલે–
ખરી પડેલું કોઈ પાંદડું તરતું તરતું
ધરતીના કોમળ ખોળાને અડે...

પ્રેમ એટલે–
પંખીની પાંખોને પળમાં ઊંચકી લેતી
હવા...

પ્રેમ એટલે–
તમે નહીં ને અમે નહીં બસ,
કોઈ નહીં ને છતાં બધાંયે...

પ્રેમ એટલે–
માત્ર અઢી અક્ષરનું કેવળ સત્ય
- સત્ય સમયનું...

પ્રેમ એટલે–
પારદર્શી ચહેરા પર કોઈ
ઝીણી ઝીણી શરમ ઊગે પળભરમાં...
- આ મૂક્યાં પગરખાં
- આ ઝૂક્યાં ચરણમાં

પ્રેમ એટલે... મા

પ્રેમ એટલે... મૌન... કેવળ મૌન...
બ્રહ્માંડોનાં બ્રહ્માંડોને અને હૃદયને...
અંતરતમ અંતરને પળમાં
છલક છલક છલકાવી દેતું મૌન... ...

**- માધવ રામાનુજ**

## ગઝલ

*અઠંગ આંખ હોય પણ ફરક કળી શકો નહીં*
*મને મળ્યા પછી તમે તમે રહી શકો નહીં*
*શરત ગણો તો છે શરત, મમત કહો તો હા, મમત*
*તમે તમે ન હોવ તો મને મળી શકો નહીં*
*પ્રવેશબાધ કે નિયમ કશું નથી અહીં છતાં*
*કહું હું ત્યાં લગી તમે પરત ફરી શકો નહીં*
*જો થઈ જશે લગાવ તો સ્વભાવ થઈ જઈશ હું*
*મથો છતાંય એ પછી મને તજી શકો નહીં*
*તરણ કળા પ્રવીણ હો, તરી શકો સમંદરો*
*ડૂબી ગયા જો આંખમાં, તમે બચી શકો નહીં*
*પડ્યા પછી જ પ્રેમમાં ખરેખરી ખબર પડી*
*સતત મરી શકો ખરા, સતત જીવી શકો નહીં.*

**-હર્ષવી પટેલ**



# કવિશ્રી 'ઉશનસ્'



**નર્મદચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક, ભારતીય સાહિત્ય અકાદમી તથા નરસિંહ મહેતા એવૉર્ડ વિજેતા કવિ નટવરલાલ કુબેરભાઇ પંડ્યા 'ઉશનસ' એ વિપુલ સાહિત્ય સર્જન થકી ગુજરાતી ગિરાને સમૃદ્ધ કરી છે. સંસ્કૃતિ સભાન અને પ્રકૃતિપ્રેમી કવિ, વિવેચક અને આત્મકથા લેખકે પોતાના સર્જનમાં પ્રણય, ચિંતન, વતનપ્રેમ અને પારિવારિક સંવેદના ઝીલી છે. 'પ્રસૂન', 'નેપથ્યે', 'આર્દ્રા', 'મનોમુદ્રા', 'તૃણનો ગ્રહ' 'સ્પંદ અને છંદ'. અશ્વત્થ જેવા ૨૦ થી પણ અધિક કાવ્યસંગ્રહો, વિવેચન ગ્રંથો તથા 'સદ્‌માતાનો ખાંચો' જેવી આત્મકથા લખી છે. ગુજરાતી કવિતા સાહિત્યને ઉશનસે સર્વાધિક સોનેટ ભેટ ધર્યા છે...**

**સંધ્યા શાહ**

## એ જિંદગી

આ તરફ ઉન્મત ધ્વજ ફરકાવતું સરઘસ જતું;  
-ના, તે નહીં  
એ તરફથી ડાઘુજન ગમગીન ચહેરે આવતું;  
- તેયે નહીં  
રસ્તા વિશે એ બેય ધારા જ્યાં મળે  
તે મેદની છે જિંદગી.  
ભરતી વિશે ઊભરાય ખાડી, ખાંજણોયે આકળી,  
-ના, તે નહીં  
ને ઓટમાં એ હાડપિંજરની ગણી લો પાંસળીએ પાંસળી;  
- તેયે નહીં  
ઓટ ને ભરતી ઉભય સંધાય જે ક્ષણ  
તે સમુંદર જિંદગી.  
ફૂલના જેવું વસંતલ સ્મિત ખીલે જે શૈશવે;  
-ના, તે નહીં  
ને અષાઢી મેઘ જેવી આંખડી સતત રુએ;  
- તેયે નહીં  
હર આહ કૈં મલકી જતી, હર સ્મિત ભરતું ડૂસકું  
તે સંધિક્ષણ છે જિંદગી.

આવી જ એક ક્ષણ હોય,  
સામે અષાઢઘન હોય;

ફણગો ફૂટે અડકતાં જ  
ભીનોભીનો પવન હોય;

જે તે ચણ્યું ગમે ના,  
કાચું પીમળતું વન હોય;

ઊગી જવાય વાડે  
જો આ ક્ષણે વતન હોય;

જામીય જાય મૂળિયાં  
જો થોડું બાળપણ હોય;

સિમેન્ટમાં ઢૂંઢું છુંઃ  
એકાદ મિટ્ટીકણ હોય;

ઠરવા ચહે છે આંખો  
હરિયાળું ક્યાંક તૃણ હોય;

બોલાવે ઘેર સાંજે  
બાના સમું સ્વજન હોય.

## વળાવી બા આવી

રજાઓ દિવાળી તણી થઈ પૂરી, ને ઘરમહીં  
દહાડાઓ કેરી સ્ખલિત થઈ શાંતિ પ્રથમની

વસેલાં ધંધાર્થે દુરસુદૂર સંતાન નિજનાં  
જવાનાં કાલે તો, જનકજનની ને ઘર તણાં

સદાના ગંગામા સ્વરૂપ ઘરડાં ફોઈ, સહુએ  
લખાયેલો કર્મે વિરહ મિલને તે રજનીએ

નિહાળ્યો સૌ વચ્ચે નિયત કરી બેઠો નિજ જગા,  
ઉવેખી એને સૌ જરઠ વળી વાતે સૂઇ ગયાં

સવારે ભાભીનું ભર્યું ઘર લઈ ભાઈ ઊપડયા,  
ગઈ અર્ધી વસ્તી, ઘર થઈ ગયું શાંત સઘળું,

બપોરે બે ભાઈ અવર ઊપડયા લેઈ નિજની  
નવોઢા ભાર્યાઓ પ્રિયવચન મંદસ્મિતવતી

વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ  
ગૃહવ્યાપી જોયો વિરહ, પડી બેસી પગથિયે

## ચણે છે ચિંતાઓ ઘર મુજ

દીવાટાણે સાંજે, કરી કદી અસૂરો રજનીએ  
વળું પાછો ને જ્યાં ઘર મહીં પ્રવેશું છું, દિનના  
બધા ધંધામાંથી લથડ-પદ ઢીલોઢસ થઈ  
હટાણું રોજિંદું પતવી, ખતવી તારીખ પૂરી  
પૂછું છું પહેલાં ખબર ઘરમાં 'સૌ કુશળ' ના;

ગયો આવી છે કે શિશુગણ નિશાળેથી? રમવા  
ગયેલાં શેરીમાં હજી પણ ફર્યાં ઘેર નથી કે  
થઈ વાળુવેળા તદપિ? દૂર ગ્રામાન્તર ગઈ  
-ટપાલે આવી કૈં ખરખબર છે કે દીકરીની?

બધી ચિંતા ભેગી મૂકી મૂકી મ્હારું ઘર અણુંઃ  
ચણી દે ભીંતોને શિશુજનનીનો સાંધ્ય ટહુકો,  
ચણે છે ચિંતાઓ ઘરનું હૂંફનું છાપરું-છતો,  
ચણે ચિંતા મારું ચીત પલટીને 'માવતર'માં,  
શિશુભ્હાને પોતે પ્રવિશું હું પુનઃ પિતૃઘરમાં.

# મજાનું એક બાળપણ



ધોરણ પાંચ સુધી સ્લેટ ચાટવાથી
કેલ્શિયમની ઉણપ પૂરી કરવી
એ અમારી કાયમી ટેવ હતી..!
અને ભણવાનો તણાવ ?

પેન્સિલનો પાછલો હિસ્સો
ચાવી ચાવી ને
તણાવમુક્ત થઈ જતા હતા..!

અને હા ...
ચોપડીઓના વચ્ચે
વિદ્યાના ઝાડનું ડાળુ અને
મોરના પિછાને મૂકવાથી
અમે હોશિયાર થઈ જઈશું
એવી દૃઢ માન્યતા હતી..!

અને
કપડાની થેલીમાં
ચોપડા ગોઠવવા એ ..
અમારું આગવું કૌશલ્ય હતું.

ચોપડા ગોઠવવા એ જ
એ જમાનામાં હુન્નર મનાતું હતું.
અને ..
ચોપડીઓ ઉપર પૂંઠા ચડાવવા
એ અમારા જીવનનો
વાર્ષિક ઉત્સવ હતો ...

અને માતા-પિતાને
અમારા ભણતરની તો
કોઈ ફિકર કે ચિંતા જ નહોતી.

વર્ષોનાં વર્ષો વીતી જતાં
છતાં અમારા માતા-પિતાના
પાવન પગલા ક્યારેય
અમારી સ્કૂલ તરફ પડતા ન હતા.

અને અમારા દોસ્તો મજાના હતા.
જ્યારે
સાઈકલ લઈને જતા હતા ત્યારે
એકને ડંડા ઉપર અને બીજાને
કેરિયર પર બેસાડતા
અને કેટલી મંઝિલો ખેડી હશે,
એ અમને યાદ નથી ...

પરંતુ
થોડી થોડી બસ અસ્પષ્ટ યાદો
અમારી સ્મૃતિ પટલ પર છે...!

એ જમાનામાં
નવા નવા ટેલિવિઝન આવ્યાં હતાં.
કોઈ કોઈના ઘરે ટેલિવિઝન હતાં
જોવા જઈએ તો
ક્યારેક ક્યારેક
અમને કાઢી મૂકવામાં પણ આવતા.
છતાં અમને કોઈ
અપમાન જેવું લાગતું ન હતું

નિશાળમાં
શિક્ષકનો માર ખાતા ખાતા
અને અંગૂઠા પકડતા પકડતા
ક્યારેય શરમ કે સંકોચ
અનુભવ્યાં નથી કારણ કે ....

તે વખતે ક્યારેય
અમારો 'ઇગો' હર્ટ નહોતો થતો.
કારણ કે ...
અમને ખબર જ નહોતી કે
ઇગો કઈ બલાનું નામ છે ?

માર ખાવો
એ અમારા જીવનની
દૈનિક
સહજ પ્રક્રિયાનો ભાગ હતો...!

મારવાવાળો
અને માર ખાવાવાળો..
બંને ખુશ થતા હતા કારણ કે ..

એકને એમ હતું
કે ઓછો માર ખાધો ..
અને બીજાને એમ થતું હતું કે
અમારો હાથ સાફ થઈ ગયો..!

આમ બંને ખુશ...!

અમે ક્યારેય
અમારા મમ્મી પપ્પા કે
ભાઇ-બહેનને
એવું ન બતાવી શક્યા કે ...
અમે તેમને
કેટલો પ્રેમ કરીએ છીએ.

આજે અમે
દુનિયાના ઉતાર-ચઢાવ નીચે
દુનિયાનો હિસ્સો
બની ચૂક્યા છીએ

કોઈ મિત્રોને
પોતાની મંઝિલ મળી ગઈ છે.
તો કોઈ મિત્રો
મંઝિલ શોધતા-શોધતા
આ દુનિયાની ભીડમાં
ક્યાં ખોવાઈ ગયા
તેની ખબર નથી.

એ સત્ય છે કે...
અમે
દુનિયાના કોઈપણ છેડે હોઈએ
પરંતુ ..અમોને
સચ્ચાઈ અને હકીકતોએ
પાળ્યા હતા..
અમે
સચ્ચાઈની દુનિયામાં
જીવતા હતા.

અમો પોતપોતાના ભાગ્ય સાથે
આજે જે પણ
સપના જોઈ રહ્યા છીએ.
તે સપના જ
અમને જીવિત રાખી રહ્યા છે.

નહીંતો ...

અમે
જે જીવન જીવીને
આવ્યા છીએ,
તેની સામે
હાલનું આ જીવન
કાંઈ જ નથી.

અમે સારા હતા કે ખરાબ....
એ ખબર નથી
પણ...
અમારો પરિવાર
અને અમારા મિત્રો
એકસાથે હતા
એ જ મહત્ત્વનું હતું...!



# અવળસવળ

□ રવીન્દ્ર પારેખ



રીના ઘરે આવી. પર્સ ફગાવતી તે બેડ પર ફસડાઈ પડી. રડવું આવતું હતું, પણ રડવું ન હતું. રડીનેય શું ? આ કંઇ એવું તો હતું નહીં કે કોઈએ તેને કહ્યું હતું ને તેણે કરવું પડયું હતું ! જે કંઈ કર્યું તે તો તેણે તેની મરજીથી ! પણ આ મરજી તેની તો નો'તી જ ! તેણે ક્યારે ઈચ્છ્યું હતું કે નિકેત તેની સાથે ન હોય ! કે નિકેતે ક્યારે કહ્યું હતું કે-

એ તો બિચારો છેવટ સુધી કાલાવાલા કરતો રહ્યો. કોઇક રીતે પણ રીના માને તો...

પણ કંઈ પણ માનવાની છૂટ રીનાને ક્યાં હતી ?

કપાળ પર આડો હાથ રાખીને થોડી વાર મરી ગઈ હોય તેમ તે પડી રહી. આમ તો આ મૃત્યુ જ હતું ને ! કદાચ નવો જન્મ પણ હશે આ ! હવે નવેસરથી વિચારવાનું હતું. આમ તો રોજ જ એને મોડું થઈ જતું હતું. રીનાને કશુંક ખોટું થઈ રહ્યાનું પણ લાગતું હતું, પણ નિકેત પણ ખોટો ક્યાં હતો ? બેચાર દિવસે કલાકેક સાથે ગાળવાનો તેને હક નો'તો ? તે શું વધારે માગતો હતો ? પણ ઘણી વાર તો મિનિટોનાં ફાંફાં પડી જતાં હતાં, ત્યાં-ઘરે જ્યારે પણ આવતી ત્યારે રીનાને થતું કે પાંચેક મિનિટ વહેલી આવી ગઈ હોત તો પિન્કી દાદર પરથી પડી ગઈ ન હોત ! પપ્પાએ બજારમાંથી ટિફિન લાવવું પડયું ન હોત. રાકેશે ટયુશને જવાના અખાડા કર્યા ન હોત ! શર્લી તેના બોયફ્રેન્ડ જોડે...

આજે ખાસી વહેલી આવી ગઈ હતી ઘરે, પણ ન તો પિન્કી રડતી હતી કે ન તો પપ્પા બજારે ગયા હતા. રાકેશ પણ દોડયો ન હતો તેની તરફ, તેને આવતી જોતાં ! કદાચ ટયુશને ગયો હતો, શર્લી પણ ઘરમાં જ હતી. બાકી, આ સમયે તે ઘરમાં ન દેખાય. તેના બોયફ્રેન્ડ જોડે જ ક્યાંક રખડતી હોય. રીના તો કહી કહીને થાકી હતી.

'સુધર, જરા સુધર ! શર્લી ! તારો બોયફ્રેન્ડ બે જગ્યાએ લપટાયેલો છે. રખડાવી મારશે તને.' પણ શર્લી ગાંઠતી ન હતી. વાત તો પપ્પા સુધી પણ પહોંચી હતી.

'રીના, આ નાનીનું કંઈ સમજાતું નથી જો !'

રીના હસતી, 'કંઈ નથી, પપ્પા ! ડોન્ટ વરી.'

'પણ તે આમ રખડે છે તે-'

'હવે જુવાનિયા નહીં રખડે તો તમે રખડવા જવાના હતા ?' રીના હસતી,પણ તેને લાગતું કે ખોટું હતું. પપ્પા, ફિક્કું રડી દેતા, 'આજ તારી મમ્મી હોત તો... આમ દીકરીઓ...'

પપ્પા જાણતા હતા, નિકેતને. રીનાને તે ગમતો હતો તે પણ તેમનાથી અજાણ્યું નો'તું બંનેને પરણાવી જ દીધાં હોત, જો સુલેખા આમ અચાનક-

કોઈએ ધાર્યું નો' તું કે મમ્મી આમ જ ચાલી જશે.

રીનાને એકદમ જ મમ્મીનું મૃત્યુ જાગી ગયું. તે બેઠી થઈ ગઈ. ત્યારે એટલું રડેલી કે અત્યારે રડવું હતું, પણ આંસુ આવતાં નો'તાં. ક્યાંક ઊંડે રડવાનું ચાલતું હોય ને આંખો કોરી ધાકોર હોય તેવું રીનાને ઘણી વાર બનતું. તેને કારણે બોજ બેવડો થઈ જતો. આજુબાજુની હવા પણ ભારે થઈ જતી. વાદળ ઘેરાતાં ખૂબ, પણ વરસતાં નહીં.

કેવું બધું સમુંસૂતરું ચાલતું હતું પપ્પા નોકરીએ દોડતા. મમ્મી બધાને કંઈ ને કંઈ બનાવતી હોય. શર્લી, રીના પાસે વાળ હોળાવતી હોય, રાકેશ ખૂણે બેડ પર દાખલા ગણતો હોય ને પોતે નોકરીએ જવાની તૈયારી કરતી હોય. બધું કેવું ગોઠવાઈ ગયું હતું ! અને એકાએક આખું ઘર કોઈએ ક્યાંક હડસેલી દીધું હતું. ઊભી ઊભી રસોઈ જ ગરમ કરતી હતી પપ્પા માટે ને એકદમ દાળની તપેલી છટકી, સાણસી પ્લેટફોર્મ પર જ પછડાઈ અને એકદમ છાતી દબાવતી મમ્મી ફર્શ પર પડી. પડી તે પડી જ ! ડોક્ટરને બોલાવવાની તક પણ ન આપી ને બીજે દિવસે તે ફોટોફ્રેમ થઈ ગઈ !

માણસને જવાની આટલી ઉતાવળ પણ હોય ! રીના ક્યાંકથી તણખલાની જેમ તૂટી ગઈ. પછી તો રોજ જ ક્યાંક ને ક્યાંક તણખલાં તૂટતાં જ રહેતાં હતાં.

એ વાતનેય ખાસ્સું વરસ થઈ ગયું હતું. વરસ સુધીમાં તો રીના જ મા થઈ ગઈ હતી. મમ્મીના જતાં જ ઘર તેને વીંટળાઈ વળ્યું હતું એકાએક કોઇ સકંજામાં આવી ગઈ હતી તે ! તેને ખ્યાલ તો ત્યારે આવ્યો જ્યારે નિકેત સાથે રખડવાનો, ફિલ્મો જોવાનો, હોટેલમાં જવાનો સમય એકાએક કપાઈ ગયો હતો. મમ્મીના મૃત્યુને આગલે દિવસે રીના અને નિકેત પિક્ચર જોવા ગયાં હતાં. તે જ પાપ ! તે પછી ખાસ્સું વરસ થઈ ગયું. ભટકવાનું રખડી પડયું હતું. કાલે જ નિકેત બોલેલો, 'રીનુ, વરસ થવા આવ્યું, આપણે નિરાંતે બે કલાક ક્યાંક બેઠાંયે નથી.'

'નિકેત, એ વાત તો તું હવે ભૂલી જ જા !' રીનાએ તેના ગાલ ચૂમતાં કહ્યું હતું. 'હવે ઘર જોવાનું છે.'

'પ્લીઝ, વરસ પહેલાંના ડાયલોગ રિપીટ ન કરીશ.' રીના હબકી ગઈ.

છેલ્લા મહિનાથી તો રોજ જ નિકેત સાથે ઝઘડો થતો હતો. રોજ જ નિકેત પૂછતો, 'શું વિચાર્યું તેં ?'

રીના રોજ જ કહેતી, 'વિચારવાનું શું છે ? તું કહે છે તેવું શક્ય નથી.'

'આખી જિંદગી ઘરકૂકડી થઈને રહેવાની છે ?'

'બીજો વિકલ્પ તું બતાવને !તેમ કરું.'

'વિકલ્પ એક જ ! લગ્ન-'

'પછી મારા ઘરનું શું કરું ?'

'ઘર છોડી દઉં ?'

'હા મમ્મી નથી તો તારે મમ્મી બનવાની જરૂર નથી.'

'એ બધાને પડતા મેલીને તારા ભેગી ચાલી આવું ?'

'હા. તારા પપ્પાને કહે કે રસોયણ રાખી લે. ધોબણ રાખી લે. કામવાળી રાખી લે, પણ દીકરીનો ભવ બગાડવાનું પડતું મૂકે.'

'કેવી રીતે તું આટલી નિષ્ઠુર રીતે વર્તી શકે છે તે જ નથી સમજાતું.'

'સમજાશે ત્યારે પેન્શન ચાટતી હશે.'

નિકેત થોડો રુક્ષ હતો, પણ તે ખોટું કહેતો ન હતો. તેને પોતાને પણ હતું કે માત્ર ઘર ચલાવવા તેણે નિકેતને ના પાડવાનો કોઈ અર્થ નથી. પણ તેનું મન માનતું નહોતું. ઘરને આમ પારકાને ભરોસે છોડી દેવાનું ? જોકે પપ્પા, પણ હવે તેનાં લગ્નની વાત કાઢતા નો'તા. તેમનેય થઈ ગયું હતું કે દીકરી સમજુ નીકળી ને થોડા જ વખતમાં તો ઘર માથે લઈ લીધું. બીજી કોઈ છોકરી હોત તો ઘર ક્યારનું ઓવારી નાખ્યું હોત. અરે !શર્લી જ હોત તો એ તો તેના બોયફ્રેન્ડ જોડે ભાગી જ ગઈ હોત.

રીના જાણતી હતી કે પપ્પાને તેને માટે ખૂબ લાગણી હતી. તેમણે જ કેટલા બધા મુરતિયાઓ ખોળી કાઢેલા, પણ પછી જાણ્યું કે રીનાનું મન તો નિકેત સાથે...

પછી છોકરાઓ ખોળવાનું બંધ થયું.

રીનાને હતું કે પપ્પા જ પૂછશે, 'કેમ ચાલે છે તમારા બંનેનું ?'

પણ તેને બદલે પપ્પાએ જુદું જ પૂછ્યું, 'તે પછી નિકેતને પૂછયું કે નહીં ?'

'પપ્પા, સો વાર પૂછયું હશે. પણ તે તૈયાર નથી.'

'ભારે કરી આ નિકેતે તો ?' પપ્પા દાઢમાં બોલ્યા.

'એમાં ભારે શું કરી ?' રીના તડૂકી, 'તે ઘરજમાઈ થવા તૈયાર નથી.'

'તેને વાંધો શો છે ? એ અહીં રહે તો આ ઘર પણ સચવાયને !'

'પણ એને એનું ઘર છે. તેના ઘરમાં તે એકમાત્ર સંતાન છે. તમે તો જાણો છો, પછી... ?'

'હા, એ ખરું ! એનાં માબાપ એને શું કામ અહીં આવવા દે.'

'તમે તમારી દીકરીને તેને ત્યાં જવા દેવા તૈયાર છો ?'

'હું તો છું, પણ-'

રડી પડયા, પપ્પા ! 'તારી મમ્મીએ દગો...'

નાક લૂછતાં તે રસોડાની બહાર નીકળી ગયેલા. તે સાથે જ રીનાને એક ફેન્ટાસ્ટિક વિચાર આવેલો. તે સીધી પપ્પા પાસે દોડેલી, પપ્પા ! એક વિચાર આવ્યો છે, કહું ?'

'બોલને ?'

'પપ્પા, તમે બીજાં લગ્ન કરો તો ?'

પપ્પાની આંખો ભરાઈ આવી, 'મશ્કરી કરે છે, બાપની !'

'ના, પપ્પા ! આઈ એમ ડેમ સિરિયસ.'

'તારે નિકેતને પરણવું હોય તો... તું ઈચ્છે ત્યારે ઘર છોડીને જઈ શકે છે. અમે અમારું ફોડી લઈશું, પણ આમ મારી મશ્કરી ના કર, દીકરા !'

રીનાએ પપ્પાની આંખો લૂછતાં કહેલુ. 'પપ્પા, તમને છોડીને હું ક્યાંય જવાની નથી, પણ તમે આમ શું કામ જીવો ? પચાશ વર્ષ કંઈ એવી ઉંમર નથી કે-'

'તું આ વાત બંધ નહીં કરે તો મારું મરેલું મોં જોઈશ.'

'ઓ.કે., હવે કદી આ વાત નહીં કાઢું' બસ ?

પપ્પાએ, રીનાને ગળે વળગાડી લીધેલી. એ જ ઘડીએ રીનાએ નક્કી કરેલું કે હવે નિકેતને તે ના પાડી દેશે. સહેલું ન હતું. મન મારવાનું હતું ને બીજા કોઈએ નહીં, પોતે મારવાનું હતું.

'સોરી, નિકેત ! આપણે હવે નહીં મળીએ.'

'સારું. જેવી તારી મરજી. મેં પણ યુએસ જવાનું નક્કી કરી લીધું છે. રોજ રોજ તારી ખુશામત કરવી તે કરતાં ત્યાં બીજાઓ પાસે ખુશામત કરાવવાની મજા જ આવશે.' નિકેતે સંભળાવેલું.

'ક્યારે જવા ધારે છે ?'

'તું ના પાડે તેટલી જ વાર ! રાતની ફ્લાઈટ છે.'

'હા પાડું તો.'

'ટિકિટ કેન્સલ !'

'તું મને જ કેન્સલ કર !' રીના દુખતું હસી.

'ઓ.કે.એઝ યુ પ્લીઝ !'

'લગ્ન કરીને જાને !'

'આવે છે ? મંદિરમાં પરણી જઈએ.'

'મારી તો તું વાત જ છોડ ! હું એટલી નસીબદાર નથી.'

'ઠીક છે !અમેરિકા જઈને પહેલું કામ લગ્ન કરવાનું કરીશ. કદાચ બેત્રણ દિવસમાં જ.'

'છોકરી જોઈ છે ?'

એકદમ રડી પડતાં નિકેતે કહ્યું, 'શું કામ નરકમાં ધકલેતી હોઈશ મને. તું કહેતી હોય તો તારી ખુશામત કરું. તારા બાપના ટાંટિયા પકડું, પણ શું કામ... ?' નિકેત ધ્રુસકે ધ્રુસકે રડી પડયો.

'તારા વગર હું અધૂરો છું, રીના'

'મને પણ આ બધું કરવાનું ગમે છે ? પણ સંજોગો જ-'

રીના, નિકેતની હથેળી ગાલ પર દબાવતી અટકી ગઈ.

'પાછો ક્યારે આવીશ ?'

'આવીનેય શું કરું ? છોકરીનું ફેમિલી અમેરિકાનું છે ને અહીં આવવાનું કોઈ કારણ પણ હોવું જોઈએને !'

'મારી યાદ નહીં આવે ?'

'નહીં આવે એટલે તો જાઉં છું.'

નિકેત ગયો. એક વખત પણ પાછું વળીને તેણે જોયું હોત તો તેનો ચહેરો અંકિત કરી લીધો હોત, પણ-

---

ટીવીના મોટા અવાજે રીના ચમકી. શર્લીને બહુ જ ખોટી ટેવ હતી. ટીવી ફુલ વોલ્યુમમાં ચાલુ કરવાની, રીના બેઠી થઈ. પર્સ ઊંચકીને ડ્રોઅરમાં મૂક્યું. ઊભા થવાની ઈચ્છા જ નહોતી. પડી રહેવું હતું, પણ પિન્કીના દૂધનો વખત થયો હતો. તે રસોડામાં આવી. દૂધ પણ ગરમ કરવાનું બાકી જ હતું. 'શર્લી !' રીના બરાડી.

'શું છે ?'

'આડલું દૂધ પણ ગરમ ન થાય તારાથી ?'

'ન થાય. હું પણ હમણાં જ આવી.'

'રાકેશ આવ્યો નથી? એ શું કરતો હતો?'

'તે એને ખબર!'

'પપ્પા? પપ્પા ક્યાં ગયા છે?'

'એ મામાને ત્યાં ગયા છે?'

'મામાને ત્યાં?'

'હા.'

રીનાને થયું કે પપ્પાએ ત્યાં કંઈ ઊંધું માર્યું જ હશે. પપ્પા જ્યારે પણ મામાને ત્યાં જતા ત્યારે કંઈ ને કંઈ બખેડો થતો જ. પપ્પાનું બધું સારું હતું, પણ મમ્મીનાં પિયરિયાં તેમને ખાવા દોડતાં! બાકી હોય તે બે મામાઓ-શકુનિ ને કંસ-પૂરું કરતા. પપ્પાનો કોઈ ભાવ પૂછતું નો'તું ને જ્યારે પણ જતા ખધડો કરીને જ આવતા. રિંગ વાગી.

'હલો!' રીનાએ પૂછયું.

'પપ્પા!'

'બોલો!'

'સવારે આવીશ.'

'બહુ ગરબડ છે શું.'

રીનાને ઘણા અવાજો અથડાતા સંભળાયા.

'આવીને કહીશ. તમે લોકો રાહ ન જોતાં. હું સવારે અથવા તો બપોરે આવી જઈશ.'

'સારું!'

રીનાએ રિસિવર મૂકી દીધું.

---

સવારે ના'વાનું પાણી મૂક્યું ત્યાં તપેલું છટકી ગયું. આખાયે કિચનમાં પાણી પાણી થઈ ગયું. ગેસ ચાલુ હતો તે હોલવાઈ ગયો. આખાય કિચનમાં પોતું મારતાં જ રીના ઢગલો થઈ ગઈ. રાત્રે બરાબર ઊંઘ પણ આવી નો'તી નિકેતના પ્લેનની ઘરઘરાટી સંભળાયા કરતી હતી. એક અવાજ સતત રીનાને સંભળાયો હતો. 'તેં સારું નથી કર્યું, રીના? સારું નથી કર્યું, એ અવાજ રહી રહીને આર્તનાદ થઈ ઊઠતો હતો.હા, ખોટું તો કર્યું જ હતું. પણ તે પોતે પણ તો મરજી વિરુદ્ધ જ વર્તી હતીને! સુકાવા નાખેલાં કપડાંનો ઢગલો ઊંચકીને તે બેડ પર લાવી. પિન્કી હજી ઊંઘતી હતી. રાકેશ ટયુશને નીકળી ગયો હતો. શર્લી ટીવી પર ચોંટી હતી. રીનાને થતું હતું કે બધું રૂટિન થઈ જાય તો સારું. સાડાનાવ થવા આવ્યા હતા.

રીનાએ આમ જ બારાણા બહાર સડક પર નજર નાખી. એક રિક્ષા ધીમી પડી ને પછી પસાર થઈ ગઈ.

તડકો નીકળ્યો ન હતો. આઠ દિવસથી વરસાદ ઘેરાયેલો હતો, પણ પડતો ન હતો. પવન એટલો ફૂંકાતો હતો કે બારાણામાંનું પારિજાત રોડ પર કેસરી દાંડલીઓ રહી રહીને વરસાવતું હતું. થોડી થોડી વારે રિક્ષા, સ્કૂટર, કાર તેના પરથી દડી જતાં હતાં ને ટાયર પર કેસરી કાળાશ ચોંટી જતી હતી.

પવનની એક લહેરખી આવી. રીનાએ થોડાં પારિજાત ખોબામાં ઝીલ્યાં. જાણે કોરાં! એ ખોબો રીનાએ ગાલે દાબ્યો. થોડી વાર તો લાગ્યું કે નિકેતની હથેળી દબાઈ છે.

રીનામાં નિકેત ઊભરાની જેમ ઊઠયો ને તેની આજુબાજુ ફરી વળ્યો.

નિઃશ્વાસ મુકાઈ ગયો, રીનાથી!

તે ઘરમાં આવી. કદાચ ક્યારની રિંગ વાગતી હતી. રીનાને લાગ્યું કે પપ્પા જ હશે. રિસિવર ઉપાડતાં જ બોલી, 'બોલો, પપ્પા!'

'પપ્પા તો નડિયાદ ગયા છે. હું મધુમામા બોલું છું.'

'બોલો.'

'પપ્પાએ કહેવડાવ્યું છે કે તે રાત સુધીમાં ઘરે આવી જશે.'

'પણ, નડિયાદ શું કામ... ?'

'તારે માટે નવી મમ્મી લેવા-'

'શું? રીનામાં વળી તણખલું તૂટયું.'

હાથમાંથી રિસિવર છટકતાં રહ્યું, 'શું કહો છો, મામા?'

જો રીના, બહુ હોહા કરવાની નથી. તારા પપ્પા તો માનતા જ નો'તા. જેમ તેમ તેમને મનાવ્યા છે...'

ને એવું તો મામા ઘણું ઘણું બોલ્યા, પણ રીના તો 'નવી મમ્મી' આગળ જ અટકી ગઈ હતી.

રીનાએ પોતાની જાણ બહાર જ રિસિવર મૂકી દીધું. બહાર વરસાદ વરસવો શરૂ થઈ ચૂક્યો હતો...

✱✱✱



## ડૉ. નિગમ વોરા

**બોરીવલીના દંતતજજ્ઞ ડૉ. નિગમ વોરાએ કોરાનાકાળે પોતાનું સેવાનો સમાજને લાભ આપ્યો છે.**

**કોરોનાનો ભોગ બનેલા દર્દીઓ માટે મહાનગરપાલિકામાં અને ખાનગી શાળાઓમાં ક્વોરોન્ટાઇન સેન્ટર શરૂ કરાવવા માટે, તેમાં ડૉક્ટરો તથા તબીબી સ્ટાફની નિમણૂંક કરવા માટે, એમ્બ્યુલન્સ પ્રોજેક્ટ માટે તથા ગોરેગાંવ અને દહિંસરના જમ્બો કોવિડ સેન્ટરની વ્યવસ્થામાં તેઓએ ખૂબ સહયોગ આપ્યો. હાઉસિંગ સોસાયટીઓમાં જઇને સભ્યોનું સ્કેનિંગ કર્યું. સાવચેતીના પગલાં માટેનું માર્ગદર્શન આપ્યું. અત્યારે વેક્સિન આપવાના કાર્યમાં પણ તેઓ જોડાયેલા છે.**

**ફેડરલ ડેન્ટલ ઈન્ટરનેશનલ FDI ના ભારતના સભ્ય મુંબઇની કમ્યુનિટી ડેન્ટલ હેલ્થના ઇનચાર્જ ડૉ. નિગમ વોરા આપત્તિના સમયે હંમેશાં અગ્રીમ રહીને સેવા આપે છે. કારગિલ યુદ્ધમાં બોર્ડર પર જઇને સૈનિકોની સેવા કરનારા આ ડૉક્ટર કચ્છના ભૂકંપ વખતે પણ દર્દીઓની વહારે દોડી ગયા હતા. બોરીવલીના સેવાભાવી ડૉ. સી. કે. વોરાના સુપુત્ર નિગમ વોરાને અભિનંદન.**

## સાભાર સ્વીકાર

સ્વ. ભરતભાઈ અમૃતલાલ શાહના સ્મરણાર્થે
લીંબડી નિવાસી (હાલ-બોરીવલી)
હસ્તે પ્રફુલ્લાબેન ભરતભાઈ શાહ

| | |
|---|---|
| પાણી પરબ ફંડ | ૨૧૦૦૦ |
| રાહત ફંડ | ૧૧૦૦૦ |
| | **૩૨૦૦૦** |

સ્વ. ભાવેશભાઈ હસમુખલાલ સંઘવીના સ્મરણાર્થે

| | |
|---|---|
| શ્રી સી.યુ.શાહ ઉચ્ચ શિક્ષણ ફંડ | ૨૦૦૦ |
| પાણી પરબ ફંડ | ૩૦૦૦ |
| રાહત ફંડ | ૨૫૦૦ |
| | **૭૫૦૦** |

લીંબડી નિવાસી (હાલ-દહિંસર) સ્વ. ધીરેન્દ્રભાઈ બાબુલાલ શાહના સ્મરણાર્થે, હસ્તે રમિલાબેન બાબુલાલ શાહ અને અશોકભાઈ

| | |
|---|---|
| ઉચ્ચ શિક્ષણ ફંડ | ૫૦૦૦ |
| સદગ્રહસ્થ તરફથી પાણી પરબ ફંડ | ૩૦૦૦ |
| પ્રતિશ બંસીલાલ ગોસલિયા તરફથી પાણી પરબ ફંડ | ૩૦૦૦ |

## વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **સોહમ — મિતાલી** | | |
| શ્રી ધીરેનભાઈ શશિકાંત શાહ (અજમેરા) ના સુપુત્ર રંગપુર નિવાસી (હાલ-ઘાટકોપર) શ્રી નૈલેશભાઈ પ્રાણલાલ શાહની સુપુત્રી લીંબડી નિવાસી (હાલ-મુલુંડ) | ૧૦૧૧ | ૧૦૧૧ |
| **ધવલ — અમી** | | |
| શ્રીમતી નીલાબેન સંજયભાઈ પ્રભુદાસ કામદારના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ-અંધેરી) શ્રીમતી જયશ્રીબેન રાજેશભાઈ હસમુખભાઈ દોશી ની સુપુત્રી વડાલી નિવાસી (હાલ-ગોરેગામ) | ૫૧૦ | ૫૧૦ |

## પ્રભુતામાં પગલાં

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **અર્પિત - રિદ્ધિ** | | |
| શ્રી ભાવિકભાઈ ચંન્દ્રકાંતભાઈ શાહના સુપુત્ર સાયલા નિવાસી (હાલ-અંધેરી) શ્રી હેમેન્દ્રભાઈ નવનીતલાલ ભણસાળીની સુપુત્રી પોરબંદર નિવાસી (હાલ-મીરારોડ) | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **મનન - સ્નેહા** | | |
| શ્રી હીરેનભાઈ શાંતિલાલ કોઠારીના સુપુત્ર રંગપુર નિવાસી (હાલ-બોરીવલી) શ્રી શૈલેષભાઈ ઈન્દ્રવદનભાઈ પરોખની સુપુત્રી આંતરસુબા નિવાસી (હાલ-ગોરેગામ) | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **પાર્થ - વિધિ** | | |
| શ્રી અતુલભાઈ વૃન્દાવનભાઈ પાબારીના સુપુત્ર દ્વારકા નિવાસી (હાલ-કાંદિવલી) શ્રી પરેશભાઈ કાંન્તિલાલ શાહની સુપુત્રી લખતર નિવાસી (હાલ-બોરીવલી ) | ૫૧૦ | ૫૧૦ |

## સમાચાર સંકલન

### પૂ. ધીરજમુનિ મ.સા. ના સાંનિધ્યે સંઘ સંસ્થાપક અને પૂર્વ સંઘ પ્રમુખોનો સન્માન સમારોહ

**જૈન તત્વ પ્રકાશ-ગ્રંથનું મોદી પરિવારના હસ્તે વિમોચન**

શ્રી હંસરાજ લક્ષ્મીચંદ કામાણી જૈન ભવન ખાતે પૂ. ધીરજમુનિ મ.સા. ની નિશ્રામાં પ્રથમ જ વાર સંઘના આદ્યસંસ્થાપક સર્વશ્રી ગીરધરલાલ હંસરાજ કામાણી, શ્રી કાનજી પાનાચંદ ભીમાણી, શ્રી પ્રભુદાસ ભાણજી હેમાણી, શ્રી આઈ.પી. ગાંધી, શ્રી ત્રંબકલાલ દામાણી, શ્રી શાંતિલાલ કાલીદાસ સંઘવી, શ્રી ચુનીલાલ હેમચંદ હેમાણી, શ્રી બાબુલાલ કે. અદાણી, શ્રી અમૃતલાલ ભવાનજી પંચમીયા, શ્રી ગીરધરલાલ ભાનુલાલ કોઠારી વગેરે તથા પૂર્વ પ્રમુખો શ્રી નગીનદાસ કેશવજી શાહ, શ્રી ભૂપતભાઈ કમાણી, શ્રી મનસુખભાઈ હેમાણી, શ્રી આર.બી. અવલાણી, શ્રી કાંતિલાલ રૂગનાથ દોશી, શ્રી પ્રફુલભાઈ મોદી, શ્રી રાજેનભાઈ કામદાર તેમ જ શ્રી જયંતીભાઈ અમીચંદ વોરાનું લાઈફ ટાઈમ અચિવમેન્ટથી સન્માન કરાયું હતું.

સ્વાગત પ્રવચન શ્રી અતુલભાઈ દોશી, પરિચય કીર્તિશેઠ અને તિલકવિધિ કુ. ડોના દોશીએ કરેલ.

પૂ. ગુરુદેવે ધર્મસભાને સંબોધતા જણાવેલ કે સમાજ, સંઘના કાર્ય કરનારાએ એવી અપેક્ષા ન રાખવી કે તમારા સાથીદાર તમારા જેવો જ હોય. કારણકે બે વ્યક્તિ ક્યારેય એકબીજાનો જમણો હાથ પકડીને ચાલી શકતા નથી. સમારોહ મધ્યે જૈનતત્ત્વ પ્રકાશ-ગ્રંથની વિમોચનવિધિ તારાબેન જેઠાલાલ મોદી પરિવારના પ્રફુલભાઈ, પુષ્પકભાઈ, ચંદ્રકાંતભાઈ, હરેશભાઈના હસ્તે કરવામાં આવેલ. શ્રી ચંદ્રવદનભાઈ દેસાઈ વગેરેએ સંઘના કાર્યની અનુમોદના કરેલ. પ્રભુ પાર્શ્વ કલ્યાણક નિમિત્તે ત્રિ. દિવસીય તપારાધનામાં ૧૦૦ એકાસણાનો લાભ ભાવના નિકુંજ શેઠ પરિવારે લીધેલ.

# પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ
# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

## આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- ધાંગ્રધા નિવાસી (હાલ વિલેપાર્લે) સ્વ. શાંતાબેન ચીમનલાલ શાહના સ્મરણાર્થે શ્રીમતી કોકિલાબેન-પ્રફુલાબેન-નયનાબેન અને આરતીબેન તરફથી.
- સ્વ. શ્રીમતી મધુબેન એન. વોરાના સ્મરણાર્થે હસ્તે કલ્પનાબેન એચ. કોઠારી તરફથી
- શ્રીમતી શારદાબેન કાંતિલાલ ડી. દોશી ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી
- માતુશ્રી સ્વ. કલાબેન ઈન્દુલાલ કોઠારીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે હસ્તે આશીષભાઈ કોઠારી તરફથી
- મૂળી નિવાસી (હાલ - બોરીવલી) શ્રીમતી જસવંતીબેન મનુકુમાર શાહની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે પરિવાર તરફથી હસ્તે મનુભાઈ તથા રાકેશભાઈ
- જોરાવરનગર નિવાસી (હાલ-કાંદિવલી) માતુશ્રી સ્વ. હસુમતીબેન ગિરીશકુમાર સંઘવીની પુણ્યતિથિ નિમિત્તે હસ્તે હિતલભાઈ તથા ચિરાગભાઈ તરફથી
- દાદભાવાળા (હાલ-મલાડ) સ્વ.ચંદુલાલ હરજીવનદાસ શાહ પરિવાર હસ્તે ભરતભાઈ-કિરીટભાઈ-કિશોરભાઈ-ચેતનભાઈ
- જાળીલા નિવાસી (હાલ-ઘાટકોપર/કાંદિવલી) સ્વ.મંજુલાબેન પ્રતાપરાય ડેલીવાલાની સ્મૃતિમાં હસ્તે પ્રતાપભાઈ ડેલીવાલા
- ઝોબાળા નિવાસી (હાલ મલાડ) સ્વ.ધીરજલાલ જાદવજી સંઘવીની સ્મૃતિમાં હસ્તે શ્રીમતી જ્યોત્સનાબેન ધીરજલાલ સંઘવી તરફથી
- રાણપુર નિવાસી (હાલ-સાંતાક્રુઝ) સ્વ. સરોજબેન જયંતભાઈ શીવલાલ વસાણીની પુણ્યતિથિ નિમિત્તે હસ્તે પ્રકૃતિ સંદિપભાઈ વસાણી
- વઢવાણ નિવાસી (હાલ-મલાડ) સ્વ. ચંદુલાલ હરજીવનદાસ શાહ (દાદભાવાળા)ની પુણ્ય સ્મૃતિ નિમિત્તે તેમના પરિવાર તરફથી ભેટ હસ્તે કોકિલાબેન નલિનભાઈ એચ. શાહ

# શ્રી ઝાલાવાડી સભાની વેબસાઈટ "zalawad.com"

શ્રી ઝાલાવાડી સભાનો ઈતિહાસ રસપ્રદ રહ્યો છે. આજે ૧૧૫ વર્ષથી સભા સતત અને સતત નવા નવા મુકામોને સર કરતી, સફળતાના શિખરો પર બિરાજી રહી છે.

આપ સહુ જાણો છો કે "zalawad.com" આ વેબસાઈટની શરૂઆત કરીને સભાએ Digitalisation ની દુનિયામાં પગપેસારો કરી દીધો છે. અને આ વેબસાઈટ પર આપ સહુ ઝાલાવાડનો ગૌરવસભર ઈતિહાસ, ઝાલાવાડમાં થતી વિવિધ ક્ષેત્રોની પ્રવૃત્તિઓ, કમિટીમાં થતી મિટિંગોના વિવરણો, મુંબઈનાં પરાઓમાં થતી વિવિધતા અને સમાજની હાલની સમસ્યા એટલે ઉમરલાયક દીકરા-દીકરીઓનાં વિવાહ... જેમણે માટે આ વેબસાઈટ પર ''મેટ્રીમોનિઅલ'' પેજની શરૂઆત કરી છે જેનો લાભ આજે આપણા સભ્યો લઈ રહ્યા છે. અને હજુ પણ શ્રી સભા તેમના માનીતા સભ્યો માટે બિઝનેસ, ડિસ્કાઉન્ટ એન્ડ ડિલ્સ, સાધર્મિક સહાય, education, મેડિક્લેઈમ આદિ અનેક ક્ષેત્રે હરણફાળ ભરતી નવી સ્કીમો લઈને સજ્જ થઈ રહી છે.

ઝાલાવાડી સભાના ચાર સેનેટોરિયમ... લોનાવલા, પંચગીની, દેવલાલી અને માથેરાન... અત્યાર સુધી આ સેનેટોરિયમના બુકિંગ માટે સભાની ઓફિસમાં જવું, ફોર્મ ભરવા, રૂમ્સ છે કે નહીં, આદી ઘણી બધી પ્રોસેસમાંથી પસાર થવું પડતું હતું.

પણ આ સમસ્યાનો હલ શ્રી સભા દ્વારા હવે આંગળીના ટેરવા પર જ કરી દીધો છે. બધું જ 'ઓનલાઈન' ''મોબાઈલ પર આંગળીઓ દબાવો અને સેનેટોરિયમમાં બુકિંગ કરાવો.''

**ઓનલાઈન બુકિંગ કરવા માટેની માહિતી** : www.zalawadi.com પર જઈને Book a Sanotorium પર ક્લીક કરો. આ પેજ પર જશો એટલે તરત જ તમને ચાર સેનેટોરિયમ દેવલાલી, લોનાવલા, પંચગીની ને માથેરાન દેખાશે. ત્યારબાદ તમારે કયો રૂમ જોઈએ છે તે નક્કી કરો, એકવાર રૂમ સિલેક્ટ થઈ જાય પછી "Book Now" પર જઈને રૂમનું બુકિંગ ચાલુ થાય છે. સહુ પ્રથમ

(૧) કેટલા દિવસ માટે રૂમ જોઈએ છે ? આપણા પોલિસી પ્રમાણે તમે ૩/૪/૬/૭ દિવસ માટે બુકિંગ કરાવી શકો છો.

(૨) ત્યારબાદ કયા દિવસે ચેક ઈન કરવું છે.

(૩) ત્યારપછી તમારું E-mail ID અને મોબાઈલ નંબર નાખવાનો રહેશે. (તમારો E-mail અને મોબાઈલ નં. બરોબર તપાસીને નાખશો કારણકે confirmation તેમાં જ આવશે).

(૪) રૂમની માહિતી ભરવાની રહેશે. એક કાર્ડ પર તમે બે રૂમ બુક કરાવી શકો છો, એક તમારા માટે અને બીજો રૂમ તમારા જ ભાઈ જેઓ જુદા (વિભક્ત) રહેતાં હોય. જો તમે તે જ કાર્ડ પર બે કરતાં વધારે રૂમ બુક કરશો તો તે રૂમો પર નોન-મેમ્બરના ભાવ લગાવવામાં આવશે.

(૫) જો તમે મેમ્બર છો. તો Are you a member? તેનાં પર ક્લીક કરો.

(૬) L.M (લાઈફ મેમ્બર) Y.M (યરલી મેમ્બર) પર ક્લીક કરો.

(૭) ત્યારબાદ તમારો મેમ્બરશિપ નંબર લખવો. (મેમ્બરશિપ નંબર પ્રોપર નહીં હોય તો તે valid નહીં ગણાય).

(૮) ત્યારબાદ તમે કેટલા જણા છો, ક્યા ફ્લોર પર રૂમ જોઈએ છે અને કયા નંબરની રૂમ જોઈએ છે તે ફીલ અપ કરો.

(૯) ફીલઅપ કરતાંની સાથે જ મેમ્બરનું ફર્સ્ટ નામ અને લાસ્ટ નામ એટલે કે નામ અને અટક દેખાશે. આનું કારણ એ છે કે, તમે જે મેમ્બરશિપ નંબર Enter કર્યો છે તે ડેટાબેઝમાં જતાં વેબસાઈટ લખીને આપે છે કે આ નંબર બરાબર છે. (જો તમારું નામ અને અટક ખોટી દેખાતી હોય તો ઓફિસમાં આ બાબત સંપર્ક કરવો.)

(૧૦) જો તમે Non-Member છો, તો તમારે Are you a member? પર "No" ટાઈપ કરવાનું રહેશે. અને કોઈપણ જાણીતા ઝાલાવાડ સભ્યનું નામ, મેમ્બરશિપ નં. અને ટાઈપ ઓફ મેમ્બરશિપ આ માહિતી ભરવાની રહેશે. ફરી પાછું તમે કેટલા જણા છો ? કયા ફ્લોર પર રૂમ જોઈએ છે ? અને કયો રૂમ જોઈએ છે ? તે લખવાનું રહેશે. અહીંયા તમારે તમારું નામ અને અટક સ્વયં લખવાની રહેશે.

(૧૧) હવે આપ જોઈ શકશો કે તમારે ટોટલ કેટલી રકમ ભરવાની છે.

(૧૨) એકવાર "Book Now" પર ક્લિક કરશો એટલે આગામી ૪૮ કલાક સુધી તમારું બુકિંગ confirmed રહેશે. જેની માહિતી તમારા E-mail પર આવી જશે અને Payment detail મળી જશે. જો ૪૮ કલાક સુધી તમે Payment નથી કરતાં તો ફરી cancelled થઈને દરેક સભ્ય માટે open રહેશે.

(૧૩) જો તમે મેમ્બર છો, તો ૪૮ કલાકમાં પેમેન્ટ કરી, ઓફિસમાં તેની માહિતી આપો.

(૧૪) જો તમે નોન-મેમ્બર છો, તો તમે આપેલા ઝા. મેમ્બરને ફોન કરી કન્ફર્મ કરવામાં આવશે કે તેઓ તમને ઓળખે છે. ત્યારબાદ તમારું બુકિંગ પણ ૪૮ કલાક સુધી બ્લોક રહેશે અને ૪૮ કલાકમાં પેમેન્ટ કરવું પડશે.

(૧૫) એકવાર સેનેટોરિયમ પર જાવ, ત્યારે જો તમે મેમ્બર છો તો તમારું મેમ્બરશિપ કાર્ડ બતાવવાનું રહેશે અને જો તમે નોન-મેમ્બર છો તો તમારું ગવર્મેન્ટ ID કાર્ડ ત્યાં ફરજિયાત બતાવવાનું રહેશે.

✸✸✸

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલું થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે. **સેનિટોરિયમનું ઓનલાઈન બુકિંગ ચાલુ છે. પત્રિકામાં છપાતી જાહેર ખબરની રકમ તથા સંસ્થાને મળતું ડોનેશન હાલમાં online સ્વીકારવામાં આવે છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશન ના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશન માં મોકલવા જેથી કર રાહત નો લાભ મળી શકે.**

**જે પણ રકમ જાહેરાતની કે દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt પ્રદીપભાઈને મોકલવા વિનંતી.**

**પંચગીની તથા લોનાવલા :**
**મિલનભાઈ**
**9860125136**

**માથેરાન બુકિંગ તથા સંસ્થાના કોઈપણ પ્રકારના કામ માટે સભાના મેનેજર શ્રી પ્રદીપભાઈ તુરખીયાનો સંપર્ક કરવા વિનંતિ. 9867748120**

**દેવલાલી :**
**આશાબેન**
**9819956529**

**તા. ૪-૧-૨૦૨૧ થી સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપરજ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**

**શ્રી ઝાલાવાડી સભાના આજીવન સભ્યપદ ના રૂા. ૫૧૦૦/- છે. ઝાલાવાડી સભાની માસિક પત્રિકાના ત્રણ વર્ષના લવાજમના રૂા. ૪૦૦/- છે. આ ફોર્મ zalawadi.com ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા મુંબઈના Bank A/c માં રકમ જમા કરાવી અને I.D. Receipt તથા આપની પુરી વિગત મેનેજર શ્રી પ્રદીપભાઈ તુરખિયાને તુરંત મોકલાવી.**

**મુંબઈ ઑફિસ**

## Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM ● Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**

# જીંદગી

કેટકેટલીયે અમૂંઝણો અને રાતોની રાતોના ઉચાટથી બકુલભાઇ ત્રાસી ગયા હતા. લૉકડાઉન ક્યારનુંયે ભલે પત્યું હોય પણ તેમની જિંદગીનું લૉકડાઉન હજુયે પત્યું નહોતું. પહેલા નોકરી ગઇ અને પછી ઘરની આર્થિક સ્થિતિ સાવ નબળી બની ગઇ હતી. 'દુકાળમાં અધિક માસ'ની જેમ જિંદગી રોજેરોજ નવી ઉપાધિઓ લઇને આવતી હતી. બાકી રહી ગયું હતું કે કોરોના થયો અને શરીરનું જોમ પણ લઇ ગયું ! તે પછી તેમની માનસિક હાલત સાવ કથળવા લાગી હતી. જીવવાના બધા જોશ પણ ધીરે ધીરે ઓસરવા લાગ્યા હતા.



વ્યાજે લીધેલ પૈસાની રોજ આવતી ઉઘરાણીઓ, છેલ્લા છ માસનું બાકી ઘરભાડું અને હવે મકાનમાલિકની રોજેરોજ ઘર ખાલી કરાવવાની ધમકીઓ, વિક્રાંતની સ્કૂલ ફી... અરે હવે તો ઘર ચલાવાના'ય સાંસા પડવા લાગ્યા હતા. કૃપા બિચારી ઘરકામ કરીને મદદ કરવા મહેનત કરી રહી હતી. એના પિયરમાં થોડું સુખ હતું પણ કૃપા મારા જીવતે જીવત ક્યારેય પિયર નહીં જાય... ! પોતે એમની પાસેથી પહેલા પણ મદદ લઇ ચૂક્યો હતો એટલે હવે હાથ લંબાવવા શરમ આવતી હતી... !! જીવવાના બધા રસ્તાઓ ધીરે ધીરે બંધ થઇ રહ્યા હોય તેમ બકુલભાઇની માનસિક હાલત ધીરે ધીરે બગડી રહી હતી.

એક દિવસ આખરે થાકીને બકુલભાઇએ છેલ્લો નિર્ણય કરીને ઘરની બહાર પગ મૂક્યો.

'ક્યાં જાવ છો ?' કૃપા એમને કંઇ કીધા વિના બહાર જતા જોઇ ઉંબરે આવીને બોલી.

'આ તો ચંપલ તૂટી ગયું છે.. જરા સંધાવી લાવું...!! અને નોકરી માટે તપાસ કરી આવું...!!' નજર મિલાવ્યા વિના બકુલભાઇ કૃપા તરફ પીઠ ફેરવીને ચાલ્યા ગયા.

બકુલભાઇ શહેરના ધમધમતા વાતાવરણમાં દરરોજ કોઇ કામ માટે નીકળતા... કોઇ'દી સારો હોય તો મજૂરી મળતી નહિ તો નદી કિનારે બેસીને ખારીસીંગ ખાઇને પાણી પી લેતા. આજે પણ એમણે ખારીસીંગનું પડીકું લીધું અને ધીરે ધીરે એક પછી એક સીંગદાણાને સાવ ખાલી પેટમાં પધરાવ્યા... !!. ક્યારેક પેટ દુઃખી જતું પણ એ દુઃખ જિંદગીના દુઃખોના પહાડ સામે સામાન્ય હતું. પડીકું ખાલી થયું અને તેના ફોતરાં નીચે રહેલા જૂના છાપામાં એક ન્યુઝ પર નજર ફરવા લાગી. 'આર્થિક તંગીથી કંટાળીને એક આધેડે નદીમાં કરી આત્મહત્યા...!!' બકુલભાઇની નજર થોડીવાર તેમાં ચોંટી અને પછી નદીના વહેતા પાણી તરફ જોઇ લીધું.

એક ઊંડો શ્વાસ લઇને તે કાગળના ડૂચાને મુઠ્ઠીમાં બંધ કરી નદીના પુલ તરફ આગળ વધ્યા. જ્યારે તે પુલની બરાબર મધ્યમાં આવ્યા ત્યારે નીચે ઉછળતાં પાણી તરફ દૃષ્ટિ કરી અને જિંદગીની અનેક નિરાશાના વમળો નીચેના પાણીમાં દેખાવા લાગ્યા. 'આ વમળો જ મારી બધી સમસ્યાનો અંત છે, હારી ગયો છું હવે, નહિ જીવાય...!!' હૃદયનો વિલાપ અને આંખોના વહેતા આંસુ બકુલભાઇની જીવવાની ઇચ્છાને ધૂંધળી બનાવી રહ્યા હતા. પુલ પર પોતાના બન્ને હાથની હથેળી દબાવી અને કુદી પડવા મન મક્કમ બન્યું...! પુલ પર બધા પોતપોતાની જિંદગીમાં વ્યસ્ત હતા... તેમણે આંખો મીંચી....અંદરથી એક ઉંડો વલોપાત ઉઠ્યો... ભગવાન પાસે મનોમન માફી માગી.... હાથમાં કોકડું વળી ગયેલા કાગળની અંદર આવતીકાલે પોતાની તસવીર છપાશે તેવું પણ દેખાઇ ગયું...!! છેલ્લે છેલ્લે વિક્રાંત અને કૃપાનો ચહેરો નજર સામે દેખાયો...!!

જ્યાં મન જ હારી ગયું હોય ત્યાં આશાના કિરણો પણ અંધકારમય લાગતા હોય છે એમ બકુલભાઇની સામે ઘોર અંધકાર જ બચ્યો હતો'! કૃપાનો કાયમનો સાથ છોડીને અને વિક્રાંતને અનાથ મૂકીને તેમણે આત્મહત્યા કરવાનું નક્કી જ કરી લીધું.

એક પગ ઊંચો કર્યો અને કેડ જેટલી ઊંચી પુલની પાળી પર મૂક્યો...! મોત માટે છેલ્લી છલાંગ ભરવાની ઘડી આવી પહોંચી હતી...!! ત્યાં જ... એક નાનો છોકરો અચાનક જ બકુલભાઇની પાસે આવ્યો અને બોલ્યો... 'અંકલ, તમારું ચંપલ તૂટી ગયું છે... લાવો સાંધી દઉ...!!'

અને એકાએક બકુલભાઇ ઘોર અંધકારમાંથી બહાર આવ્યા...!! પગ નીચે કર્યો.... સામે વિક્રાંત જેવડા જ છોકરાને ઊભેલો જોઇ તે રડી પડ્યા...!!

'કેમ રડો છો અંકલ ?

'મારી પાસે પૈસા નથી...!!' બકુલભાઇ એટલું જ બોલી શક્યા અને હિબકાં ભરાઇ ગયા. 'અરે, એમાં શું ? પૈસા પછી આપજો પણ આમ તૂટેલું ચંપલ થોડું પહેરાય... લાવો... લાવો...!!' તેના શબ્દોમાં તાજગી હતી.

'પણ તું મને ક્યાં ઓળખે છે ? અને તારા પૈસા હું તને ક્યારે આપીશ એ પણ ખબર નથી.' બકુલભાઇ તેની સાથે વાત કરતા થોડા

સ્વસ્થ બન્યા.

'અરે અંકલ તમે ટેન્શન બહુ લો છો... મારી ફી કાંઇ લાખોમાં થોડી છે કે તમે નહીં આપો તો હું મરી જઇશ? આ તમારું ચંપલ સારું રહેશે તો તમે મને યાદ તો કરશો'ને એટલુંયે ઘણું છે...! લો આ જૂનું ચંપલ પહેરો અને તમારું ચંપલ લાવો.' તેણે એક તૂટેલું ચંપલ બકુલભાઇને આપ્યું અને પરાણે બકુલભાઇના પગનું ચંપલ લઇ તેના કામે વળગી ગયો.

બકુલભાઇ ત્યાં જ તેની પાસે બેસી ગયા. તે સારી રીતે કામ કરી રહ્યો હતો. બકુલભાઇ થોડી સેકન્ડ પહેલાના ભૂતકાળમાં ગયા અને પોતે ખરેખર શું કરવા જઇ રહ્યા હતા તેનું ભાન થયું...!! હવે વિક્રાંત અને કૃપાનો ચહેરો પણ સ્પષ્ટ દેખાવા લાગ્યો હતો.. તે અત્યારે આ છોકરાને કારણે જ આત્મહત્યાના માર્ગેથી પાછા વળ્યા હતા.

થોડીવારમાં જ તેણે તેનું કામ પૂરું કર્યું, 'લો અંકલ તમારું ચંપલ..!! હવે બે વર્ષ સુધી આ ચંપલને કંઇ થાય તો મને કહેજો....!!' તેણે બકુલભાઈના ચંપલને જ નહીં પણ તેમની જિંદગીને સાંધી આપી હતી.

'વાહ, સરસ કર્યુ છે તેં...!! હવે કહે કે કેટલા થયા?' બકુલભાઇએ તેની ચમકતી આંખોમાં જોઈને કહ્યું.

'અંકલ, તમારી પાસે પૈસા જ નથી તો મને શું આપશો?' તેના શબ્દોમાં મીઠાશની સાથે સચ્ચાઇ પણ રણકી રહી હતી.

'સારું, એટલું કહે કે તું ક્યાં મળીશ?'

'આ પુલ પર સામે છેડે બેસું છું...!!' તેને સહજ રીતે જવાબ આપ્યો.

'સારું તો આ પુલ પર ફરી મળે ત્યારે કેટલા આપવાના થશે એ તો કહે...?' બકુલભાઇ હવે સંપૂર્ણ સ્વસ્થ હતા.

તે થોડીવાર માટે બકુલભાઇની આંખમાં રહસ્યમયી નજરે જોઇ રહ્યો અને પછી બોલ્યો, 'અંકલ, એક વાત કહું... ગમે તે થાય પણ આ રીતે આ પુલ પર બીજીવાર ન આવતા...મારે બસ એટલું જ જોઇએ છે...!!' બકુલભાઇ તેના શબ્દોની અને તેની આંખોની ભાષા સમજી ચૂક્યા અને સાવ નિઃશબ્દ તેની સામે તાકી રહ્યા. તે તેની ઉંમર કરતાં વધુ સમજદાર હતો.

તે ઊભો થયો અને તેણે તેની વસ્તુઓ તેના થેલામાં ફરી ગોઠવવા માંડી. બકુલભાઈએ તેમના પગમાં રહેલું પેલું તૂટેલું ચંપલ તેને પાછું આપ્યું અને પૂછ્યું, 'તું સરસ ચંપલ સાંધે છે તો આ જૂના ચંપલને કેમ નથી સાંધી દેતો?'

'એ મારા પપ્પાની યાદગીરી છે...!' એટલું કહેતા જ તેના આંખમાં ઝળઝળીયા આવી ગયા અને મોં ફેરવી લીધું.

'કેમ, તારા પપ્પા ક્યાં છે?' બકુલભાઇને તેની વાતમાં રસ જાગ્યો.

તેણે નદી તરફ મોં રાખીને જ જવાબ આપ્યો, 'દસ દિવસ પહેલાં જ આ નદીમાંથી એમની લાશ મળી હતી...!! એમણે આ પુલ પરથી જ આત્મહત્યા કરી હતી... છાપામાં પણ આવ્યું હતું... એમના એક પગનું આ તૂટેલું ચંપલ અહીં રહી ગયું હતું... તે અહીં સામે જ વર્ષોથી બુટપૉલિસ કરતા હતા... કોરોનામાં ઘરની હાલત બગડી ગઇ... એ સહન ન કરી શક્યા અને એમને.......!!' તે રડી રહ્યો હતો.... પણ થોડીવારમાં જ તે ફરી સ્વસ્થ થઇને બોલ્યો, ' આ પુલ પર કેટલાય આવે છે અને પોતાની જિંદગી ટુંકાવી તેના પરિવારને અપાર દુઃખમાં મૂકીને એકલા સુખી થવા ચાલ્યા જાય છે... પણ એમને ક્યાં ખબર હોય છે કે એમના ગયા પછી દુઃખ ઉલટાનું વધે છે...!! એ પછી મને થયું કે હું અહીં જ આમતેમ ફરતો રહીશ અને કોઇપણ આત્મહત્યા કરવા આવે તો તેને બચાવવા હું મથતો રહીશ... કોઇની તૂટેલી જિંદગીને ફરી સાંધી આપવા પ્રયત્ન કરીશ....' તેને ડૂમો બાઝી ગયો હતો એટલે તે ત્યાંથી ચાલતો થયો.

બકુલભાઇ તેને સાંભળ્યા પછી પોતાની ભૂલ સમજી ચૂક્યા હતા અને સરખી રીતે પોતાના સંધાયેલા ચંપલને જોઇને પોતાની ભૂલ બદલ રડી પડ્યાં.

✱✱✱

## જૈનમંત્ર દ્વારા સંગીતચિકિત્સા કરનાર

### કુમાર ચેટરજી



પ્રાર્થનાના સંગીતમય મંત્રો મનને અપાર શાંતિ આપે છે. મંત્ર ઉચ્ચારણથી જીવનશૈલી સ્વસ્થ બને છે.

'પ્રેક્ટિસિંગ આર્ટ ઓફ રિજુવેનેટિંગ ધ હેલ્થ થ્રુ મ્યુઝિક એન્ડ મંત્ર' દ્વારા વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરનાર સંગીતકાર કુમાર ચેટરજીએ મંત્ર દ્વારા સંગીતચિકિત્સામાં કામ કર્યું છે. આમ તો એ બંગાળી બ્રાહ્મણ, પણ જૈન ધર્મથી પ્રભાવિત હોવાને કારણે તેઓ શુદ્ધ શાકાહારી છે કંદમૂળ પણ ખાતા નથી. મંત્રની શક્તિને સર્વોચ્ચ માનતા કુમાર ચેટરજી કેન્સર, પાર્કિન્સન, ઓટિઝમ, ડિપ્રેશન અને અલ્ઝાઈમર જેવા રોગના ઉપચાર માટે હિંદુ એ જૈન ધર્મના મંત્રનો ઉપયોગ કરે છે. તેઓએ રાગ આદિ ભૈરવ અને બૈરાગીના સંયોજનથી નવકાર મંત્ર સ્વરબદ્ધ કર્યા છે ને તેઓ ચિકિત્સાના ભાગ રૂપે એનો પ્રયોગ કરે છે.

# નિવૃત્તિ

**( ચંદ્રકાંત બક્ષી )**

પ્રવૃત્તિ વિરોધી શબ્દ છે! આળસ અને નિવૃત્તિ એ પ્રવૃત્તિ પછીની દ્વિતીય સ્થિતિ છે! આપણા પારિવારિક, સામાજિક પરિવેશમાં નિવૃત્તિ વિશે હજી સ્પષ્ટતા આવી નથી!

સરકારમાં ૫૮ વર્ષ અને ખાનગીમાં ૬૦ વર્ષે નિવૃત્તિ અથવા રિટાયરમેન્ટ આવે છે! પણ જો હવાઈ જહાજમાં અડધી ટિકિટમાં સફર કરવી હોય, કે ઈન્કમ ટૅક્સમાં રિયાયત લેવી હોય, તો ૬૦ વર્ષ પૂરાં થવા જોઈએ!

પણ બુનિયાદી પ્રશ્ન ઉંમરનો નથી, નિવૃત્તિનો છે. એ ભારતીય વિચારધારા નથી!।

મોટો જજ, કે મોટો જનરલ મેનેજર, કે મોટો પોલીસ અફસર, કે મોટો એક્ઝિક્યુટિવ નિવૃત્ત થાય છે અને ઘણી વાર શા માટે તરત ગુજરી જાય છે?

'યસ સર' જીવનભર સાંભળ્યું છે, પછી સામાન્ય નાગરિક થઈ શકાતું નથી.

જીવનભર ટેબલ પરની બેલ દબાવીને સેવાઓ લીધી છે, પછી પોસ્ટ ઓફિસમાં ટિકિટ કે મની ઓર્ડરની કતારમાં ઊભા રહેવાતું નથી! મોટા માણસને નાના થતાં આવડતું નથી!

૩૦૦-૩૫૦ ચોરસ ફિટની કૅબિનમાંથી બહાર નીકળીને, જો ફૂટપાથ ઉપર આવીને એક રૂપિયાની મગફળી ખરીદીને ફાકતાં ફાકતાં ચાલી શકો, તો તમારે આ દુનિયામાં કોઈથી ડરવાનું નથી, પણ એ લગભગ અશક્ય છે!

શૉફરે ચલાવેલી મોટરકાર મૂકીને, બસમાં ફૂટબોર્ડ પર દબાઈને અંદર ઘૂસી જવાની શરમ ન હોય, તો તમે દુનિયા જીતી લીધી છે!

નિવૃત્તિ પણ આવું જ સિન્ડોમ છે!

તમે મોટામાંથી નાના બની જાઓ છો, પછી એકલા બનતા જાઓ છો!

એ રસ્તાઓ જે કારના ચડાવેલા કાચમાંથી જોયા હતા, એ હવે પાસેથી વધારે અપરિચિત લાગે છે!

પહેલાં લોકો પાસે આવતાં ડરતા હતા,



હવે લોકો દૂર જઈને હસી રહ્યા છે. તમે સ્વેચ્છાએ એકલા પડી ગયા નથી, દુનિયાએ તમને એકલા કરી મૂક્યા છે. નિવૃત્તિ પૂર્ણતઃ એકલતાનો પ્રથમ અહેસાસ છે!

કઈ ઉંમર હોય છે, નિવૃત્તિની? નક્કી નથી!

પણ જો તમે ૫૬ના છો, તો હવે ૫૪ના થવાના નથી! તમે ૬૩ના છો, તો હવે ૬૧મું વર્ષ બહુ પાછળ ચાલ્યું ગયું છે! હવે ૬૧નો નહીં, ૬૧ની ગતકાલીન કસકનો નહીં, ૬૫ની અનાગતકાલીન ચિંતાનો વિચાર કરો!

રિટાયરના ગર્ભમાં ટાયર (થાકવું) ધબકી રહ્યું છે!

હું એકલો નહીં જમી શકું, હું એકલો નહીં સૂઈ શકું. તમારે જ તમારી પથારી કરવાની છે, તમારે જ તમારો ચાનો કપ અને ચાની તપેલી ધોઈ નાખવાની છે!

શરીર કમજોર પડતું જાય છે, બીજા પર અવલંબન વધતું જાય છે, સમયભાન ઘટી જાય છે!

તમારી પ્રોફેશનલ આઈડેન્ટિટી સિવાય, પ્રતિષ્ઠા કે શાખ સિવાય તમારી પાસે શું હતું?

હવે ચાબુક તમારા હાથમાં નથી. હવે તમે જે ચાબુક વાપરતા હતા એમાંથી જ લગામ બનાવીને તમને જ દાંતમાં પહેરાવી દીધી છે (જો દાંત રહી ગયા હોય તો!)

હવે તમારી પ્રતિષ્ઠા મહત્ત્વની નથી, તમારી ઉપયોગિતા મહત્ત્વની છે!

કહેવાય છે કે નિવૃત્ત માણસ માટે ઘર પણ મનપસંદ રહેતું નથી!

એક મિત્રે કહ્યું હતું, એક સંસ્કૃત શ્લોક ઉદ્ધૃત કરીને, કે વૃદ્ધ માણસે ઘરમાં અતિથિની જેમ રહેવું...! તો આદર રહે છે, સ્વીકાર થાય છે. માણસ સહજ થઈ જાય છે!

નિવૃત્ત માણસે ગંભીરતાથી પ્રથમ વિચાર કરવો પડે છે, હવે કેટલાં વર્ષોની જિંદગી બાકી રહી? ૧૦ વર્ષ બાકી રહ્યાં? તો એને ૧૫ વર્ષ કરવાં પડશે!

બીજી વાત, બાકીની વધેલી જિંદગી (લેફ્ટ્ઓવર લાઈફ)નું શું કરવું છે? ટી.વી. જોવું છે, પૌત્ર-પૌત્રીઓ સાથે રમવું છે. જે દુનિયા જોવાની ઈચ્છા હતી, પણ જોઈ શકાઈ નથી, કારણ કે સમય કે સગવડ ન હતાં, એ દુનિયા જોવી છે!

સિગારેટ, શરાબ, શોખ બધું જ ધીરે ધીરે છોડવું પડશે, નહીં તો પ્રકૃતિ એવો ફટકો મારશે કે આપોઆપ છૂટી જશે!

સંતાનો માટે કેટલા રૂપિયા મૂકી જવા છે, એ દરેક સફળ નિવૃત્તિકારે વિચારવું જ પડે છે. પૈસા સંભાળવા, સાચવવા, સંવૃદ્ધિ કરવી એ એક એક ઉપર ઉત્તર નિર્ભર કરે છે!

ઊછળતી જવાની ને અઢળક પૈસા, એ એક વિનાશક સ્ફોટક ફૉર્મ્યુલા છે! તમારા મૃત્યુ પછી સંતાનોની ગાળો ખાતા રહેવાનો શ્રેષ્ઠ માર્ગ છે!

નિવૃત્તિ પછી હિન્દુસ્તાનમાં ડિવૉર્સ થતા નથી, પણ બન્નેમાંથી એકનો દેહાંત થઈ શકે છે! ગુજરાતી કહેવત છે કે ભીંત અને કરો સાથે ન પડે! મોટી દીવાલ ભીંત છે, નાની દીવાલ કરો છે, અને બન્ને એકબીજાને સહારે ઊભા છે. બન્ને સાથે પડવાના નથી, એક પડશે અને બીજાએ એકલા જ ઊભા રહેવાનું છે. લગ્નજીવન પણ આજ છે. પતિ-પત્ની સાથે મરતાં નથી, એક મરી જાય છે, બીજાએ જીવતા રહેવાનું છે અને નિવૃત્તિ પછીનો, પત્ની વિનાનો પુરુષ જીવનની અસહ્યતાને બરાબર અનુભવીને સમજે છે. નિવૃત્તિ પુરુષનું 'વૈધવ્ય' બની જાય છે!

નિવૃત્તિ જીવનને રિ-સ્ટ્રક્ચર કરવાનું નામ છે. હવે ઈચ્છા પ્રમાણે પ્રાપ્તિ નથી, અને એ નથી માટે ઉત્તેજિત થઈને ઘર્ષણ કરવાનું નથી! ધન હોવા છતાં સેવા મળે જ એ આવશ્યક નથી.

*(અનુસંધાન પાના...૩૮ ઉપર)*

# ચંદનબાનો નિઃસ્વાર્થ પરમાર્થ



● શરદ મણિયાર ●

'**ચં**દનબેન' કે 'ચંદનગૌરી' એ એમનું નામ, એટલે જ ચંદનની શીતળતા અને સૌમ્યતા એમના વ્યક્તિત્વને વધુ સુગંધિત કરતા હતા. સ્કૂલનું ભણતર ઓછું પણ દુનિયાદારીના અનુભવના ગણતર થકી એમની કોઠાસૂઝ અને તર્કશક્તિ અમારા કુટુંબ પર, અમારા ચારેય ભાઈ-બહેનો માટે ભગવાનના વણમાગ્યા વરદાન સમાન હતા.

મૃદુભાષી અને ઓછું બોલનારા અમારા 'ચંદનબાએ' અમને ક્યારેય કોઈ વાતનું ઓછું આવવા દીધું ન હતું. પપ્પાનો ટૂંકો પગાર અમારા પરિવાર પર ક્યારેય કોઈ પણ ચીજ વસ્તુના અભાવનો પ્રભાવ પાડી શક્યો ન હતો. આખા મહિનાની તનતોડ જહેમત બાદ પોતાના હાથમાં આવતો સંપૂર્ણ પગાર મમ્મીના હાથમાં આપ્યાનો સંતોષ માનીને પપ્પા ફરી નવા પડકારનો સામનો કરવા જુજી જતા પણ અમારી મમ્મી એ જ રકમને 'કુબેરનું ધન' માનીને અમારું પોષણ કરવામાં ક્યારેય પણ કોઈ વાતની કચાશ નહીં આવવા દેતા. બસ આ જ રીતે અમે અમારા બાળપણ ને શેરડીના તાજા રસના ગળપણની જેમ જ્યારે પણ વાગોળીએ છીએ ત્યારે 'થોડી ખુશી, થોડું ગમ' બની ને અમારા આંખોમાંથી વહી જતા આંસુઓને ખાળી શકતાં નથી. એમની હયાતીની હૂંફ તો નથી રહી હવે, પણ એમના અવિરત પ્રેમના મીઠા સંસ્મરણોની સુગંધ આજે પણ અમારા પરિવાર પર પ્રસરતી જ રહે છે.

અને યાદ આવે છે 'ચંદનબાનો' એ નિઃસ્વાર્થ પરમાર્થ જે મારા જીવનમાં એક "Turning Point" તો બની જ ગયો પણ અમારા માં પરોપકારની ભાવનાનું વાવેતર પણ કરતો ગયો.

અમારા ઘરે રોજિંદા કામકાજમાં મદદરૂપ થવા એક બહેન આવતાં હતાં જેમનું નામ હતું જશવંતીબેન વાઘેલા, પણ અમારી ચાલમાં અને તેઓ જ્યાં રહેતાં હતાં એ ચાલમાં પણ 'જશીબેન'ના હુલામણા નામે જ ઓળખાતાં હતાં. એકવડિયો બાંધો અને આધેડ ઉંમરના જશીબેનને ચાર ચાર દીકરીઓના ભરણ-પોષણની જવાબદારી એમના પતિદેવ નારાયણભાઈ વાઘેલા સાથે સહિયારી નિભાવવી હોવાથી તેવો અમારા ઘરનું કામકાજ સંભાળતા હતા તેમ જ આજુબાજુના ઘરોમાં પણ શક્ય એટલો સમય આપી ને થોડી વધુ આવક રળી લેતાં હતાં. અમારા ઘર તરફ જોકે તેમનો લગાવ અને કામ કરવાની રુચિ થોડી વિશેષ એટલા માટે પણ હતી કારણ કે અમારા મમ્મી તરફથી પણ એમને આદરસત્કાર અને માન મર્યાદા થોડા વધુ મળતા હતા, એટલું જ નહીં પણ જસ્સીબેનની સૌથી નાની ત્રણ વર્ષની દીકરી આશાને અમારી મમ્મીના હવાલે મૂકીને તેઓ અન્ય ઘરોનાં કામકાજ પણ નિશ્ચિતપણે આટોપી શકતા હતા. દરરોજ તેઓ પ્રથમ અમારા જ ઘરે આવી જતા અને અમને ચારેય ભાઈ-બહેનોને સ્કૂલમાં જવા તૈયાર થવામાં મદદ કરતાં કારણકે એ જ સમય હતો જ્યારે પપ્પાનું પણ ટિફિન તૈયાર કરવાની જવાબદારી અને ઉતાવળ મમ્મીને હંમેશાં અધ્ધર શ્વાસે રાખતી. એટલે જસ્સીબેનનું આમ અમારા ઘરે વહેલું આવી જવું મમ્મી માટે થોડી રાહતનું કામ કરતું. જોકે અમે પણ વહેલી સવારમાં નાનકડી આશા ને ઘડી બે ઘડી રમાડવાની મોજ પણ માણી લેતા હતા. અમને બધાને એક ગજબનું આકર્ષણ હતું એના માસૂમ ચહેરાનું અને એની કાલીઘેલી ભાષાનું જેને અમે અમારી સવારની શુભ શરૂઆત માનતા હતા. પણ સાંજે જ્યારે અમે સ્કૂલેથી પાછા આવીએ ત્યારે જો આશા એના ઘરે જતી રહી હોય તો એ નિરાશામાં અમને મમ્મીના હાથનો બનાવેલ સ્વાદિષ્ટ નાસ્તો પણ ફીક્કો લાગતો હતો.

સમય બસ આમને આમ વીતતો ગયો અને અમારી સાથે સાથે આશા મોટી થવા લાગી એટલે એણે પણ સ્કૂલમાં જવાનું શરૂ કરી દીધું. જોકે જસ્સીબેનનું અમારા ઘરે મમ્મીને કામકાજમાં મદદે આવવાનું યથાવત જ રહ્યું જે સારી ઘટના કહી શકાય, પણ દુર્ઘટના એક દિવસ એવી બની કે જસ્સીબેન ઘરે આવ્યા જ નહીં અને એમના નહીં આવવાનું કારણ પણ ન જાણી શકાયું કારણકે તે જમાનામાં મોબાઈલ ફોન હજુ અવતર્યા જ નહીં હતા, અને એક સામાન્ય ફોન, 'લેન્ડલાઈન', એક સામાન્ય કુટુંબમાં હોવી એ કોઈ પરીકથાના દુઃસ્વપ્ન જેવી હતી. દૂર કોઈના ઘરે જો ફોનની ઘંટડી રણકતી તો એ સાંભળીને અમારા હૃદયના ધબકારા વધી જતા અને એ ફોન થકી કેવી રીતે વાત થાય એ જ અચંબા અને અજંપામાં અમે સતત રહ્યા કરતા હતા. એટલે એ આખો દિવસ અમારો જસ્સીબેનની રાહ જોવામાં વીતી ગયો પણ એમના આવવાના એંધાણ જ ન થયા. જોગાનુજોગ પપ્પાને પણ ઓફિસના કામ થકી એક અઠવાડિયા માટે કરાંચી જવાનું થયું એટલે મમ્મીને એમનું ટિફિન તૈયાર કરવાની વ્યાકુળતા ન હતી, પણ જશીબેનના આગમનની કાગડોળે રાહ જોતા જોતા એમના ચહેરા પર ચિંતાની રેખાઓ ઉપસી આવેલી દેખાઈ રહી હતી એટલે અમારી મોટીબેને એની 'ચતુરાઈથી' મમ્મીની 'ચિંતાને' દૂર કરવા પોતાની બીમારીનું બહાનું કાઢીને સ્કૂલમાં 'ગુટલી' મારવાનો નિર્ણય લઈ લીધો અને મમ્મીને લઈને પહોંચી ગયા સીધા જશીબેન ના ઘરે. તો ત્યાં પહોંચતાં જ ખબર પડી કે એમની સૌથી નાનકડી દીકરી અને અમારી લાડકડી

આશાને ગઈકાલ સવારથી જ અચાનક ઝાડા અને ઊલટી થઈ રહ્યા છે. એમના ફેમિલી ડોક્ટરની દવાથી પણ કંઈ વિશેષ ફરક ન જણાયો એટલે એમણે પણ 'મોટા ડોક્ટરને' બતાવવાની ભલામણ કરી. પણ કદાચ મોટા ડોક્ટરની મોટી ફીસ નહીં આપી શકવાના તણાવ થકી જશીબેન ત્યાં જવાનું ટાળી રહ્યા હતા એવું કળી લીધું અમારી મમ્મીએ અને મોટીબેને,એટલે હવે વધુ વિલંબ ન કરતા આશા ને 'મોટા ડોક્ટર' પાસે લઈ જવાની જવાબદારી મમ્મીએ તરત ઉપાડી લીધી અને ટેક્સી કરીને પહોંચી ગયા એમની પાસે તો એ 'મોટા ડોક્ટરે' પણ આશાની પરિસ્થિતિનું બારીકાઈથી નિરીક્ષણ - પરીક્ષણ કરતા 'સીધા હમણાં ને હમણાં જ હોસ્પિટલમાં દાખલ કરવાની' સલાહ આપી, તો જશીબેનના માથે જાણે આભ તૂટી પડ્યું. મમ્મી પણ થોડા વિચલિત તો થઇ જ ગયા પણ મોટીબેનના આંખના ઇશારાની સંમતિ મળી જતા તેઓ પોતાના મનનું સંતુલન જાળવી શક્યા અને તરત જ ટેક્સી કરીને એને 'નાણાવટી હોસ્પિટલ'માં લઈ ગયા. ઘરેથી નીકળતી વખતે થોડા ઘણા પૈસા સાથે લીધા હતા એ તો પેલા 'મોટા ડોક્ટર'ની ફી અને બે બે વાર ટેક્સીના આપવામાં લગભગ પૂરા થઈ ગયા હતા. તેમ છતાંય કોઈપણ જાતનો આગલો પાછલો વિચાર કર્યા વગર આશાના સ્વાસ્થ્યની સલામતીને પ્રાથમિકતા આપવાનું જરૂરી લાગ્યું એટલે હોસ્પિટલ પહોંચી ગયા અને સદભાગ્યે ત્યાં હાજર ડોક્ટરોએ પણ આશાની પરિસ્થિતિ ને ગંભીરતાથી લઈને અન્ય કોઈપણ ઔપચારિકતા કરવાનું હાલ પૂરતું ટાળીને એના ઉપચાર માં લાગી ગયા પણ ત્યારબાદ વ્યવસ્થિત રીતે એને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂરી પ્રક્રિયા ચાલુ કરી દેવાની અગ્રીમ સૂચના પણ આપતા ગયા, અને હવે શરૂ થઈ અમારા મમ્મી ની 'અગ્નિપરીક્ષા' કારણકે પાકીટ માં હતા 'ઠન ઠન ગોપાલ' અને માથે હતું આશાની બીમારી નું 'ધર્મસંકટ'. એને હોસ્પિટલમાં દાખલ કરવાની બધી વિધિઓ કરવી એટલે ફક્ત તેના નામ -ઠામ આપવાના નહીં પણ રોકડાં દામ પણ ચૂકવવાના, એ પણ હમણાં ને હમણાં. કેવી રીતે લાવવા ? જેવું આ ફોર્મ ભરીને આપીશું કે તરત હોસ્પિટલવાળા એડવાન્સ પેઠે કંઇક તો પૈસાની માગણી કરશે ને, તો એ ક્યાંથી લાવવા એ તોફાની ચિંતાની ધ્રુજારી અમારી મમ્મીના શરીરમાં પ્રસરી ગઈ. ''ઘરે જઈને પૈસા લાવવાનો સમય તો એ લોકો આપશે જ પણ ઘરે પહોંચ્યા પછી પૈસા કોણ આપશે ?'' 'ઘરમાં હતા એટલા પૈસા તો સાથે લઈને નીકળી હતી અને જે થોડા ઘણા પૈસા ઘરમાં રાખ્યા છે એ તો રોજિંદા ઘર વપરાશ માટે, પણ ક્યારેક ઓછા પડતા હોય છે, વળી પપ્પા પણ એક અઠવાડિયાં માટે બહારગામ ગયા હતા એટલે તેઓ પણ કાંઈ મદદ કરી શકે એમ ન હતા, અને આડોશપાડોશમાં જઈને માગીએ અને તેઓ પણ મદદ કરવામાં અસમર્થ નીવડે તો એમને ક્ષોભમાં પાડવાનું પાપ માથે લેવું ન હતું. જશીબેન તો કોઈપણ વધારાનો આર્થિક બોજ સહન કરી શકે તેમ હતા જ નહીં, તો હવે કોના ભરોસે હોસ્પિટલવાળાને ખાતરી આપવી અને આશાના દાખલ કરવાની વિધિઓ પતાવવી. પણ છેવટે 'મા' ની મૂંઝવણ'મા એ'જ દૂર કરી. અને એ 'મા' જે આખા જગતની મા છે એ 'માં જગદંબા.' અમારી મમ્મીને કાયમ 'અંબામાં' માટે એવી અતૂટ શ્રદ્ધા હતી કે એને

'મીઠી અંધશ્રદ્ધા' પણ કહેવું અતિશયોક્તિ ભર્યું ન હતું. એટલે મમ્મી તરત જ 'અંબામા'નું સ્મરણ કરીને બોલ્યા, 'હે મા, હવે તમે જ કોઈ સદબુદ્ધિ આપો અને દિશા સુઝાડો. હું તો જાઉં છું આશાનું આ ફોર્મ ભરવા.' બા મોટી બહેનને લઈને એવો હોસ્પિટલના કેશ કાઉન્ટર ઉપર પહોંચ્યા ત્યારે અન્ય દર્દીઓના સગા સંબંધીઓની લાઇન લાગી હતી એટલે મમ્મી ને એમનો વારો આવે એ દરમ્યાન આ વિષય પર થોડું વધુ ઊંડાણપૂર્વક વિચાર કરવાનો મોકો મળી ગયો. અને 'માં અંબામાં'નું સતત રટણ કરતા કરતા મળી ગયો પૈસા ભરવાનો એક અચરજ ભર્યો વિકલ્પ. અને પછી બસ સખત આત્મવિશ્વાસ સાથે મક્કમ થઈને જેવો એમનો વારો આવ્યો કે તેઓ બોલ્યા, 'સાહેબ, અમારી આશાનું આ એડમિશન ફોર્મ રાખો તમારી પાસે અને પ્લીઝ મને એકાદ બે કલાકનો સમય આપો. આશાની આ મમ્મી અને મારી દીકરી અહીંયા જ ઊભા રહેશે, અને હું તમારા ભરવાના પૈસા લઈને આવું છું, પણ કેટલા પૈસા ભરવાના છે એ જરા જણાવશો પ્લીઝ ?'

કોણ જાણે કેમ પણ કાઉન્ટર પર બેઠેલી વ્યક્તિએ મમ્મીના આ કથનનો કોઇપણ જાતનો વિરોધ ન કર્યો અને આદર સાથે સસ્મિત મમ્મીને રૂપિયા ૫૦૦૦/- લેવા જવાની અનુમતિ આપી દીધી. આ જોઈને જશીબેન અને મોટી બેનના પણ મનમાં ઉદ્ભવેલા આશ્ચર્યના પ્રતિભાવને ગણકાર્યા વગર અને એવો કંઈ પૂછે એ પહેલાં જ ત્યાંથી તરત રવાના થઇ ગયા.

લગભગ દોઢેક કલાકના અંતરાળ બાદ મમ્મી હાંફતા - હાંફતા, ચહેરા પર કોઈપણ જાતની ચિંતાના ભાવ વગર હોસ્પિટલ આવી પહોંચ્યાં અને પોતાના પાકીટમાંથી ૫૦૦૦/- રૂપિયા કાઢીને કેશ કાઉન્ટર પર જમા કરાવી દીધા, અને બીજા લગભગ દોઢેક હજાર રૂપિયા જશીબેનના હાથમાં થમાવી દીધા.

લગભગ ચારેક દિવસના રોકાણ બાદ આશા સંપૂર્ણ સ્વસ્થ અને મસ્ત બનીને ઘરે આવી ગઈ પણ જશીબેનના મનમાં ઘર કરી ગયેલી એક ચિંતાએ તેમનો કેડો ન મૂક્યો, અને જ્યારે તેઓ રાબેતા મુજબ અમારા ઘરે આવ્યા ત્યારે રડમસ ચહેરે અને ગદગદ કંઠે અમારી મમ્મીને સંબોધીને બોલ્યા, 'ચંદનબેન, હું નથી જાણતી કે કઈ રીતે અને ક્યાંથી આટલા ટૂંકા સમયમાં આટલી મોટી રકમ તમે ભેગી કરીને લાવ્યા અને મારી આશાની વહારે આવ્યા. તમારા એ કર્તવ્યનું ઋણ તો હું ક્યારેય નહીં ચૂકવી શકું પણ તમારી એ મૂડીનું ઋણ તો મારે ચૂકવવું જ છે જે તમે મારા ખરા સમયે મને આપી હતી. તો હવે જ્યાં સુધી તમારા આપેલા એ રૂપિયા સંપૂર્ણપણે તમને ચૂકવાય ન જાય ત્યાં સુધી તમે મને મારો પગાર નહીં આપતા.'

પણ અમારી મમ્મીના ચહેરા ઉપર ખૂબ જ સંતોષનું સ્મિત ઉભરી આવ્યું અને એ બોલ્યા 'ઓ જશીબેન, તમે પગાર નહિં લ્યો તો તમારા

ઘર ખર્ચને પહોંચી વળવા તમને જ ખેંચ પડશે અને એ ચિંતામાં ને ચિંતામાં તમે જો માંદા પડશો તો તમારી દવા કરવાના પૈસા ક્યાંથી લાવીશું આપણે ? પાછું હવે દિવાળી પણ માથે છે તો તમારા માથે કામનો બોજો પણ વધવાનો છે, એટલે હમણાં એ બધી ચિંતા છોડો અને બસ મન લગાવીને કામે લાગી જાવ'.

મમ્મીની કૃતજ્ઞતાના ભાર હેઠળ દબાયેલા જશીબેન નિરુત્તર રહ્યા, પણ અનાયાસ મમ્મીને ભેટી પડ્યાં અને સજળ નયને આકાશ તરફ જોઈને મનોમન કંઈક બોલ્યા જરૂર જે અમે તો નહીં સાંભળી શક્યા પણ કદાચ ઉપરવાળાના કાન સુધી એ ગુપ્ત વાત પહોંચી ગઈ હશે.

જશીબેનની મૂંઝવણ તો તત્ પૂરતી દૂર થઈ પણ અમારી મૂંઝવણ અટળ રહી કારણ કે પપ્પાના ટૂંકા પગાર અને મમ્મીના કરકસર ભર્યા જીવનથી અમે સંપૂર્ણપણે અજાણ હતા તેમ છતાંય પપ્પાની મદદ લીધા વિના કે કોઈને પણ જાણ કર્યા વિના મમ્મીએ જશીબેનને મદદ કરવા આટલા પૈસાની વ્યવસ્થા કઈ રીતે કરી હશે એ અમારું બાળ મગજ 'વધુ કશીએ પહેલાં જ અમારા 'ઉસ્તાદ પપ્પા' એ આ ભેદ છતો કર્યો પણ ઠેઠ દિવાળીના બીજા દિવસે, નવા વર્ષની વહેલી સવારે, જ્યારે તેઓ ખૂબ ખુશ મિજાજમાં અમને ચારે ભાઈ બહેનોને અમારા ફટાકડાની અને આગલી સાંજે એમની ઓફિસમાં થયેલા ચોપડા પૂજનમાં મેળવેલી મીઠાઈની વહેંચણી કરી રહ્યા હતા ત્યારે. અને એ એક દિવસની ખુશી અમારા માટે આગલા સાત સાત જનમ ખુશ રહેવા માટે પૂરતી હતી. પપ્પાએ મમ્મીને પણ મીઠાઈ ખવડાવી અને પૂછ્યું, 'બાયા', (અમારી મમ્મીને લાડમાં તેવો 'બાઈ' અથવા 'બાયા' કહીને જ બોલાવતાં હતા.)

'તને ફક્ત મીઠાઈ જ પૂરતી છે કે કાંઈ બીજું પણ જોઈએ છે આજના નવા વર્ષ નિમિત્તે ?' તો મમ્મીએ સસંકોચ મને જવાબ આપ્યો, 'આજ સુધી મેં કંઈ માગ્યું છે તમારી પાસે કે આજે માંગુ ? તેમ છતાંય તમારે જે આપવાની ઈચ્છા હોય અને તમે જે પણ કંઈ લાવ્યા છો એ આપશો તો પણ ચાલશે'.

અને પપ્પાએ પોતાના ખિસ્સામાંથી એક નાનું લાલ કલરના વેલવેટનું બોક્સ કાઢીને મમ્મીના હાથમાં મૂક્યું. એ બોક્સને જોતા અમને અને અમારી મમ્મીને સમજાઈ ગયું કે આમાં જરૂર સોનાની કોઈ ચીજ છે. એટલે અમારા સૌનો હરખ બેવડાયો પણ મમ્મીનો અચંબો એમની આંખમાં ઉતરી આવ્યો. ખચકાતા અને મૂંઝાતા એમણે એ બોક્ષ્ ખોલ્યું ને એમાં જે જોયું તે જોઈને તેમની આંખે લગભગ અંધારું છવાઈ ગયું. એમાં સોનાની બે બંગડીઓ હતી જે જોઈને હૃદયના વધી ગયેલા ધબકારા એમના ચહેરાના નૂર ને વધુ ઝાંખો કરે એ પહેલાં જ પપ્પા બોલ્યા, 'તારી જ છે ને આ બે બંગડીઓ, જે તે 'મહાવીર જ્વેલર્સને' ત્યાં વેંચી દીધી હતી અને જશીબેનની દીકરી માટે હોસ્પિટલમાં પૈસા ભર્યા હતા ?'

પપ્પાના આ ઘટસ્ફોટ થી મમ્મી તદ્દન અવાક્ બની ગયા.

નતમસ્તકે અને મુક્ ચહેરે ક્ષોભની ગ્લાનિ માં ગરકાવ થઈ ગયા અને થોડી જ ક્ષણમાં તો એમની આંખોથી ટપ-ટપ આંસુ વહેવા લાગ્યા પરંતુ પપ્પા તરત જ હસતા સ્વરે મમ્મીની લાગણી નું સન્માન સાચવવા બોલ્યા, 'અરે ઘેલી, એમાં આટલી દુ:ખી કેમ થઈ ગઈ તું ? અરે તે જે સત્કર્મ કર્યું એ કરવા માટે પણ ગજુ જોઈએ જે બધા પાસે નથી હોતું, અને યોગાનુયોગ તારા એ સત્કર્મે શું ચમત્કાર સર્જયો છે એ તો જાણ પહેલા !'

અને પપ્પાએ મમ્મીના ચહેરા પરના આંસુ લૂછ્યા તો મમ્મીએ પણ પપ્પાની આંખોમાં આંખો પરોવવાની હિંમત કરી અને પ્રશ્નાર્થ ચિન્હે ફક્ત ઇશારે પૂછ્યું કે, 'શું ચમત્કાર થયો તમારી સાથે ?'

અને હવે પપ્પાએ જે સવિસ્તાર વાત કરી એ અમારા સૌ માટે એક અવરણીય અને અકલ્પનીય બીના બની ગઈ.

'જે દિવસે તમે જશીબેનની દીકરી માટે હોસ્પિટલની પળોજણમાં પડ્યા હતા ત્યારે લગભગ એ જ સમયે હું પણ કોચિનની કોર્ટમાં હાજર થયો હતો. મારા શેઠ ઉપર કોચીનના એમના એક એજન્ટે કેસ કર્યો હતો અને એક કેસ લડવા અમારી કંપનીના એક જવાબદાર પ્રતિનિધિ તરીકે શેઠે મને ત્યાં મોકલાવ્યો હતો કારણ કે એ કેસને લગતા તમામ કાર્યોમાં હું જાણતાં-અજાણતાં જોડાયેલો હતો એટલે અમારા શેઠની અને કંપનીની તરફેણમાં મારી જુબાની ખૂબ જ મહત્વ ધરાવતી હતી. આખા કેસમાં પેલા કોચિનના એજન્ટે બદઇરાદાપૂર્વક અમારી કંપની ને સંડોવી હતી એટલે એ સાબિત કરવા માટે જે દસ્તાવેજો, કાગળિયા તૈયાર કરવા જરૂરી હતા એ બધા વ્યવસ્થિત રીતે તૈયાર કરીને હું ગયો હતો પણ એને એટલી જ સરસ રીતે મારે જજ્ સાહેબ સામે બોલીને રજૂઆત પણ કરવાની હતી જેની ચિંતા મને સતત કોરી ખાઈ રહી હતી, કારણકે મારા બોલવામાં અને સામેવાળાના વકીલના આડાતેડા પ્રશ્નોના જવાબ આપવામાં હું જરા પણ ગાફેલ થયો હોત તો અમે એ કેસ હારી ગયા હોત, અને અમારી કંપનીની બદનામી પણ થઈ હોત અને કંપનીને આર્થિક ખોટ સહન કરવી પડતે એની જવાબદારી આડકતરી રીતે મારા માથે આવી પડી હોત. એટલે એ ચિંતામાં ને ચિંતામાં મારો આત્મવિશ્વાસ ડગી રહ્યો હતો. પણ પછી કોર્ટમાં જ્યારે મારો નંબર આવ્યો અને એ બધા કાગળિયા કાઢીને હું જજસાહેબ સમક્ષ ઊભો રહ્યો ત્યારે કોણ જાણે કેમ મારામાં કોઇ અદ્રશ્ય શક્તિનો સંચાર થયો અને જે આત્મવિશ્વાસ સાથે મેં બધી રજૂઆત ખૂબ જ સ્પષ્ટતાથી કરી અને સામેવાળાના વકીલના મૂંઝવતા પ્રશ્નોના તટસ્થ રીતે જવાબો આપ્યા તેનાથી પ્રભાવિત થઈને જજ્ સાહેબે એ કેસનો ચુકાદો અમારી તરફેણમાં આપ્યો. અમે કેસ જીતી ગયા, અમારી કંપનીની પ્રતિષ્ઠા જળવાઈ રહી અને શેઠને મોટું નુકસાન પણ ન થયું. આ વાતથી અમારા કંપનીના બધા ડાયરેક્ટરો મારા પર બહું જ ખુશ થયા અને ગઈકાલે ચોપડા પૂજનની સાંજે આખી ઓફિસમાં મારું સન્માન થયું અને મોટા શેઠે ફક્ત મને નોકરીમાં પ્રમોશન જ નહીં આપ્યું પણ દિવાળી નિમિત્તે વિશેષ બોનસ રૂપે મને મોટી રકમ આપી. અરે ઘેલી, એટલું જ નહીં પણ ત્યારબાદ તેમણે મને એકાંતમાં એમની કેબિનમાં બોલાવી ને જે વાત કરી એ તમે

સાંભળશો તો કદાચ ખુશીના માર્યા બેભાન થઈ જશો'. પપ્પા બે ક્ષણ સુધી અમારી સામે જોઈ રહ્યા.

હવે અમારી ઉત્કંઠતા એની પરાકાષ્ઠાએ પહોંચે એ પહેલાં પપ્પા એ ફરી આગળ ચલાવ્યું, 'શેઠ બોલ્યા, જુઓ મણિયાર, હવે તમે તમારા પરિવાર સાથે જે ચાલમાં રહી રહ્યા છો એ હવે નહીં ચાલે, કારણ કે આજે જ તમારું પ્રમોશન થયું છે, એટલે આપણી કંપનીમાં તમારા પ્રમોશનના મોભાને શોભે એ રીતે તમારે હવે એ ચાલમાંથી નીકળીને કોઈ બીજી જગ્યાએ નાના મકાનમાં એક નાનું ઘર લેવું પડશે અને એના માટે હું તમને મારા અંગત એકાઉન્ટમાંથી લોન પણ આપીશ જે બહુ જ લાંબા ગાળે ધીરે ધીરે કરીને તમારા પગારમાંથી કપાતી રહેશે.

બસ, આટલું બોલીને પપ્પાએ પોતાની વાત પૂરી કરી પણ અમારે હવે એ ચાલીની દસ બાય દસની રૂમમાં જ્યાં ફક્ત નાહવા માટે એક નાની ચોકડી હતી ત્યાંથી નીકળીને એક એવી જગ્યાએ રહેવા જવાનું છે જ્યાં બંધબારણે નાહવાનો અમારો બાથરૂમ હોય અને એ ઘરની અંદર જ અમારું પોતાનું અલાયદુ ટોયલેટ હોય એવું એક દિવાસ્વપનું હવે સાવ સાચું પડશે એ મીઠા ડરનો મીઠો ઉજાગરો આજે પણ અમે માણી રહ્યા છીએ ત્યારે મમ્મીએ કરેલી એ નિઃસ્વાર્થ પરમાર્થની ઘટના અમને જીવનમાં પરોપકારી થતાં રહેવાની પ્રેરણા સતત આપ્યા કરે છે.

✱✱✱

---

*(અનુસંધાન પાના...૩૪ થી)*

બન્ને મુઠ્ઠીઓ ખુલ્લી થતી જાય છે, પણ આ અસહાય અવસ્થા નથી!

મુંબઈના પોલીસ અધ્યક્ષ ગફુરે એક ઈન્ટરવ્યુમાં સૂચક વાત કરી હતીઃ વિદેશોમાં વૃદ્ધો સશક્ત સમર્થ રહી શકે છે, સ્વસ્થ હોય છે, શરીર સરસ રાખી શકે છે, પણ આપણા વૃદ્ધો શા માટે લથડી જાય છે?

ગફુરનો તર્ક એવો હતો કે વિદેશી વૃદ્ધો પોતે જ પોતાનું કામ કરતાં રહે છે, એટલે એમના શરીરો ચુસ્ત રહે છે! જ્યારે આપણે ત્યાં સંયુક્ત પરિવારોને કારણે અને કૌટુંબિક પરંપરા પ્રમાણે પુત્ર, પુત્રવધૂ, પુત્રી, પૌત્રી, પૌત્ર દાદાજીને કોઈ કામ કરવા દેતા નથી, એટલે દાદાજી એક 'કાઉચપોટેટો' (સોફા પર બેઠેલું બટાટું) બની જાય છે! બધા જ દાદાજીનું કામ કરવા તત્પર હોય છે અને દાદાજીએ કોઈ જ શારીરિક કામ કરવાનું હોતું નથી, માટેએમની તબિયત રુગ્ણ થતી જાય છે!

લેટેસ્ટ કપડાં પહેરવાં, કે એકલા બહારગામ પ્રવાસ કરવો, કે જિંદગીની મજાઓ કરવી, એ આપણા દેશી દાદાજીના કિસ્મતમાં નથી!

પશ્ચિમમાં એકલતા અથવા ન્યુક્લિઅર ફેમિલી (માત્ર પિતા-માતા-સંતાનોનો પરિવાર)ને લીધે વૃદ્ધોને શરીર સાચવવું જ પડે છે! નિવૃત્તિમાં સરસ સ્વાસ્થ્ય અત્યંત મહત્ત્વનો આધાર છે!

નિવૃત્તિ અને વૃદ્ધત્વ અવિભાજ્ય છે! તમે નિવૃત્તિ સ્વીકારો કે ન સ્વીકારો, નિવૃત્તિ તમારો, તમારા શરીરનો, તમારા સંબંધોનો, તમારા પરિવેશનો કબજો લઈ લે છે! દિવસમાં ૮, ૧૦, ૧૪ કલાક જે લોકો સાથે કામ કર્યું છે, એ લોકોના નામો પણ યાદ કરવા પડે, એ દિવસો આવી ચૂક્યા છે, અને એ વૃદ્ધત્વનું પ્રથમ ચરણ છે!

હવે ડોરબેલ ઓછી વાગે છે, હવે ટેલિફોન ઓછા આવે છે, હવે જે મળે છે એ પ્રથમ તમારી તબિયત પૂછે છે!

હવે તમારે નક્કી કરવાનું છે કે તમારી નિવૃત્તિની દિશા કઈ છેઃ સ્પિરિચ્યુઅલની (આધ્યાત્મિક) કે મટિરિયાલિસ્ટિક ની (ભૌતિકતા)? અને બન્ને સાચી છે, કારણ કે ચહેરો તમારો છે!

✱✱✱

## વાચકોની વિચારગોઠડી

**સ્નેહી સંધ્યાબેન,**

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભાની માસિક પત્રિકા નિયમિત મળે છે. આપે મારા બે પુસ્તકોનો 'પરિચયની પાંખે'માં, સુંદર પરિચય કરાવ્યો છે, તે બદલ આપને ખૂબ ખૂબ અભિનંદન.

પત્રિકાના લેખો વિવિધતાથી ભરપૂર હોય છે તે બદલ ધન્યવાદ..

ઝાલાવાડની ભૂમિ સાથેનો મારો નાતો ૨૭ વર્ષનો છે તેથી આ માસિક પત્રિકા સાથે લાગણી અનુભવું છું. આમે મારે જૈન પરિવારો સાથે નિજી નાતો છે.

ધન્યવાદ

**આપનો સ્નેહી - મોમ પટેલ**

તંત્રી : સમણું ત્રિમાસિક, અમદાવાદ તા.૨૭-૧-૨૦૨૧

●●●

આપની પત્રિકા છેલ્લા ૬ વર્ષથી મગાવું છું. અમો જૈન સ્થા. પણ દશાશ્રીમાળી છીએ પણ આપની પત્રિકા મારા પિત્રાઈ ભાઈને ત્યાં થોડાંક વર્ષ પહેલાં જોઈ-વાંચી ત્યારથી મગાવું છું.

પત્રિકાની ડિઝાઈન, કલર, પ્રીન્ટીંગ, કમ્પોઝિશન તથા તમામ પાસા ખૂબ સારા છે. ઉપરાંત પ્રૂફ રીડિંગ પણ ઘણું સારું છે. આ બધા ઉપરાંત તમામ વાંચનસામગ્રી કદાચ કોઈ જ્ઞાતિ પરિવારમાં શ્રેષ્ઠ દરજ્જો ધરાવતી હશે. આ માટે સંધ્યાબેન તથા તેમની ટીમ ઉપરાંત ટ્રસ્ટી મેમ્બરોને અમારા પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

**નવી મુંબઈ - અશોક મહેતા**

# PATAN CO-OPERATIVE BANK LIMITED

RASIK NIWAS, PATAN JAIN MANDAL MARG. MARINE DRIVE, MUMBAI – 400 020.
TEL : 2281 5290/2281 7444/2281 9403 FAX : 2281 6513

## YOUR OWN COMMUNITY BANK

- 41 Years dedicated service.
- Continuous "A" Audit Class.
- Continuous Profit making and Dividend paying Bank.
- Financially Sound and Well-Managed Bank as per RBI Norms.

## Offers Loans at very attractive terms:

- Business Loans (Working Capital & Term Loan) up to Rs. 175 lakhs @ 10% to 12.25% p.a.
- Vehicle Loan : Up to Rs. 40 lakhs @ 7.75% to 8% p.a.
- Education Loan:Up to Rs. 20 lakhs @ 9% p.a.(Special rate @ 5% up to Rs 5 Lakhs to members having membership of 2 years.)
- Housing Loan :Up to Rs. 30 lakhs @ 7.75% to 8% p.a.
- Personal Loan (without collateral security): Up to Rs. 3 lakhs @ 11% to 11.50% p.a.
- Loan against Shares : Up to Rs. 10 lakhs @ 10%
- Loan against LIC policies/ NSC:@ 8% to 8.50% p.a.
- Loan against Property: Up to Rs.175/- lakhs.@ 10% to 11.75% p.a.
- Gold Loan 8.25% to 9% p.a.
  - No Processing Charges ( for limited period )
  - No other Hidden Cost.
  - Simple Procedure and Fast Disbursement.
  - 39 Years dedicated service.

LOCKER FACILITY AVAILABLE AT MARINE DRIVE AND GOREGAON BRANCH

Now Membership of the Bank is also open for limited period. Please Contact Branch Managers:

1. Marine Drive Branch Phone No.: 22817444, 22815290
2. Goregaon Branch Phone No.: 28750653, 28750616
3. Nagdevi Branch Phone No.: 23465290/ 23465291

(Advt.)



Dhimant Shah
+91 90295 21575

Er. Aakash Shah
B.E Automobile, A.D.A.M.,
C.D.E. (Mercedes Benz)
+91 89766 69545

AUTO WORLD®
Complete Car Solutions

F-5, Nisarg Heaven CHSL, Pawandham Lane,
Mahavir Nagar, Kandivali (W), Mumbai - 67.
+91 93242 06784 / +91 89766 33099

*Now also at Borivali*

Ahead of BPCL Petrolpump, I.C. Colony,
Link Road, opp. Metro Pillar No. 144, Borivali (W)
Mumbai- 103
+91 9321463225

- CAR REPAIR & SERVICES
- CAR PARTS & ACCESSORIES
- CAR SCANNING
- CAR DIAGNOSTIC CENTER
- INSURANCE & RTO CONSULTANTS
- CASHLESS INSURANCE CLAIMS **
- INTERIOR CLEANING & POLISHING
- CAR A/C. INSTALLATION & REPAIR
- COMPUTERISED KEY MAKING
- TIRE & BATTERIES
- DENTING & PAINTING
- CAR MODIFICATION
- NEW CAR BOOKING
- PRE OWNED CARS
- CAR FINANCE
- TOWING SERVICE AVAILABLE

SPECIALIZED IN PREMIUM CAR REPAIRS
Special Discount on labour for Members upto 20%*
customer.autoworld@gmail.com www.autoworldindia.in

(Advt.)



**લગ્નસંબંધી**

ઝાલાવાડી સ્થાનકવાસી વિશાશ્રીમાળી જૈન
કન્યા ઉ.વ. અત્યારે ૫૪ વર્ષ
(છુટાછેડા લીધેલ છે)
માટે મુંબઈમાં વસતા-જૈન
યુવક સંપર્ક કરે.
મોબાઈલ નં.
૯૮૨૦૪૩૫૪૦૧
ફોન નં. ૦૨૨-૨૮૯૮૫૪૦૯

(Advt.)


## મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને સેનેટોરિયમ બુકિંગ તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.


**લગ્નસંબંધી**

ઝાલાવાડી સ્થાનકવાસી વિશાશ્રીમાળી જૈન
સી.એ. ઉ.વ. અત્યારે ૫૨ વર્ષ
મુંબઈમાં સ્વતંત્ર પ્રેક્ટીશ કરતા યુવાન
માટે યોગ્ય કન્યા સંપર્ક કરે.
મોબાઈલ નં.
૯૮૨૦૪૩૫૪૦૧
ફોન નં.
૦૨૨-૨૮૯૮૫૪૦૯

(Advt.)

# BIO-DATA



**NAME** : **CA SMITH AMITH SANGHVI**
DOB/Time : 5th February, 1992 / 11.32 PM
Place of Birth : Surendranagar
Address : 1A (Lotus) / Flat No. 244, 24th Floor, Kalpataru Gardens, Near East - West Flyover Bridge Kandivali (East) Mumbai - 400 101.
Contact No. : 022-28852372
Height : 5' 6"
Education : Chartered Accountant
B.Com from N.M. College of Commerce & Economics (Vile Parle)
Completed 5 Papers of Actuarial Science (From UK and India)
Occupation : Currently Working with Deloitte Haskins & Sells (Mumbai)
Hobbies : Travelling, Reading, Listening to Music
Caste : Zalawadi Visha Shrimali Sthanakvasi Jain
Native : Dhrangadhra (Dist. Surendranagar)

**Family Details**
Father : Amith J. Sanghvi - Chartered Accountant (JSW Steel Ltd.)
Mobile No. : 8108085781
Mother : Pragna A. Sanghvi - B.Sc. (Micro), MLT
Mobile No. : 9819116867
Brother/Sister : No
Grand Father : Late Jayantilal Ratilal Sanghvi
Grand Mother : Late Shardaben Jayantilal Sanghvi

**Kaka** :
1. Ravindrabhai J. Sanghvi (Mumbai - 9821833243)
2. Rajendrabhai J. Sanghvi (Mumbai - 9766742092)
3. Nayneshbhai J. Sanghvi (Mumbai - 9930038522)
4. Ronakbhai J. Sanghvi (Dhrangadhra-09426952573)
5. Rakeshbhai J. Sanghvi (Mumbai - 9321428736)

Faiba : Ushaben N. Shah (Surendranagar)

**Mosal**
Nana : Late Vinodchandra Mohanlal Shah Surendranagar (Native - Paliyad)
Nani : Indiraben V. Shah
Mama : Bhaveshbhai V. Shah - Surendranagar (09427494609 /09265117899)

(Advt.)

# BIO-DATA



**NAME** : **NAITIK DILIPBHAI SHAH**
DOB/Time : 27th March 1989 / 22:00 PM
Place of Birth : at Syala (Dist. Surendranagar)
Height/Weight : 5.6" / 65 Kgs.
Education : B.Com.
Occupation : Business - M/s. Evonik Enterprise (Trading of Lab. Chemicals & Instruments)
Phone No. : +91 83560 08947
Email : shahnaitik999@gmail.com
Cast : Dasha Shrimali Sthanakwasi Jain

**Immediate Family :**
Father : Dilipbhai Shah
Mob. : +91 9374936793 / +91 9157323323
Mother : Late Rekhaben Shah
Sister : Married : Vidhi Alkesh Shah
Mob : + 91 9004917923. Kandivali (W)

**Paternal Family :**
Grandfather : Late Shri Hiralal Jechandbhai Shah
Grandmother : Late Mrs. Prabhavatiben Hiralal Shah

**Uncle :**
Kiritbhai Hiralal Shah (Kandivali (W)) M.: +91 9004699075
Hasmkhbhai Shah (Kandivali (W)) M.: +91 9920266935
Anilbhai Shah (Kandivali (W)) M.: +91 9820031373
Bipinbhai Shah (Kandivali (W)) M.: +91 9820320599

**Materal Family :**
Hiteshbhai Vasantlal Shah
(Baroda / Current at Malaysia)
Mob.: + 91 9998980023 / Resi.: 0265 2390125

**Resi. :** A/501, Hullas Basti Garden, Datt Mandir Road, Mahavir Nagar, Kandivali (W), Mumbai - 400 067

(Advt.)

# ચતુર્થ પુણ્યતિથિ



## સ્વ. રમીલાબેન અનિલભાઈ શાહ

**જન્મતારીખ : ૧૨–૦૪–૧૯૪૧**

**અરિહંતશરણ : ૦૩–૦૨–૨૦૧૭**

**ગામ – વઢવાણ હાલ : અંધેરી**

*પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ એવા એ દિવ્ય આત્માને શત શત નમન, આપની વાત્સલ્યતા, લાગણીશીલ સ્વભાવ, નિસ્વાર્થ પ્રેમ, સદા હસતો ચહેરો. કુટુંબ પ્રત્યેનો પ્રેમ, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા વિ. સદાય અપને પ્રેરણા આપતા રહેશે. આપના દિવ્ય આત્માને પરમશાંતિ મળે એની અભ્યર્થના.*

| | |
|---|---|
| પતિ | : અનિલભાઈ જયંતીલાલ શાહ |
| સાસુ-સસરા | : સ્વ. શાંતાબેન જયંતીલાલ કલ્યાણજી શાહ |
| માતા-પિતા | : સ્વ. કંચનબેન જયંતીલાલ ત્રિકમલાલ સંઘવી |
| દીકરી-જમાઈ | : રીટા હેમાંગ વોરા |
| | દીપ્તિ વિરલ ગાંધી |
| | તૃપ્તિ હેમલ ભાવસાર |
| પૌત્રી | : વિધિ, ધ્વની, પ્રિયાંશી, મુક્તિ |
| દિયર-દેરાણી | : રેખાબેન મધુસુદન શાહ |
| | કૈલાસબેન નરેન્દ્રભાઈ શાહ |
| ભાઈ-ભાભી | : લતાબેન કિરીટભાઈ સંઘવી |
| | દીનાબેન દિલીપભાઈ સંઘવી |
| નણંદ-નણંદોઈ | : નિર્મળાબેન હસમુખલાલ શાહ |
| | સ્વ. કોકિલાબેન ભાઈલાલ શાહ |
| | સ્વ. નલિનીબેન પ્રવીણચંદ્ર ગોસલિયા |
| બેન-બનેવી | : સ્વ. કળાબેન શાંતિલાલ શાહ |

Advt.

# બારમી પુણ્યતિથિએ ભાવાંજલિ



## સ્વ. મીનાબેન અનંતરાય શાહ (નાવડાવાળા)

ઘાટકોપર

જન્મ તા. ૧૮-૧૧-૧૯૫૯ ❖ અરિહંતશરણ તા. ૧૭-૨-૨૦૦૯

હૃદય માનવા તૈયાર નથી કે તમે અમ સૌથી દૂર છો
કેમ કે હજી તો અમ આંખો સમક્ષ તમે હાજર છો
દૂર ગગનમાં ગુંજતા જાણે શરણાઈના સૂર છો
ને જાતે બળીને બીજાને સુગંધ આપતા કપૂર છો
બહાર ગયા છો, હમણાં આવશો, અંતર એમ ઝંખે છે
આજે ન આવ્યાં તો કાંઈ નહીં, કાલે તો આવવાના જરૂર છો
પ્રભુમય જીવન જીવ્યા ને, પ્રાર્થનાથી ભરપૂર છો
આંખોથી વરસે છે સ્નેહ, ભલે ફોટામાં મજબૂર છો
બીજાને મદદરૂપ થતાં, તમે આજે ઈશ્વરના સાન્નિધ્યમાં હાજર છો
પણ જલદી માર્ગ પકડી ચાલ્યા ગયા નિર્ધારિત મંજિલ તરફ
ને એ પણ વીસરી ગયા કે તમેય કોઈની આંખોના નૂર છો...

**અમને સદાય આશીર્વાદ આપતા, એવા આપના પુણ્યશાળી આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે એ જ પ્રાર્થના.**

**લિ. આપના સ્વજનો**

**સ્વ. પૂ. માતુશ્રી નર્મદાબેન મણિલાલ લલ્લુભાઈ શાહ**
**પરિવાર (નાવડાવાળા)**
**વૃજલાલભાઈ-ચંદ્રિકાબેન**
**અનંતરાય**
**મનોજભાઈ-રીનાબેન, નીરવભાઈ-કૃપાલીબેન**
**પારસભાઈ-સ્વાતિબેન, મિતુલભાઈ-ફોરમબેન તથા**
**નિધિ જય સંઘવી**
**શનિ (હર્ષ) જીનલ, શૈલી, રાહિલ-પાર્શ્વવી-સોર્ય**
**સ્વ. સુભદ્રાબેન કાંતિલાલ શાહ (ધ્રાંગધ્રા)**

ઘરનું સરનામું : એ-૨, નિલકંઠધારા, શ્રી સ્વામિનારાયણ મંદિર સામે, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ -૭૭. ફોન : ૨૫૦૬૨૯૦૮

Advt.

## પ્રથમ પુણ્યતિથિએ
# અશ્રુભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. ભારતીબેન રમેશચંદ્ર શાહ** (માથકિયા)

ઉ.વ.:૬૪

**જન્મ :** **૧૨-૦૯-૧૯૫૬** **અરિહંતશરણ :** **૦૧-૦૨-૨૦૨૦**

મૂળ વતન : ધ્રાગંધ્રા, હાલ-કાંદિવલી, મુંબઈ

**''આપ જીવનભર પ્રેરણામય બની પરિવારને સંપ સહકાર અને સંસ્કારનું સિંચન કર્યું, ચંદનસમુ જીવન જીવી પરિવારને સમૃદ્ધ બનાવી સુખ સૌને આપી ગયા, આપની ઉદારતા પરોપકારી જીવન, લાગણીશીલ સ્વભાવ, કુટુંબ-સમાજ પ્રત્યેનો વાત્સલ્યભાવ અમોને સદા પ્રેરણા બક્ષશે. આપના ગુણોને અમે અનુસરીએ એ જ હોઈ શકે અમારી સાચી હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ.''**

**❖ આપના સદૈવ ઋણી ❖**

**પતિ :** રમેશચંદ્ર જયંતીલાલ શાહ (માથકિયા)

**પુત્ર-પુત્રવધૂ :** નીરવ તથા ધ્વની, **પૌત્રી :** પીહુ

**પુત્રી-જમાઈ :** મેઘના-કૃણાલ, **દોહીત્ર :** મોક્ષ

રમેશચંદ્ર જયંતીલાલ માથકિયા પરિવાર

પિયરપક્ષ : સ્વ. કાંતાબેન રસીકલાલ મનસુખલાલ શાહ (રાણપુરવાળા)

રમેશ શાહ (માથકિયા) - ૯૯૬૭૩૦૯૯૮૨

નીરવ શાહ (માથકિયા) - ૯૩૨૨૨૫૮૬૬૦

સૌજન્ય : **નીરવ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

Advt.

## છઠ્ઠી પુણ્યતિથિએ
# ભાવભરી શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રી નરેન્દ્રભાઈ છનાલાલ શાહ**

**વઢવાણ નિવાસી (હાલ : મલાડ)**

**જન્મ તા. : ૨૭-૧૦-૧૯૫૦ • અરિહંતશરણ : ૧૬-૦૨-૨૦૧૫**

છોડી સ્વજનોનો સાથ, તમો વસ્યા પ્રભુને પાસ,
નથી હયાત પણ છો સાથ, એવો અમને રહે છે ભાસ.
છલકાયું નહીં સુખ અને દેખાડ્યું નહીં દુ:ખને,
હસતું રાખી મુખડું સદા જીવી ગયા જીવનને,
દુ:ખના દરિયા ખેડી તમે, સુખ-સાગર ભર્યા અમને,
શૂન્યમાંથી સર્જન કરી, સર્વત્ર સુવાસ ફેલાવી આપે.
ગુમાવ્યું છે અમે શિરછત્ર, સ્પંદન અને ધબકાર,
કિંતુ રહેશે અમર આપની શ્રદ્ધા, સ્મૃતિ અને સંસ્કાર.

**આપના પવિત્ર આત્માને જન્મોજન્મ નવકાર મંત્રનું સ્મરણ રહે.**

| | |
|---|---|
| ધર્મપત્ની | : ગીતાબેન |
| પુત્રી-જમાઈ | : જીગિશા-કેતનકુમાર |
| વેવાઈ | : પ્રદીપભાઈ રાયચંદભાઈ પારેખ |
| ભાઈ-ભાભી | : રજનીકાંતભાઈ-કોકિલાબેન<br>સુરેશભાઈ-ભારતીબેન |
| બહેન | : સ્વ. પ્રેમિલાબેન, કલાબેન, રીટાબેન |
| ભત્રીજા-ભત્રીજી | : વિરેન-અમી, દેવાંગ-નિરાલી<br>અમી-તેજલ અને સોનલ |
| સસરા | : સ્વ. ડાયાલાલ મનસુખલાલ શાહ |
| સાળા-સાળી | : દિનેશભાઈ, રીટાબેન, પરેશભાઈ |
| દોહિત્ર | : ધૈર્ય |

**ઝાલાવાડી સભા કમિટી મેમ્બર**

Advt.

## દ્વિતીય પૂણ્યતિથિએ
# ભાવભરી શ્રદ્ધાંજલિ



**સ્વ. મનહરલાલ રસિકલાલ શાહ**

ઉ.વ. : ૭૦

જન્મ : ૦૨-૦૧-૧૯૪૯ અરિહંતશરણ : ૧૮-૦૧-૨૦૧૯

મૂળ વતન : રાણપુર, હાલ - ઘાટકોપર, મુંબઈ

**''અમારે મસ્તકે હૂંફાળો હાથ ધરતાં અને**
**વેદનાની વેળાએ પીઠ પર હાથ ફેરવતાં તમે,**
**અમારે માટે બની રહ્યા આશીર્વાદ અને**
**આશ્વાસનનો સંગમ, આપના વાત્સલ્યનું**
**વિશ્વ અને સમતાનું સામ્રાજ્ય એવા તમને**
**શ્રદ્ધાંજલિના સુમન ધરતા કહે**
**અમને સાંભરશે તમ સંભારણા''**

**❖ આપના સદૈવ ઋણી ❖**

**ધર્મપત્ની :** ગં. સ્વ. અનિલાબેન મનહરલાલ શાહ
**ભાઈ-ભાભી :** જયશ્રી - સ્વ. અશ્વિનભાઈ રસિકલાલ શાહ
**પુત્ર-પુત્રવધૂ :** વિરલ-પારૂલ, ધર્મેશ-પૂજા, વિનીત
**પૌત્રી :** ક્રિવા, **પૌત્ર :** પર્વ, દિયાન
**પુત્રી-જમાઈ :** હેમાલી-યોગેશ, ઉર્વી-ચંદ્રેશ
**દોહીત્ર :** જેમીલ
**બેન-બનેવી :** સ્વ. ભારતી તથા રમેશચંદ્ર જયંતીલાલ શાહ (માથકિયા)
**સસરા પક્ષ :** ચંપકલાલ કસ્તુરચંદ શાહ પરિવાર

વિરલ શાહ - ૯૮૧૯૬૭૪૨૩૬
ધર્મેશ શાહ - ૯૮૧૯૮૯૩૮૧૪
વિનીત શાહ - ૯૮૨૧૪૨૭૫૯૧

Advt.

# શ્રદ્ધાંજલિ



**સ્વ. કીર્તિકુમાર ધીરજલાલ શાહ**
**(નાથાભવાનવાળા)**

**જન્મ તારીખ : ૦૯ / ૦૩ / ૧૯૪૯**
**અરિહંતશરણ : ૦૯ / ૧૨ / ૨૦૨૦**
**મૂળ વતન : વઢવાણ – હાલ : કાંદિવલી**

જીવન એવું જીવી ગયા કે મૃત્યુ પણ શરમાઈ ગયું,
દુઃખને દેખાડયું નહિ, સુખને છલકાવ્યું નહિ,
સદા હસતા રહ્યા, સહુના હૃદયમાં વસતા રહ્યા,
પાપણના પલકારે, સ્વર્ગને પામી ગયા.......
હર સમયે તમારી ઉપસ્થિતિનો આભાસ લાગ્યા કરે છે,
હર સમયે તમારી યાદોના પ્રત્યક્ષ પરોક્ષ દર્શન થયા કરે છે.

મૃત્યુ મળવું એ સમયની વાત છે. મૃત્યુ પછી સહુના હૃદયમાં રહેવું એ આપણા સદગુણોની સુવાસ છે. કુટુંબમાં સહુને પ્રિય સરળ, રમુજી સ્વભાવ, સૌમ્યતા, સહુને સહાયક, સાધુ સંતોની વૈયાવચ્ચ માટે સદા તત્પર એવા સદ્દગુણો સ્વરૂપે આપ હાજર જ છો. ધર્માનુરાગી એવો આપનો આત્મા, સમ્યકત્વની સાધના આરાધી વહેલા વહેલા સિદ્ધ પર્યાયને પ્રાપ્ત કરે એ જ પરિવારની પ્રાંજલ પ્રાર્થના....

**❖ શ્રદ્ધાંજલિના સુમન અર્પણ કરતો શોકાતુર પરિવાર ❖**

માતા-પિતા - સ્વ. શારદાબેન ધીરજલાલ શાહ
ધર્મપત્ની - સરોજબેન કીર્તિકુમાર શાહ
પુત્ર - પુત્રવધૂ - પૌત્ર : મેહુલ, ચિંતન -પૂજા - તત્વ
દરિયાપુરી સંપ્રદાયના વર્તમાન આચાર્ય ભગવંત
બા. બ્ર. પ. પૂ. વિરેન્દ્રજી સ્વામીના આજ્ઞાનુવર્તી સંયમી-ભગીની વૃંદ..
બા. બ્ર. પ. પૂ. કરૂણાબાઈ મહાસતીજી
બા. બ્ર. પ. પૂ. રેખાબાઈ મહાસતીજી
બા. બ્ર. પ. પૂ. ધર્મિષ્ઠાબાઈ મહાસતીજી
બા. બ્ર. પ. પૂ. સિદ્ધિબાઈ મહાસતીજી
સંયમી ભાણી બા. બ્ર. પ. પૂ. પતીતિબાઈ મહાસતીજી
સાસુ - સસરા : સ્વ. પ્રભાબેન દલીચંદભાઈ ગોપાણી
**સમસ્ત શાહ અને ગોપાણી પરિવાર....**

Advt.

# ભાવભીની શ્રદ્ધાંજલિ

## શ્રી ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન

## જાળીલા નિવાસી - હાલ : ઘાટકોપર, મુંબઈ







**જન્મ તારીખ**

**તા. ૨૯.૦૪.૧૯૩૯**

**અરિહંતશરણ**

**તા. ૦૨.૦૧.૨૦૨૧**

## સ્વ. અ. સૌ. મંજુલાબેન પ્રતાપરાય ડેલીવાળા

''દરિયા જેવું નિર્મળ હૃદય, સૂર્ય જેવું તેજસ્વી જીવન, ચંદ્ર જેવો શીતળ સ્વભાવ,
મહેનતું જીવન વ્યતીત કરી સ્નેહની સૌરભ મૂકી ગયા....
તમારા આજીવન પરોપકારી કાર્યોને સદા યાદ રાખીશુ.''
''સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારું જીવન, સત્કાર્ય તમારી શોભા હતી,
પરોપકાર તમારુ કર્તવ્ય હતું, એવા કર્તવ્યનિષ્ઠ પુણ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...''

**લી. શોકાતુર પરિવાર**

શ્રી. પ્રતાપરાય જગજીવનદાસ ડેલીવાળા

શ્રી. હસમુખભાઈ જગજીવનદાસ ડેલીવાળા
શ્રી. મુગટભાઈ જગજીવનદાસ ડેલીવાળા
શ્રી. મહેંદ્રભાઈ જગજીવનદાસ ડેલીવાળા
શ્રી. દિલીપભાઈ જગજીવનદાસ ડેલીવાળા

શ્રીમતી. લીલાબેન હસમુખભાઈ ડેલીવાળા
શ્રીમતી. રંજનબેન મુગટભાઈ ડેલીવાળા
શ્રીમતી. નયનાબેન મહેંદ્રભાઈ ડેલીવાળા
શ્રીમતી. કલ્પનાબેન દિલીપભાઈ ડેલીવાળા

શ્રીમતી સરાજબેન વાડીલાલ શાહ, અનસુયાબેન જયસુખલાલ દોશી
સ્વ. મોહનલાલ રતનશી ટોળીયા, સ્વ. હરિભાઈ મોહનલાલ ટોળીયા, સ્વ.હિંમતભાઈ મોહનલાલ ટોળીયા,
સ્વ. ચંદુભાઈ મોહનલાલ ટોળીયા, ન્યાલચંદભાઈ મોહનલાલ ટોળીયા, સ્વ. ચંપકભાઈ મોહનલાલ ટોળીયા,
સ્વ. વાડીલાલભાઈ મોહનલાલ ટોળીયા તથા સ્વ. ગજરાબેન મુગટલાલ શાહ.

**નેત્રદાન કરેલ છે.**

Advt.

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ







**જન્મ તારીખ**

**તા. ૦૬.૦૪.૧૯૪૭**

**અરિહંતશરણ**

**તા. ૧૩.૦૨.૨૦૨૦**

## સ્વ. રમેશચંદ્ર ગીરધરલાલ તુરખીયા

**મૂળ વતન : ધાંધલપુર • હાલ : વિલેપાર્લા (ઈસ્ટ) મુંબઈ**

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ
એવા દિવ્ય આત્માને શત્ શત્ નમન...
આપનું સાદગીભર્યું જીવન, માયાળુ-લાગણીશીલ સ્વભાવ
નિઃસ્વાર્થ પ્રેમ, સદા હસતો ચહેરો, કુટુંબ પ્રત્યેનો પ્રેમ
ધર્મ પ્રત્યેની શ્રદ્ધા સદાય અમને પ્રેરણા આપતા રહેશે
આપના દિવ્ય આત્માને પરમ શાંતિ મળે, હંમેશાં જૈન ધર્મનું શરણ મળે
અને વહેલામાં વહેલી મુક્તિપદ મળે એવી અમારી પરમાત્માને પ્રાર્થના.

**શ્રદ્ધાંજલિ અર્પણ કરતા આપના સ્વજનો**



| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | ઉર્મિલા |
| પુત્ર - પુત્રવધૂ | : | ચિરાગ-કિંજલ |
| પુત્રી-જમાઈ | : | મિતા (બેલા) વિક્રમભાઈ કામદાર |
| | | પૂર્વી ચેતનભાઈ મિસ્ત્રી |
| પૌત્ર | : | સમ્યક |
| દોહિત્ર-દોહિત્રી | : | રિધ્ધિ, આયુષ, વત્સલ, પાર્થ |



**સ્વ. ગીરધરલાલ વાડીલાલ તુરખીયા પરિવાર**

**સ્વ. હરિભાઈ ઉજમશી પરિવાર (સાયન)**

# ૧૫મી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



જન્મ તારીખ
તા. ૧૩-૨-૧૯૩૦

અરિહંતશરણ
તા. ૧૦-૨-૨૦૦૭

## તપસ્વીરત્ન મહાસુખલાલ નાગરદાસ શાહ

**વઢવાણ નિવાસી હાલ - યોગીનગર**

આપના જીવનના આરંભથી અંત સુધી હંમેશાં જીવન પ્રત્યે હકારાત્મક અભિગમ દાખવી કાર્યરત રહી
જૈન ધર્મને સમર્પિત કર્મયોગી જીવન જીવી માનવતાની મહેક ફેલાવી છે.
આપનો આ સ્વભાવ હર હંમેશ અમારા સૌની સ્મૃતિમાં રહેશે.
આપને અમારા સૌની ભાવભરી શ્રદ્ધાંજલિ.

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | જશવંતીબેન મહાસુખલાલ શાહ |
| પુત્રો - પુત્રવધૂ | : | દિપક, મયુર, અ.સૌ.દક્ષા, અ.સૌ. ચૈતાલી |
| પુત્રી-જમાઈ | : | નેહલ સંજયકુમાર શાહ |
| પૌત્ર-પૌત્રી | : | દેવાંગ, હિત, આશી |
| પૌત્ર-વધૂ | : | નિરવ, રિધ્ધિ |
| દોહિત્ર | : | હેત, કુશ |
| પ્રપૌત્ર | : | ધીઆન |
| સંસાર પક્ષે બહેન | : | બા.બ્ર.પ.પૂ. શોભનાબાઈ મહાસતીજી |
| સંસાર પક્ષે ભત્રીજી | : | બા.બ્ર.પ.પૂ. આરતીબાઈ મહાસતીજી |

સ્વ. નાગરદાસ સુખલાલ શાહ પરિવાર
સ્વ. ત્રિભોવનદાસ રાયચંદભાઈ બારભાયા
શ્રી મલ્લિપાર્શ્વ પૂનમ ભક્તિ મંડળના
જય જિનેન્દ્ર

Advt.

ડી.૧૪-૧૦૪, યોગીનગર, બોરીવલી (વેસ્ટ), મુંબઇ - ૪૦૦૦૯૧. ટે.ન. ૯૮૨૧૧૩૮૬૭૧

## ૧૯ મી પુણ્યતિથિએ

# ભાવભીની શ્રદ્ધાંજલી



## સ્વ. શ્રી ચીમનલાલ પ્રેમચંદ ગોપાણી

**મૂળ વતન પાળીયાદ, હાલ માટુંગા. અરિહંત શરણ તા. ૨૫/૧/૨૦૦૨**

### નિત્ય અમારા મનમાં...નિરંતર અમારા હૃદયમાં...

"આજે અમારા સૌના હૈયે અને હોઠે એક જ પ્રાર્થના
જીવો અમારા હૃદયમાં, જીવો અમારા ચેતનમાં, તમે જીવો સદૈવ-સર્વદા"

**પુત્ર–પુત્રવધુ :**

સ્વ. મહાસુખભાઇ - પ્રવિણાબેન , ગુણવંતભાઇ - ભારતીબેન
નગીનભાઇ - માયાબેન , પરેશભાઇ - રીનાબેન

**પુત્રી :**

બોટાદ સંપ્રદાયના ગુણવંતીબાઇ મ.સ. -ચંદનબેન કમલેશકુમાર સંઘવી,
અરૂણાબેન સુબોધકુમાર સંઘવી - વર્ષાબેન બિપીનકુમાર સંઘવી,
રીટાબેન શૈલેષકુમાર શેઠ

**પૌત્ર–પૌત્રવધુ :**

અલ્કેશભાઇ - મુર્તિબેન, વિપુલભાઇ - જાસ્મીનબેન
જીગનેશભાઇ - અંજલીબેન, પાર્થ - ઋૃત્તિકા, વિરાજ, શ્રેય-કેશવી,
શ્રૃતી-ઋષી, મીત, યુવ, યશવી, દેવાંશ **પૌત્રી :** દિતલ મેહુલકુમાર કોઠારી

## સ્વ. કાન્તાબેન ચીમનલાલ ગોપાણી તથા પરિવાર

**ફર્મ :**

• અમિટી ઈંટરલીંક સ્ટીલ્સ પ્રા. લિ. • ગોપાણી આયર્ન પાવર ઈન્ડીયા પ્રા. લિ.
• ગોપાણી મેટલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. • વી.એન.એસ. ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. • નવભારત એન્જીનિયરીંગ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.

Advt

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાજંલિ



જન્મ તારીખ
તા. ૨૬-૦૭-૧૯૪૮

**સ્વ. ગૌતમભાઈ વસંતલાલ શાહ (માથકીયા)**
(ધ્રાંગધ્રાં નિવાસી, હાલ ઘાટકોપર, મુંબઈ)

અરિહંત શરણ
તા. ૨૦-૦૨-૨૦૨૦

પરમ પુણ્યોદય સમાન હતી આપની છત્રછાયા,
શૂન્યાવકાશ સર્જીને અહિંયા, અનંતની યાત્રાએ આપ તો ચાલ્યા.
વિસરાતો નથી આપનો હેતાળ હસતો ચહેરો,
સદેહે આપ ભલે નથી સાથે પરંતુ,
સ્પર્શે છે સદા આપની સરળતાની સુવાસ અને,
પ્રેરિત કરેછે આપની ઉદારતાનો ઉજાસ.

| | |
|---|---|
| માતાશ્રી-પિતાશ્રી | : સ્વ. સવિતાબેન વસંતલાલ શાહ |
| પત્ની | : ઈન્દિરાબેન ગૌતમભાઈ શાહ |
| પુત્ર-પુત્રવધુ | : દિવ્યેશ અલ્પા |
| દીકરી જમાઈ | : સેજલ શ્રીપાલભાઈ |
| પૌત્ર | : જય પરમ |
| દોહિત્ર | : યશ |
| ભાઈ ભાભી | : વિક્રમભાઈ સ્વ. ચંદ્રિકાબેન<br>યોગેશભાઈ ઈલાબેન |
| બેન બનેવી | : રંજનબેન નવીનભાઈ<br>માલતીબેન વિજયભાઈ |

Advt

# અશ્રુભરી શ્રદ્ધાંજલી



જન્મ
તા.૩૦-૦૭-૧૯૭૨

અરિહંત શરણ
તા.૧૧-૦૧-૨૦૨૧

મુળ વતન ચોટીલા, હાલ મુલુંડ

## સ્વ. ચિરાગ નરેન્દ્રભાઈ શાહ

ચંદનની સુવાસ ની જેમ મહેકી ગયા,
કોઈ પણ સૂચના વગર અમને છોડી ગયા,
તમારી યાદો અમારી પાસે મૂકી ગયા,
તમારું જીવન પ્રેરણા હતુ, તમારા આદર્શો માર્ગદર્શન હતા, અને
તમારા સરળ જીવન, ઉચ્ચ વિચારો, દયાળુ સ્વભાવ ક્યારેય ભુલાશે નહી,
ભગવાન દિવ્ય આત્માને ચીર શાંતી આપે...

## આપના વ્હાલા પરિવારજનો

માતા : અક્ષાબેન નરેન્દ્રભાઈ શાહ
પિતા : નરેન્દ્રભાઈ મોહનલાલ શાહ
ધર્મપત્ની : સેજલ ચિરાગ શાહ
સાસુ - હિનાબેન રમેશભાઈ કમાણી
સસરા : સ્વ. રમેશભાઈ તુલસીદાસ કમાણી
પુત્ર : જેમીન અને રાહુલ
ભાઈ-ભાભી : અ.સૌ. દેવાંગીની કિંજલ શાહ
બહેન-બનેવી : અ.સૌ. તોરલ ચિરાગ સંઘવી
સાળા : હિમાંશુ અને ભાવીક
સાળાવહુ - બિંદી અને ત્રિશલા
ભત્રીજા-ભત્રીજી : ત્વીશા, ખુશી, પાર્શ્વ, રીહાન, ઋત્વી
ભાણેજ-ભાણી : ઓમ, દિયા

**Company Name : M/s. Wellknown Steel Profiles - Bhandup**

Advt

# ।। કૃતજ્ઞતાસભર સ્મરણાંજલી ।।



**સ્વ. હિંમતલાલ છોટાલાલ શાહ**
જન્મ : ૨૭-૮-૧૯૨૪
દેહપરિવર્તન : ૩૧-૧૦-૧૯૯૮



**સ્વ. ધીરેન હિંમતલાલ શાહ**
જન્મ : ૧૯-૧૦-૧૯૬૧
દેહપરિવર્તન : ૦૭-૦૧-૨૦૦૭



**સ્વ. લીલાબેન હિંમતલાલ શાહ**
જન્મ : ૨૭-૯-૧૯૨૭
દેહપરિવર્તન : ૦૪-૦૨-૨૦૨૦
(પ્રથમ વાર્ષિક પુણ્યતિથી)

(વઢવાણ નિવાસી, (નાથાભવાન) હાલ ઘાટકોપર - મુંબઈ)

''જેના વિના એક પળ પણ હું નહીં જીવી શકું, એવા કેટલાક પદાર્થો (સ્ત્રી આદિક) તે અનંતવાર છોડતાં તેનો વિયોગ થયાં અનંતકાળ પણ થઈ ગયો; તથાપિ તેના વિના જીવાયું એ કંઈ થોડું આશ્ચર્યકારક નથી...'' - શ્રીમદ્ રાજચંદ્ર

જ્ઞાનીનાં વચનો અત્યંત સાચાં છે...! આપ ત્રણે સ્વજનોને અત્યંત વેદનાપૂર્વક વળાવ્યાં...! છતાં, આપના ગુણો તથા અમારા પરના અગણિત ઉપકારો નિત્ય સ્મરણમાં રહે છે..... આપના સત્ દેવ-ગુરૂ-ધર્મ પ્રત્યેનાં પ્રેમ-શ્રદ્ધા-ભક્તિ, જીવમાત્ર પ્રત્યેની આત્મીયતા, અનુકંપા અને વાત્સલ્ય ભાવ, ગાંધીજીનાં સત્ય, અહિંસા, પ્રાર્થના અને ખાદીના તાંતણે વણાયેલો સમાજ-રાષ્ટ્રપ્રેમ, તમારી સાદગી, સુસંસ્કારીતા, ઉદારતા, પરોપકારાદિ ગુણોનું સ્મરણ અમને પણ ઉત્તમ જીવન જીવવાની પ્રેરણા આપે છે.....

## આપને શત શત નમન !!

**આપ શીઘ્રતાથી જન્મ-મરણનાં ચક્રમાંથી મુક્ત થઈ શાશ્વત સુખસ્વરૂપ મોક્ષને પામો એવી અભ્યર્થના સહ.....**

કૃતજ્ઞતાપૂર્વક અમે આપના....

**ચેતન હિંમતલાલ શાહ**

**સુધા અશ્વિન દોશી**
**સુચિત તથા અમી દોશી**
**રૂચિ તથા મેહુલ ખંધાર**
**સ્તુતિ સુચિત દોશી**

**મીના ધીરેન શાહ**
**આત્મન્ ધીરેન શાહ**
**કિંજલ આત્મન્ શાહ**

**જયશ્રી પિયુષ શાહ**
**કિર્તન તથા રિદ્ધિ શાહ**
**પૂજા તથા અમીષ સંઘવી**

**તથા સમસ્ત શ્રી છોટાલાલ મોહનલાલ શાહ પરિવાર**

Advt

# શ્રધ્ધાસુમન



## શ્રી રમણિકલાલ એસ. ગોસલિયા

૦૧-૦૪-૧૯૨૬ થી ૨૮-૧૨-૨૦૨૦

માણસના કાર્યો જ્યારે બીજા માટે પથદર્શક બને, પ્રેરણાદાયી બને
અને તેમના જીવનને ઉજાળે ત્યારે જીવન અને મૃત્યુ સાર્થક બને છે.
રમણિકભાઈનું જીવન આવી જ રીતે સાર્થક બન્યું છે.

સ્થાપકપિતાઃ મેસર્સ રમણિકલાલ એસ. ગોસલિયા એન્ડ કંપની
સ્વાતંત્ર્ય સૈનિક
ભૂતપુર્વ પ્રમુખઃ જૈન સોશ્યલ ગ્રુપ વડગાદી
ટ્રસ્ટીઃ વોક ટુગેધર ફાઉન્ડેશન (હેંગીગ ગાર્ડન)
ભૂતપુર્વ પ્રમુખઃ કૅમિકલ્સ એન્ડ આલ્કલી મર્ચંટ્સ એસોસિયેશન (CAMA)

સદ્‌ગત આત્માને અમારા વંદન

**સ્વ. શ્રીમતિ માયાબેન ર. ગોસલિયા**

માલા - હિરેન ગોસલિયા
ડિમ્પલ - યોજીત ગોસલિયા
સ્મિતા - શૈલેષ મહેતા

સોનમ - નિહાર ગોસલિયા
શિમુલ - એશા ગોસલિયા

નિધિ - રોહન કિલાચંદ
સુનાક્ષી - જુબેન સાવલા
સમીક્ષા - સમર્થ શાહ

નિમાઈ, વેદ,
નાયશા અને નીવ.
બુસ

**RAMNIKLAL S. GOSALIA & CO.**
Chemical & Polymers Distribution Since 73 Years

Advt

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2021-23. WPP Licence No. MR/Tech/WPP - 341/South/2021-23 Published on 5th of every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.

# ભાવભીની સ્મરણાંજલી



## શ્રી કાંતિલાલ ઉજમશી શાહ (પુજ્ય કાકા)

(૦૧.૦૯.૧૯૨૪ - ૦૫.૦૨.૨૦૨૦)

Founder: **H. Kantilal & Co.**-Sakinaka

પ્રભુનું સ્મરણ કરીએ ત્યારે તમે નજર સમક્ષ આવો...
આંખોમાં ભીનાશ અને ચહેરા પર હરહંમેશ રમતું સ્મિત આજે પણ સ્મરણમાં આવે છે.
પુજ્ય બા.... લીલાવંતીબેન સાથેનુ સાત દાયકા સુધીનું લગ્ન જીવન પ્રસન્ન દામપત્ય જીવન
ઉત્કૃષ્ટ અને અનુસરણીય દ્દષ્ટાંત બન્યું છે. ગળથુથીમાંથી અમને બા અને
તમારા તરફથી મળેલ સંસ્કારો આજે ચાર ચાર પેઢી સુધીપણ અકબંધ રહ્યા છે.
ધંધાકીય સફળતા માટે તમારી કુનેહ અને ધર્મ પ્રત્યેની તમારી આસ્થા અને
કોઠાસુઝથી તમારો જીવનપથ હંમેશ દૈદિપ્યમાન રહ્યો.
એક વર્ષની વિદાય પછી પણ અમે સૌ તમારા આશિર્વાદના ધોધમાં તરબતર છીએ...
આપનો આત્મા વીતરાગી દેવ-ગુરુ-ધર્મનું શરણું મેળવી
શાશ્વત સુખ મેળવે તેવી અમારી ભાવના છે.

**પ્રેમાળ સ્મૃતિમાં :**
**ધર્મપત્ની : લીલાવંતીબેન**
**પુત્ર-પુત્રવધુ : અતુલ – ગીતા, પંકજ – દિવ્યા • પુત્રી-જમાઈ : શૈલા – દિલીપ, સ્વ. નૈના – ચંદ્રવદન**
**પૌત્ર-પૌત્રી : ચિંતન – નીરાલી, અંકિતા – ધવલ, વિરાજ – નીપા,**
**અર્પિતા – પ્રતિક, નેન્સી – હિતેશ, પલક – પ્રાચી, પારસ – મોનલ, જીલ – પ્રિયાંક**
**નાયસા**

**શ્રી ઉજમશી કચરાભાઈ શાહ (ચુડાવાળા) પરિવારના જય જીનેન્દ્ર**

Advt

Printed & Published by Pravinchandra G. Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 47, Dr. M. B. Velkar Street, 1st Floor,Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Mobile : 98675 40524. Editor : Sandhya B. Shah